# બાઈબલ અભ્યાસ

ભાગ ૧૨



## બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ

રેવ. જશાનંદ આઈ. ચૌહાણ

10BGB2

# બાઈબલ અભ્યાસ

(બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ)

## ભાગ-૧૨

## બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ

લેખકઃ

**રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન**

એમ. એ. (જર્નાલિઝમ)

કનાન, મિશન રોડ, નડિયાદ-૩૮૭૦૦૨

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

❈ પ્રકાશક :

**ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવા સદન

એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

❈ લેખક :

**રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાણ**

એમ. એ. (જર્નાલિઝમ) યુ. એસ. એ.

❈ **પ્રથમ આવૃત્તિ :** નવેમ્બર ૨૦૦૧

❈ **પ્રત :** ૧૦૦૦

❈ **કિંમત :** રૂપિયા ૨૦

❈ મુદ્રક :

**સુરમીલ એસ. ક્રિશ્ચિયન**

૨૫, સોનલકુંજ સોસાયટી, ન્યુ. મ્યુ. માર્કેટ પાસે,

મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮.

ફોન : ૨૭૭૩૫૨૫

GUJARAT CHRISTIAN FELLOWSHIP ... CHELTEN...

# ❈ આભાર દર્શન ❈

ધ બેથેલશીપ નોર્વેજિયન યુનાઈટેડ મેથોડિસ્ટ ચર્ચ, બ્રુકલીન, ન્યુયોર્ક યુ.એસ.એ. દ્વારા સ્વ. રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન સાહેબના માનર્થે જાન્યુઆરી ૧૪, ૨૦૦૧ના રોજ યોજવામાં આવેલી મીટીંગ વખતે મળેલા દાનનાં નાણાં તેઓશ્રીના પુસ્તક પ્રકાશન માટે ગુજરાત ટ્રાક્ટ અને બુક સોસાયટીને ભેટ આપવામાં આવ્યાં છે. (૪૧૦ ડોલર = રૂા. ૧૮,૮૧૯ આશરે)

સર્વ સ્નેહી મિત્રોના પ્રેમ અને ઉદાર દાનો માટે ખૂબખૂબ આભાર માનીએ છીએ.

# ❁ બે શબ્દો કહી લઉં ❁

## (બાઈબલ અભ્યાસ ભાગ ૧૧ માંથી)

આ ''બાઈબલ અભ્યાસ'' ભાગ-૧૧ આપ સહુની સેવામાં ધરતાં આનંદ અનુભવું છું. લોકોએ પ્રશ્નો પૂછ્યા, મેં પ્રાર્થનાસહિત તેના ઉત્તરો આપ્યા. ''ખ્રિસ્તીબંધુ'' દ્વારા એ પ્રશ્નોતરાવલી ક્રમશઃ ૧૯૭૫ થી ચાલતી આવી. કદાચ ૧૯૪૬ થી કહું, તોય સાચું. એના દસ ભાગ અગાઉ બહાર પાડી શકાયા. હવે આ અગિયારમો.

ખાનગી પત્રવ્યવહાર દ્વારા તો આ અગિયાર ભાગો કરતાંય કેટલાયે ગણા જવાબો લખ્યા છે. જાણકારીનો દાવો કરવાની ધૃષ્ટતા નથી. આ તો હું લાભ્યો તેમાં બીજાંને ભાગીદાર બનાવું એ જ ભાવના છે. ત્યારે ૧૯૪૨ની સાલ હતી. બાઈબલના ખુલાસા ઈત્યાદિ સંબંધીના ઘણા બધા પ્રશ્નો મનમાં હતા. મેં ઘણા મિત્રોને પૂછ્યું, લખ્યું. ખાસ કોઈએ રસ દર્શાવ્યો નહિ. પણ પછી પરમપિતા પરમેશ્વરે ક્રમશઃ પ્રકાશ આપવા માંડ્યો.

એવાં કંઈક વર્ષોનો અંગત બાઈબલ - અભ્યાસ, અને એ માટે કંઈક રાત્રિઓનાં જાગરણ, મથામણ, ઘૂંટણો પર પ્રાર્થના ! એ બધાંનો લાભ બીજાને પણ મળે તો કેવું સારું ! એટલે મારી જેમ બીજાના પ્રશ્નો - મૂંઝવણોમાં સહાયરૂપ બનવા આ પ્રશ્નોતરી શરૂ થઈ.

અને બાઈબલ - પ્રેમીઓએ તો હર્ષઘેલાં બનીને આ પ્રયાસને વધાવી લીધો. પત્રો લખ્યા, જાતે મળ્યાં, આનંદ અને આભાર વ્યકત કર્યા.

ખરું કહું ? મારા પર મૂકેલા આ ભાવના અને ભરોસા માટે

મેં છૂપો ક્ષોભ અનુભવ્યો. આનંદ તો થયો જ. તમ સહુનો કેટલો બધો આભાર માનું ?

આ કટારોને ''ખ્રિસ્તીબંધુ''ના ભૂતપૂર્વ તંત્રીશ્રી શ્રીમતી જયવંતી બહેન જે. ચૌહાને, સને ૧૯૮૭થી શ્રી. આલ્બર્ટ ભાભારે ઉદારભાવે તથા ધીરજથી માસિકમાં સ્થાન આપી ઉત્તેજન આપ્યું, માટે તેમનો પણ આભાર.

છેલ્લે, પ્રભુ પવિત્ર આત્માએ સહાય અને સમજબુદ્ધિ આપી, એ માટે, અને તેમનાં અદ્ભુત વચન (બાઇબલ) માટે ત્રૈક ઈશ્વરનો, આભાર માનું છું.

રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન
૮-૧૧-૯૮

## ❃ આભારી ભાવે મારા બે શબ્દો... ❃

ઈશ્વરપિતાનો ખૂબખૂબ આભાર માનતાં, આ બાઈબલ અભ્યાસ ભાગ ૧૨, આપ સહુની સેવામાં ધરતાં સંતોષ અને આનંદની લાગણી અનુભવું છું. અનેક ભાઈબહેનોએ પ્રશ્નો પૂછ્યા અને મારા પતિશ્રી રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાને પ્રાર્થનાસહિત તેના ઉત્તરો આપ્યા. ''ખ્રિસ્તીબંધુ'' દ્વારા આ પ્રશ્નોતરાવલી ક્રમશઃ ૧૯૭૫ થી ચાલતી આવી છે. અંગત રીતે પત્રો પાઠવીને પણ પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા છે.

સને ૧૯૯૭ના જુલાઈની ૧૭મી તારીખે મારા પતિશ્રી પર લકવાનો પ્રથમ હુમલો થયો. મેથોડિસ્ટ મિશન હૉસ્પિટલમાં મળેલી પ્રાર્થનાસહિતની પ્રેમભરી સારવાર, ગુજરાતભરનાં, ગુજરાતની બહારનાં અને પરદેશમાં વસતાં બધાંજ વહાલાં ખ્રિસ્તી ભાઈ-બહેનોની આગ્રહભરી પ્રાર્થનાઓ અને કુટુંબનાં વહાલાંઓની સારવારને ઈશ્વરપિતાએ ખૂબ જ આશીર્વાદિત કરી અને મારા પતિશ્રીને નવું જીવન આપી ચાલતા કર્યા. શરીરનું જમણું અંગ બરાબર કાર્યરત ન હતું પણ ઈશ્વરપિતાએ ગજબ કૃપા કરી સ્પષ્ટ વિચારીને સ્પષ્ટ બોલવાનું કૃપાદાન આપ્યું. પોતે લખી શકતા ન હતા, પણ લખાવી શકતા હોવાથી સ્નેહીમિત્રોએ લખી આપવાનો પ્રેમભર્યો સહકાર આપ્યો. આમ, ઈશ્વરપિતાની કૃપાએ સાહિત્ય દ્વારા તેમની સેવા ચાલુ રહી અને એમ જ અનેક ભાઈબહેનોના પ્રશ્નોના જવાબોની હારમાળા ખ્રિસ્તીબંધુમાં ચાલુ રહી.

ડિસેમ્બર ૧૫, ૨૦૦૦ના રોજ ઈશ્વરપિતાએ પોતાની પ્રેમાળ યોજનામાં મારા પતિશ્રીને સ્વર્ગીયધામમાં તેડાવી લીધા છે.

બાઇબલ અભ્યાસ ભાગ-૧૧ પ્રસિધ્ધ થયા પછી ''ખ્રિસ્તીબંધુ''માં છપાયેલા બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના તેમણે આપેલા જવાબોનું સંકલન કરવામાં આવ્યું. એમ, આ ૧૨મો ભાગ તૈયાર કર્યો. તેને પ્રસિધ્ધ કરવા માટે ગુજરાત ટ્રાક્ટ અને બુક સોસાયટીએ આપેલા પ્રેમભર્યા સહકાર માટે અને દાતાઓનાં ઉદાર દાનો માટે હાર્દિક આભાર વ્યકત કરું છું.

આમ, બાઇબલ અભ્યાસ, બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબોના ૧૨ ભાગોનો સેટ ઈશ્વરપિતાની કૃપાએ પ્રસિદ્ધ થઈ શક્યો છે, તેથી ખૂબ જ આભારી છું.

ઘણાં ભાઈબહેનોએ પૂછેલા પ્રશ્નોના જવાબ મારા પતિશ્રીની માંદગીને લીધે આપી શકાયા નથી, તેથી ક્ષમા કરશોજી. આપ સર્વના પ્રેમ, પ્રાર્થનાઓ, પ્રોત્સાહન અને પ્રેમભર્યા સહકારની ખૂબખૂબ ઋણી. -

જયવંતીબહેન જે. ચૌહાન

તા. ૧૬-૬-૨૦૦૧

સ્વ. રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાનની

# અંતિમ વિદાય વેળાએ....

✲

જયવંત જીવન જીવી ગયા ગુજરાતમધ્યે
યાદ રહેશો અમ હૃદયપટ પર એ પ્રેમ સ્વરૂપે
નંદન-વન સમું બનાવ્યું, સાહિત્ય સેવા કરી
દર્શન દેશો હવે તમે પુનરુત્થાનની પ્રભાતે.

**શ્રી. પ્રદીપભાઈ વી. ખંભાતા, સુરત**

✲

''આવજો'' કરતો હાથ તમારો
વાદળમાં ઢંકાયો,
સ્તુતિ કરતો સાદ તમારો,
અમ અંતરમાં અંકાયો,
તાજ અનેરા શિર પર તમારા
કેવો મહિમા છાયો,
સહસ્ત્ર દૂતો આવકારે સ્વર્ગે
આનંદ, આનંદ, છાયો.

**- શ્રી. અનિલભાઈ પેરી, બ્રુકલિન - યુ. એસ. એ.**

# પ્રસ્તાવના

બાઇબલ એક સંપૂર્ણ પુસ્તક છે. કારણ કે તેના લેખક આપણા પ્રભુ પોતે સંપૂર્ણ છે. બાઇબલ આપણી ભાષામાં પ્રાપ્ય છે: તે આનંદની અને ગૌરવની બાબત છે. બાઇબલને સમજી શકીએ માટે બીજા તે અંગેના પુસ્તકો પણ પ્રાપ્ય છે.

વ્યક્તિ ગમે તેટલો મહાન હોય કે જ્ઞાની હોય પરંતુ તે પોતાની રીતે બાઇબલને કદી સમજી શકતો નથી. આ માટે તેને તેના લેખક પવિત્ર આત્માની મદદની હંમેશા જરૂર રહે છે. જે પવિત્ર આત્મા તેના વાંચકોને સમજાવી શકે છે. આ ઉપરાંત પ્રભુએ એવા સેવકો/સેવિકાઓ આપ્યા છે. જેઓની મહેનતથી બાઇબલને સમજવામાં મદદ મળે છે.

રેવ.ડો.જે. આઈ. ચૌહાન સાહેબે જુદા જુદા પ્રશ્નોના જવાબ આપતા અગિયાર ભાગ લોકો સમક્ષ મૂક્યા છે. જે ઘણા આવકાર્ય બન્યા છે. આ પ્રસંગે ભાગ-૧૨ તમારી સમક્ષ મૂકતા આનંદ અનુભવીએ છીએ તથા ઈશ્વરનો આભાર માનીએ છીએ. પ્રભુએ રેવ. ડો. જયાનંદ ચૌહાન સાહેબનો સાહિત્યની આ મહાન સેવામાં ભરપૂર રીતે ઉપયોગ કર્યો હતો. બાઇબલને આધાર તરીકે રાખીને તેમણે કંઈ કેટલા વિષયોને ન્યાય આપ્યો છે.

રેવ. ડો. જયાનંદ ચૌહાન સાહેબ બાઇબલના ઊંડા અભ્યાસી હતા. બાઇબલની કોઈપણ વાતને કે પ્રશ્નને તેના મૂળ સુધી જઈને સમજવાનો કે ઉકેલવાનો પ્રયાસ કરતા હતા. બાઇબલ અભ્યાસ અને તેના કુલ અગિયાર ભાગ તેની સાબિતી છે. તેની જ એક કડી તરીકે ભાગ-૧૨ને જોડતા આનંદ થાય છે. તેમણે પોતાના

જીવનના લગભગ અંત ભાગ સુધી ખ્રિસ્તી સમાજની સાહિત્ય દ્વારા મહાન સેવા કરી છે.

બાઈબલ અભ્યાસ ભાગ-૧૨ સમાજની આગળ મૂકતા ગુજરાત ટ્રાકટ અને બુક સોસાયટી આનંદ અનુભવે છે તથા ત્રિએક ઈશ્વરનો આભાર માને છે. રેવ.ડો. જયાનંદ ચૌહાન સાહેબનું આ છેલ્લુ પુસ્તક છે. તેથી પણ તેનું મહત્ત્વ સવિશેષ છે.

મારી આશા તથા ખાત્રી છે કે તમને આ પુસ્તકમાંથી એવું કંઈક મળશે જે તમારે માટે ઉપયોગી તથા આશીર્વાદરુપ બની રહેશે.

રેવ. ડો. જયાનંદ ચૌહાન સાહેબની ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીમાં રહીને અને તેના દ્વારા કરેલી સેવાઓની કદર કરતા ઈશ્વરનો આભાર માનું છું.

ધી બેથેલશીપ નોર્વેજીયન યુનાઈટેડ મેથોડિસ્ટ ચર્ચ, બ્રુકલીન, ન્યુયોર્ક એમેરિકામાં તારીખ : ૧૪-૧-૨૦૦૧ ના રોજ સ્વ. રેવ. ડો. જંયાનંદ ચૌહાનના માનાર્થે યોજવામાં આવેલી સભાનું દાન રૂા. ૧૮,૮૧૯/- થયું હતું. આ દાનનો ઉપયોગ આ પુસ્તકના પ્રકાશનમાં કરવામાં આવ્યો છે. ઉપરોક્ત ચર્ચના તમામ સભ્યોનો તેમની ઉદારતા માટે આભાર માનું છું.

ઓક્ટોબર - ૨૦૦૧

રેવ. હેમંતકુમાર જે. પરમાર
સેક્રેટરી

# ❁ અનુક્રમણિકા ❁


| | | |
|---|---|---|
| | આભાર દર્શન | III |
| | બે શબ્દો કહી લઉં | IV |
| | આભારી ભાવે મારા બે શબ્દો | VI |
| | સ્વ. રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાનની અંતિમ વિદાય વેળાએ | VII |
| ૧. | જગતના અંતે થનારાં વિશ્વ યુદ્ધો | ૧ |
| ૨. | યહૂદીઓનો ગોઝારો દિવસ | ૧૪ |
| ૩. | યુરોપિયન આર્થિક કોમ્યુનિટિનાં દસ રાજ્યો | ૧૭ |
| ૪. | પવિત્ર આત્મામાં ઈશ્વરપણાનાં ગુણલક્ષણ | ૨૦ |
| ૫. | ગેથસેમાને બાગમાં પ્રભુ ઈસુની પ્રાર્થના સંભળાઈ ? | ૨૩ |
| ૬. | વધસ્તંભ પર પ્રભુ ઈસુની ત્રીજી વાણી | ૨૫ |
| ૭. | પ્રભુ ઈસુના પુનરાગમનને લગતા કેટલાક પ્રશ્નો | ૨૭ |
| ૮. | પહેલી સદીમાં બાઈબલ સિવાય ઈસુના નામનો ઉલ્લેખ | ૩૦ |
| ૯. | વધસ્તંભ પર પ્રભુ ઈસુનું મરણ | ૩૫ |
| ૧૦. | સ્વનકાર | ૩૬ |
| ૧૧. | ન્યાયને લગતા પ્રશ્નો | ૩૮ |
| ૧૨. | ખ્રિસ્તી ધર્મની સ્થાપના | ૪૧ |
| ૧૩. | યહોવા નામ સાથે જોડાયેલાં નામોના ખુલાસા | ૪૨ |
| ૧૪. | બેથલેહેમનો તારો | ૪૫ |
| ૧૫. | દુનિયાને કોણ ધરી રાખે છે ? | ૪૯ |
| ૧૬. | ઈસુની પાછળ જવું | ૫૦ |
| ૧૭. | પ્રભુ ઈસુના ચમત્કારોને લગતા પ્રશ્નો | ૫૧ |
| ૧૮. | તારણ | ૫૩ |
| ૧૯. | આદમનું મરણ | ૫૫ |

૨૦. ઉત્પત્તિને લગતા પ્રશ્નો ૫૬
૨૧. બાઈબલ ૫૮
૨૨. પ્રભુ ઈસુની તલવાર ૫૯
૨૩. તે પૃથ્વી પર ધર્મ સ્થાપિત કરશે ૬૨
૨૪. મૃત્યુ પ્રસંગ ૬૪
૨૫. પ્રભુ ઈસુનું પુનરુત્થાન ૬૫
૨૬. કાઈનની પત્ની ૬૬
૨૭. શ્વાપદ ૬૭
૨૮. ઉપવાસ ૬૮
૨૯. દૂતો ૭૦
૩૦. પરગેટરી ૭૧
૩૧. મૂએલાં સાથેની વાતચીત ૭૩
૩૨. પૂરીમ પર્વ ૭૬
૩૩. પ્રભુ ઈસુનો જન્મ ૮૦

ભાગ ૧ થી ૧૧માં પૂછાયેલા પ્રશ્નોની નોંધ ૮૨

# ૧ જગતના અંતે થનારાં વિશ્વયુદ્ધો

**પ્રશ્ન : ગુજરાત સમાચારમાં છેલ્લા કેટલાક અંકોથી 'કંઈક નવું' વિભાગમાં અંત ભાગનાં યુદ્ધો વિષે નોસ્ટર્ડામ અને બીજા કેટલાકે વિશ્વ યુદ્ધોની આગાહી કરી છે, તો તે વિષે સમજાવશો.**

**જવાબ :** નીચે પ્રમાણે તેનો જવાબ છે.

હવે પછી થનારાં વિશ્વયુદ્ધો વિષે બાઇબલમાં ભવિષ્યવાણી આપેલી છે. તે મારા ''રશિયા, ઈઝરાયલ અને બાઇબલ'' પુસ્તકમાં આપેલી છે. એ ત્રણે યુદ્ધોની માહિતી બરાબર ગોઠવીને અત્રે રજૂ કરી છે.

બાઇબલમાં અંત ભાગમાં ક્રમબદ્ધ બનનારા બનાવોનો જે ક્રમ આપવામાં આવ્યો છે તેની આપણે રૂપરેખા જોઈ લઈએ. એ જોવાથી રશિયાનું આક્રમણ કયા સમયે થશે તે આપણને સ્પષ્ટ થઈ જશે. અંત ભાગમાં ત્રણ મહા યુદ્ધ થવાનાં છે તે વિષે બાઇબલમાં જે આપવામાં આવ્યું છે તે જોઈએ. આ ત્રણ મહા યુદ્ધો આ પ્રમાણે છે : (૧) રશિયા અને તેનાં સાથી રાજ્યોનું ઈઝરાયલ સામેનું આક્રમણ (૨) હાર-માગેદોનનું યુદ્ધ, અને (૩) પ્રભુ ઈસુના સહસ્ત્રાબ્દી (૧૦૦૦ વર્ષના) રાજ્ય પછી થનાર યુદ્ધ જેના વિષે પ્રકટીકરણ ૨૦માં આપવામાં આવ્યું છે.

**(૧) પહેલું મહા યુદ્ધ :** રશિયા અને તેની સાથી પ્રજાઓનું ઈઝરાયલ સામેનું આક્રમણ : હઝકીએલના ૩૮મા અને ૩૯મા અધ્યાયમાં આ યુદ્ધ વિષે આપવામાં આવ્યું છે. એમાં કોણ યુદ્ધમાં

ઊતરનાર છે તે નામો સાથે સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે.

માગાગ-રરોશ (રશિયા અથવા રૂશ), મશખ (મોસ્કો), તુબાલ (તોબલસ્ક), ઈરાન, કુશ (ઈથિયોપિયા), ફૂટ (લિબિયા), ગોમેર (પૂર્વ જર્મની), તોગાર્માહ (તુર્કસ્તાન, આર્મિનિયા), અને અન્ય પ્રજાઓ.

આ આક્રમણ વિષે આપણે એ પણ જોઈ ગયા કે, ખ્રિસ્તની મંડળી ગગનમાં ઊંચકાઈ ગઈ હશે, તે પછી ખ્રિસ્તવિરોધી આખી દુનિયાની સત્તા ધારણ કરશે, યહૂદીઓ સાથે સાત વર્ષનો 'પાકો' કરાર કરશે, એટલે કે યહૂદીઓ સાથે તેને મૈત્રીસંબંધ થશે, અને તે સમયે યહૂદીઓ નિરાંતે અને નિર્ભયપણે વતનમાં રહેશે. તે સમયે, એટલે કે સાત વર્ષની શરૂઆતે, રશિયા તેની સાથી પ્રજાઓને લઈને ઈઝરાયલ સામે યુદ્ધ કરશે. ખ્રિસ્તવિરોધી ઈઝરાયલનો પક્ષ લેશે. ઈશ્વર અજાયબ રીતે ઈઝરાયલનો બચાવ કરશે, અને રશિયા તથા તેની સાથી-પ્રજાઓનો સમૂળો નાશ ઈઝરાયલના પર્વતો પર કરશે.

મંડળી ગગનમાં ઊંચકાઈ જશે એ પછીનાં સાત વર્ષના સમયની શરૂઆતે આ યુદ્ધ થશે. સાત વર્ષની અધવચમાં કે સાત વર્ષના અંત ભાગમાં આ યુદ્ધ શક્ય નથી, એ બધી બાબતો વિષે આપણે પાછળથી જોઈશું.

**(૨) બીજું મહાયુદ્ધ :** હાર-માગેદોનનું યુદ્ધ : મંડળી ગગનમાં ઊંચકાઈ ગયા પછી પૃથ્વી ઉપર આફતરૂપી સાત વર્ષનો ગાળો થશે. એ સાત વર્ષને અંતે આ હાર-માગેદોનનું યુદ્ધ થશે. એ સાત વર્ષની અધવચમાં એટલે કે પહેલાં સાડાત્રણ વર્ષ વીતશે એટલે ખ્રિસ્તવિરોધી યહૂદીઓ સાથેનો કરાર તોડશે (''અને એ અઠવાડિયાની અધવચમાં તે બલિદાન તથા અર્પણ બંધ કરાવશે.'') (દાનિયેલ ૯:૨૭)

એ પછીનાં બાકી રહેલાં સાડાત્રણ વર્ષમાં આખી દુનિયા ઉપર મહા વિપત્તિ ઊતરશે. પ્રભુ ઈસુએ મહા વિપત્તિ વિષે આવું કહ્યું છે : "તે વેળા એવી મોટી વિપત્તિ આવી પડશે કે તેના જેવી જગતના આરંભથી તે હમણાં સુધી થઈ નથી, ને કદી થશે પણ નહિ." (માથ્થી ૨૪:૨૧). ખ્રિસ્તવિરોધી અને બીજી પ્રજાઓ મળીને, આ સાડાત્રણ વર્ષમાં યહૂદીઓ ઉપર ભયંકર જુલમ ગુજારશે. મહા વિપત્તિ આખી દુનિયા પર આવી હશે, પણ ખાસ કરીને યહૂદીઓને આ સમયે ભયંકર યાતનાઓ આવશે, એટલે આ સાડાત્રણ વર્ષના ગાળાને "યાકૂબના સંકટનો સમય" કહ્યો છે. (યિર્મેયા ૩૦:૭.) આ સાડાત્રણ વર્ષના ગાળાને બાઇબલમાં જુદી જુદી રીતે ઓળખાવ્યો છે : "બારસો સાઠ દિવસ" (પ્રકટીકરણ ૧૨:૬, યહૂદી મહિનાના ૩૦ દિવસની ગણતરી પ્રમાણે); "સમય, સમયો, તથા અર્ધો સમય" વર્ષ, બે વર્ષ, અને અર્ધું વર્ષ પ્રકટીકરણ ૧૨:૧૪) : બેતાળીસ મહિના" (પ્રકટીકરણ ૧૩:૫) "કાળ, કાળો, તથા અર્ધો કાળ" (એક વર્ષ, બે વર્ષ અને અર્ધું વર્ષ, દાનિયેલ ૭:૨૫)

એ પાછલાં સાડાત્રણ વર્ષને અંતે ખ્રિસ્તવિરોધી આખી પૃથ્વીની પ્રજાઓનાં લશ્કરોને યરુશાલેમ તથા યહૂદી પ્રજાની સામે ચઢાવી લાવશે. પૂર્વના દેશોના રાજાઓ પણ યુદ્ધમાં લડવા જશે. (પ્રકટીકરણ ૧૬:૧૨-૧૬) યહૂદીઓ તો માંડ એક કરોડ કરતાંયે ઓછા હશે. તેઓ વીસ કરોડ (પ્રકટીકરણ ૯:૧૬) કરતાંયે મોટી સંખ્યાના લશ્કરની સામે ક્યાંથી લડી શકે ? પણ પ્રભુ ઈસુ પોતે પોતાના સંતો-સેવકોની સાથે યરુશાલેમ સામેનો જૈતૂન પહાડ ઉપર ઊતરશે (ઝખાર્યા ૧૪:૪), અને પોતાની "માત્ર ફૂંકથી તેનો (ખ્રિસ્તવિરોધીનો) સંહાર કરશે, તથા પોતાના આગમનના

પ્રભાવથી તેનો નાશ કરશે.'' (૨ થેસ્સાલોનિકા ૨:૮) યહૂદીઓનો અદ્ભુત બચાવ થશે. અને બધા યહૂદીઓ, હા, એકેએક જણ, એકસામટા પ્રભુ ઈસુનો કાયમને માટે પશ્ચાત્તાપ સહિત સ્વીકાર કરશે. એ પછી પ્રભુ ઈસુ ખ્રિસ્ત યરુશાલેમ રહીને આખી પૃથ્વી ઉપર એક હજાર વર્ષ સુધી (સહસ્ત્રાબ્દી) રાજ કરશે.

યરુશાલેમથી છેક ઉત્તરે મગિદોનું મેદાન આવેલું છે. ત્યાં આ બધાં લશ્કરો એકઠાં થશે, એ ઉપરથી એને હાર-માગેદોનનું યુદ્ધ કહેવામાં આવ્યું છે. હિબ્રૂ ભાષામાં 'હાર' એટલે 'ઢગલો', અને 'મિગદોન' એટલે 'સંહાર', એટલે આખા નામનો અર્થ 'સંહારનો ઢગલો' થાય. એ આખું નામ બાઇબલમાં આ પ્રમાણે આપ્યું છે : 'હિબ્રૂ ભાષામાં જેને હાર-માગદોન કહે છે તે ઠેકાણે તેઓએ તેઓને (લશ્કરોને) એકઠાં કર્યા.'' (પ્રકટીકરણ ૧૬:૧૬). આ મેદાન નાઝરેથથી દશ માઈલ દક્ષિણે અને કાર્મેલથી ઉત્તર-પૂર્વે આવેલું છે. અને એસ્ત્રાએલનતા મેદાન' તરીકે પણ ઓળખવામાં આવે છે : ઘણા માઈલોના વિસ્તારમાં આ મેદાન પથરાયેલું છે. છેક ઈ. પૂર્વે ૧૫૦૦ થી માંડીને આજ સુધી અનેક યુદ્ધો અહીં લડાયાં છે. નેપોલિયને તો એને દુનિયાનું સૌથી મહાન યુદ્ધમેદાન કહ્યું છે.

આ યુદ્ધની આગેવાની ખ્રિસ્તવિરોધી લેશે. પૃથ્વી પરનું એક સૌથી મહાન યુદ્ધ થશે. ઉત્તરે છેક નાઝરેથથી માંડીને યરુશાલેમ નજદીક આવેલી 'યહોશાફાટની ખીણ' સુધી આ યુદ્ધ પ્રસરશે. (યોએલ ૩:૨) આ યુદ્ધનું વર્ણન બાઇબલમાં અનેક જગાએ આપવામાં આવ્યું છે. (દાખલા તરીકે યશાયા ૬૩ ઝખાર્યા ૧૨:૨-૧૧.૧૪ : ૨-૫, ૧૨ અને ખાસ કરીને પ્રકટીકરણ ૧૯:૧૭-૨૧.)

આ યુદ્ધમાં, ઉપર જોયું તેમ, પ્રભુ ઈસુ પૃથ્વી ઉપર ઉતરીને જગતનાં રાજ્યોના આગેવાન 'ખ્રિસ્તીવિરોધી'નો નાશ કરશે, યહૂદીઓનો અજાયબ બચાવ કરશે, અને એ પછી એક હજાર વર્ષ માટે પૃથ્વી ઉપર રાજ કરશે.

**મગિદો (હાર-માગેદોન) ના મેદાનમાં લડાયેલાં યુદ્ધ**

ભૂતકાળમાં આ મેદાન પર જાણીતા લશ્કરી સેનાપતિઓ લડ્યા છે. ઈ. પૂર્વે ૧૫૦૦માં મિસરનો થોથમસ લડ્યો હતો; ઈ.પૂર્વે ૧૨૫૦માં રામસેસ લડ્યો; ઈ. પૂર્વે ૭૨૨માં આશ્શુરનો સાર્ગોન; ઈ.પૂર્વે ૭૧૦માં સાન્હેરીબ (૨ રાજા ૧૮ અને ૧૯); ઈ.પૂર્વે ૬૦૬માં બાબિલોનનો નબુખાદનેસ્સાર (૨ રાજા ૨૪); ઈ.પૂર્વે ૧૬૮માં સિરિયાનો અંત્યોખસ એપીપાનસ; ઈ.પૂર્વે ૬૩માં રોમનો પોમ્પી; ઈ.સ. ૭૦માં તિતસ; ઈ.સ. ૬૧૪માં ઈરાની રાજા ખુશરૂ; ઈ.સ. ૬૩૭માં ઓમાર; ઈ.સ. ૯૦૯માં ફ્રાન્સના સંત લૂઈના હાથ નીચે ધર્મયુદ્ધવીરો (ક્રુઝેડર્સ); ઈ.સ. ૧૧૮૭માં 'લાયન-હાર્ટેડ' રિચર્ડને જીતનાર સલાદિન; ઈ.સ. ૧૫૧૬માં ઓટોમનનાં લશ્કરો.' (ફ્રેડરિક એલ. બ્રૂક્સ, - 'Prophetic Glimpses.')

આ મેદાન ઉપર જ મોઆબીઓ ઉપર બારાકે વિજય મેળવ્યો હતો (ન્યાયાધીશો ૪ અને ૫); મિદ્યાનીઓ ઉપર ગીદિયોને અહીં વિજય મેળવ્યો હતો (ન્યાયાધીશો ૭); પલિસ્તીઓએ અહીં ઈઝરાયલીઓને હરાવ્યા હતા, અને રાજા શાઉલ અને તેના દીકરાઓ અહીં માર્યા હતા. (૧ શમુએલ ૩૧); યોશીયાહ રાજાને મિસરના રાજાએ અહીં મારી નાખ્યો હતો (૨ રાજા ૨૩:૨૯, ૩૦).

ઈ.સ. ૧૯૧૭માં આ મેદાન પર બ્રિટિશ અધિકારી અને સેનાપતિ એલનબીએ તુર્કોને ભગાડ્યા હતા.

રશિયાના આક્રમણ અને હાર-માગેદોનના યુદ્ધ વચ્ચે તફાવત :

ઘણા અભ્યાસકો ગેરસમજણથી આ બન્ને યુદ્ધોને ભેળસેળ કરી દે છે. એટલે, એ બંને યુદ્ધો એક જ બનાવ નથી, પણ અલગ અલગ છે તે સમજવા માટે એ બંને વચ્ચેનો તફાવત જોઈ લઈએ. અંત ભાગના ત્રીજા મહા યુદ્ધ વિષે આપણે પાછળથી જોઈશું.

**ક.** રશિયાનું આક્રમણ 'સાત વર્ષ'ની શરૂઆતના તબક્કામાં એટલે કે મહા વિપત્તિ શરૂ થાય તે પહેલાં થશે, જ્યારે હાર-માગેદોનનું યુદ્ધ 'સાત વર્ષ'ને અંતે એટલે કે મહા વિપત્તિ પછી થશે.

**ખ.** રશિયાના આક્રમણનો આગેવાન રશિયા હશે. (તું તેમનો સેનાપતિ થા.) (હઝકીએલ ૩૮:૭) હાર-માગેદોનના યુદ્ધમાં ખ્રિસ્તવિરોધી આગેવાની લેશે. (પ્રકટીકરણ ૧૬:૧૩, ૧૪)

**ગ.** ઈઝરાયલ પ્રજા પોતાના વતનમાં નિર્ભયપણે રહેતી હશે, તે સમયે રશિયા એની સામે યુદ્ધ કરશે (૩૮:૮, ૧૧, ૧૪); જ્યારે હાર-માગેદોનનું યુદ્ધ થશે તે સમયે તો ખ્રિસ્ત વિરોધી ઈઝરાયલ પ્રજાનો કટ્ટર દુશ્મન બની ગયો હશે, અને એના જુલમથી ઈઝરાયલ પ્રજા ભયંકર ત્રાસમાં હશે. (દાનિયેલ ૯:૨૭) એ સમયે આખી દુનિયામાં કદી પણ થઈ ન હોય એવી શેમવંશી પ્રજાની (યહૂદીઓની) વિરુદ્ધ ચળવળ, ખ્રિસ્તવિરોધી તરફથી ઉપાડવામાં આવી હશે. (પ્રકટીકરણ ૧૨:૬, ૧૩-૧૭)

**ઘ.** રશિયાની સાથે અંદર જણાવેલી પાંચેક પ્રજાઓ તેમ જ બીજી થોડીક પ્રજાઓ હશે. (હઝકીએલ ૩૮:૨-૬) હાર-માગેદોનના યુદ્ધ વખતે ખ્રિસ્તવિરોધીની આગેવાની નીચે

આખી દુનિયાની પ્રજાઓ ચઢી આવશે. ''આખા જગતના રાજાઓને એકઠા કરવા માટે તેઓની પાસે બહાર જાય છે.'' (પ્રકટીકરણ ૧૬:૧૪, વળી યોએલ ૩:૨ ઝખાર્યા ૧૪:૨)

**ચ.** રશિયાના આક્રમણમાં ઉત્તર તરફથી આક્રમણખોર આવશે. (હઝકીએલ ૩૮:૬, ૧૫, ૩૯:૨) હાર-માગેદોનના યુદ્ધમાં પ્રજાઓ ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમથી ચઢી આવશે. (દાનિયેલ ૧૧:૪૦-૪૫. ઝખાર્યા ૧૪:૨ પ્રકટીકરણ ૧૬:૧૨-૧૬.)

**છ.** રશિયાના આક્રમણનો હેતુ લૂંટ (સોનુંરૂપું, ઢોરઢાંક, માલમિલકત) લેવા તથા લોકોને પકડી લેવાનો છે. (હઝકીએલ ૩૮:૧૨, ૧૩.) હાર-માગેદોનમાં યહૂદીઓને ખતમ કરી નાખવાનો અને 'સરદારોના સરદાર' પ્રભુ ઈસુ ખ્રિસ્તની સામે લડવાનો હેતુ છે. તેઓ ખ્રિસ્તની સામે એકત્ર થઈ હશે. ઝખાર્યા ૧૨:૨-૩,૯. ૧૪:૨, પ્રકટીકરણ ૧૯:૧૯)

**જ.** રશિયાના આક્રમણ વખતે અમુક પ્રજાઓ રશિયાના આ કૃત્ય સામે વાંધો ઉઠાવશે, રશિયાનો વિરોધ કરશે. (હઝકીએલ ૩૮:૧૩) હાર-માગેદોનના યુદ્ધ સમયે યરુશાલેમ સામે દુનિયાની બધી પ્રજાઓ એ યુદ્ધમાં સામેલ હશે, અને વાંધો ઉઠાવનાર કોઈ નહિ હોય. (ઝખાર્યા ૧૪:૨.)

**ઝ.** રશિયાના આક્રમણ વખતે પ્રભુ મરકી, વરસાદનાં પૂર, મોટાં મોટાં કરાં, અગ્નિ, તથા ગંધકથી રશિયા અને તેની સાથી-પ્રજાઓનો નાશ કરશે. હાર-માગેદોનના યુદ્ધ વખતે પ્રભુ ઈસુ પોતાના શબ્દ દ્વારા ખ્રિસ્તવિરોધીનો તથા પ્રજાઓનો નાશ કરશે. ''ફૂંક અને પોતાનાં આગમનના પ્રભાવથી'' (૨

થેસ્સાલોનિકા ૨:૮.) ''તેના મોંમાંથી ધારવાળી તરવાર નીકળે છે તે વડે તે વિદેશીઓને મારે.'' (પ્રકટીકરણ ૧૯:૧૫) ''ઘોડા પર બેઠેલાના મોંમાંથી નીકળતી તલવારથી માર્યા ગયા.'' (પ્રકટીરકરણ ૧૯:૨૧.)

૮. રશિયાના આક્રમણ પછી મરેલાંને બધાંને દાટવામાં આવશે. એકાદ હાડકું પણ જમીન પર રહેવા દેવામાં નહિ આવે. (હઝકીએલ ૩૯:૧૨-૧૫.) પણ હાર-માગેદોનના યુદ્ધ પછી કોઈને દાટવામાં આવશે નહિ, પણ પક્ષીઓ તેમને તમામને ખાઈ જશે. (યિર્મેયા ૨૫:૩૩, પ્રકટીકરણ ૧૯:૧૭-૧૮, ૨૧.)

૯. રશિયાના આક્રમણ પછી મહા વિપત્તિકાળમાં અન્ય પ્રજાઓની લડાઈઓ અને યુદ્ધો ચાલુ રહેશે (પ્રકટીકરણ ૧૩:૪-૭), જ્યારે હાર-માગેદાનના યુદ્ધ પછી ભાલાઓ અને તલવારોને ટીપીને કોશો તથા દાતરડાં બનાવવામાં આવશે, અને યુદ્ધ બિલકુલ થશે નહિ.'' પ્રજાઓ એકબીજાની વિરુધ્ધ તલવાર ઉગામશે નહિ, અને તેઓ ફરીથી યુદ્ધકળા શીખશે નહિ.'' એક હજાર વર્ષ સુધી પ્રભુ ઈસુ ખ્રિસ્તનું શાંતિનું સામ્રાજ્ય આખી પૃથ્વી ઉપર હશે. હિંસક પ્રાણીઓના સ્વભાવ બદલાશે. (યશાયા ૨:૪, ૧૧:૬-૯.)

**(૩) ત્રીજું મહા યુદ્ધ :** હજાર વર્ષના રાજ પછી શેતાનનો બળવો : પ્રભુ ઈસુના રાજ્યની સામે શેતાનનો બળવો આખી પૃથ્વીની પ્રજાઓને યુદ્ધમાં લાવે છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત યરુશાલેમમાં રહીને આખી પૃથ્વી ઉપર એક હજાર વર્ષનું રાજ્ય કરશે ત્યારે શેતાનને એ એક હજાર વર્ષ માટે બાંધી રાખવામાં આવશે. અને એક હજાર વર્ષ પૂરાં થતાં શેતાનને છોડવામાં આવશે. અને એ શેતાન જઈને આખી પૃથ્વી પરથી બધી પ્રજાઓનાં લશ્કરોને પ્રભુ ઈસુની સામે ભેગાં કરશે. બાઇબલ પાઠ

આ પ્રમાણે છે :

"જ્યારે તે હજાર વર્ષ પૂરાં થશે ત્યારે શેતાનને તેના બંદીખાનામાંથી છોડવામાં આવશે. એટલે તે પૃથ્વીને ચારે ખૂણે રહેતી પ્રજાઓને, ગોગ તથા માગોગને, ભમાવીને લડાઈને સારુ તેઓને એકઠા કરવાને બહાર આવશે; તેઓની સંખ્યા સમુદ્રની રેતી જેટલી છે. તેઓ પૃથ્વીની આખી સપાટી પર ચાલતા ગયા, અને તેઓએ સંતોની છાવણીને તથા વહાલા શહેરને ઘેરો ઘાલ્યો, પણ આકાશમાંથી અગ્નિ ઊતર્યો, અને તેઓને સંહાર કર્યો. અને તેઓને ભમાવનાર શેતાનને તે અગ્નિ તથા ગંધકની ખાઈમાં, જ્યાં શ્વાપદ તથા જૂઠો પ્રબોધક છે, ત્યાં નાખી દેવામાં આવ્યો; ત્યાં તેઓ રાત દહાડો સદાસર્વકાળ વેદના ભોગવશે."
(પ્રકટીકરણ ૨૦:૭-૧૦).

**અ. આગલાં બે યુદ્ધ અને આ ત્રીજા યુદ્ધ વચ્ચેના તફાવતો :** આ ત્રણે મહા યુદ્ધોને બરાબર સમજી લઈ શકાય તો એમના ચોક્કસ સમયો પણ સમજી શકાય, અને એકબીજાની સાથે ગોટાળો થવાનો સંભવ ન રહે. પહેલાં બે મહા યુદ્ધો વચ્ચેનો તફાવત આપણે અગાઉ જોઈ ગયાં. હવે એ બે મહા યુદ્ધો અને ત્રીજા મહા યુદ્ધ વચ્ચેનો તફાવત આપણે જરા સમજી લઈએ.

**બ. હઝકીએલના ગોગ-માગોગ, અને પ્રકટીકરણના ગોગ-માગોગ વચ્ચે તફાવત :** રશિયાના આક્રમણ સંબંધમાં જણાવેલો "માગોગ દેશનો ગોગ, જે રોશમેશેક તથા તુબાલનો સરદાર છે તે, અને પ્રભુ ઈસુના રાજ્ય સામેના શેતાનના આખરી બળવા સંબંધમાં 'ગોગ અને માગોગ' આપ્યા છે તે, એક જ નથી. એ બે જુદી જુદી વ્યક્તિઓ છે. આ તફાવત નહિ સમજવાને લીધે ઘણા બધાને

મૂંઝવણ થાય છે, સમજાતું નથી, અને બે અલગ અલગ યુદ્ધો અને તેમના સમયોમાં ભેળસેળ થઈ જાય છે. તેથી એ બેનો તફાવત આપણે જોઈ લઈએ.

એ બંને જગાના બાઇબલપાઠ આ પ્રમાણે છે :

(૧) ''માગોગ દેશનો ગોગ, જે રોશ, મેશેખ તથા તુબાલનો સરદાર છે.'' (હઝકીએલ ૩૮:૨, ૩, ૧૪, ૩૯:૧.)

(૨) ''જ્યારે તે હજાર વર્ષ પૂરાં થશે ત્યારે શેતાનને તેના બંદીખાનામાંથી છોડવામાં આવશે, એટલે તે પૃથ્વીને ચારે ખૂણે રહેતી પ્રજાઓને, ગોગ તથા માગોગને, ભમાવીને લડાઈને સારુ તેઓને એકઠા કરવાને બહાર આવશે.

(પ્રકટીકરણ ૨૦:૭, ૮)

ક. 'ગોગ' એટલે 'સરદાર' અથવા 'રાજા'. હઝકીએલનો ગોગ પોતે પોતાની ઇચ્છાથી આવશે; પ્રકટીકરણના ગોગને શેતાન ઉશ્કેરીને લાવશે.

| | (૧) રશિયાનું ઈઝરાયલ પર આક્રમણ | (૨) ખ્રિસ્તવિરોધીનું હાર-માગેદોનનું યુદ્ધ | (૩) પ્રભુ ઈસુના રાજ્ય સામે શેતાનનો બળવો |
|---|---|---|---|
| બાઇબલપાઠ: | હઝકીએલ ૩૮ અને ૩૯ અધ્યાયો | પ્રકટી.૧૬:૧૨-૧૬ યોએલ ૩:૨, ઝખાર્યા ૧૨:૧-૪, ૧૪:૨, ૩, પ્રકટી.૧૯:૧૫, ૨૧. | પ્રકટી. ૨૦:૭-૧૦ |
| સમય: | 'સાત વર્ષ'ની શરૂઆતે | 'સાત વર્ષ'ને અંતે | એક હજાર વર્ષના રાજ્ય પછી |
| આગેવાન: | રશિયા | ખ્રિસ્તવિરોધી | શેતાન |
| યુદ્ધમાં કઈ પ્રજાઓ: | રશિયા સાથે પાંચ પ્રજાઓ તથા બીજા | આખી પૃથ્વીની પ્રજાઓ | આખી પૃથ્વીની પ્રજાઓ |
| કઈ દિશાથી આવશે? | ઉત્તરથી | ચારે બાજુથી | ચારે બાજુથી |
| યુદ્ધનો હેતુ: | લૂંટ લેવા અને લોકોને પકડી જવા. | યહૂદીઓનો નાશ કરવા, 'સરદારોના સરદાર' સાથે લડવા | પ્રભુ ઈસુનું રાજ પડાવી લેવા મરણિયો અને આખરી બળવો. |
| વાંધો ઉઠાવનારા: | શેબા, દેદાન, તાર્શીશના વેપારીઓ | કોઈ નહિ. | કોઈ નહિ |

| | | | |
|---|---|---|---|
| | તથા તેના સર્વ જુવાન સિંહો. | | |
| શત્રુઓનો કેવી રીતે ના અગ્નિથી લશ્કરોનો. | મરકી, ખૂનરેજી, પૂર, મોટાં કરાં, | પ્રભુ ઈસુના શબ્દથી | આકાશ |
| નાશ, | અગ્નિ, ગંધક, પરસ્પર કતલ, | | શેતાનને અગ્નિખાઈમાં નાખશે |
| દાટવામાં આવશે : | બધાં મરેલાંને દાટવામાં આવશે. સાત માસ લાગશે. એકાદ હાડકું પણ જમીન પર રહેશે નહિ. | કોઈને દાટવામાં આવશે નહિ. મરેલાંને પક્ષીઓ ખાશે. | અગ્નિમાં ખાક થઈ જશે. |
| એ પછી બીજું યુદ્ધ થશે | પ્રજાઓ વચ્ચે યુદ્ધો ચાલ્યા કરશે. | ૧૦૦૦ વર્ષના પ્રભુ ઈસુના શંતિના રાજ્યમાં યુદ્ધ નહિ થાય. (જુઓ યશાયા ૨:૪, ૧૧:૬-૯.) | શેતાન અગ્નિખાઈમાં છેલ્લે નવું આકાશ, નવી પૃથ્વી નવું યરુશાલેમ, પાપ, મૃત્યુ રુદન, યુદ્ધ કાયમ માટે નાબૂદ. |
| આ યુદ્ધ સમયે ધરતીકંપ થશે ? | હા (જુઓ હઝકીએલ ૩૮:૧૯-૨૦) | હા પ્રકટી. ૧૬:૧૭-૨૦. ઝખાર્યા ૧૪:૪ | (બાઈબલમાં કોઈ ધરતીકંપ દર્શાવ્યો નથી.) |

**ખ.** હઝકીએલનો ગોગ ઉત્તરના સૌથી છેવાડા ભાગમાંથી આવશે; જ્યારે પ્રકટીકરણનો ગોગ આખી પૃથ્વી પરથી આવશે. આ જોતાં પ્રકટીકરણનો ગોગ કોઈ એક પ્રજાનો સરદાર નહિ, પણ પૃથ્વી પરની બધી પ્રજાનો સરદાર નહિ, પણ પૃથ્વી પરની બધી પ્રજાઓના સરદારોને માટે આ સમૂહવાચક નામ તરીકે સામાન્ય શબ્દ વાપર્યો લાગે છે. હઝકીએલવાળો રશિયાનો ગોગ (= સરદાર) કોઈ એક વ્યક્તિ છે, પણ પ્રકટીકરણનો ગોગ એક વ્યકિત નથી.

**ગ.** હઝકીએલના ગોગનો નાશ સાત વર્ષના ગાળાની શરૂઆતે થયેલા આક્રમણ વખતે જ ઈશ્વરે કર્યો. અને એ પછી એની હયાતી રહી નહિ; જ્યારે પ્રકટીકરણનો ગોગ એ બનાવ પછી ૧૦૦૦ વર્ષ પછી રજૂ થયો છે, અને પૃથ્વીના બધા જ ભેગા થયેલા ''સરદારો'' યા 'રાજાઓ' તરીકે આ ગોગનો નાશ પ્રભુ ઈસુએ

આકાશના અગ્નિ દ્વારા કર્યો.

**ઘ.** હઝકીએલમાં તો (''માગોગ દેશનો ગોગ'' એટલે) ''માગોગ'ને દેશ કહ્યો છે, અને માગોગ દેશના સરદારને ગોગ કહ્યો છે, જ્યારે પ્રકટીકરણમાં બહુ વિચિત્ર રજૂઆત છે : ''પૃથ્વીને'' ચારે ખૂણે રહેતી પ્રજાઓને, ગોગ તથા માગોગને...'' બધી પ્રજાઓ જ ગોગ તથા માગોગ ગણાવ્યા છે. કદાચ સાંકેતિક અર્થમાં કોઈ પ્રજાઓની ઓળખ તરીકે 'ગોગ તથા માગોગ' વાપર્યું હોય.

**ચ.** હઝકીએલના ગોગને ઈઝરાયલમાં જ દાટવાનું સ્થાન, ''હામોન ગોગની ખીણ' મળશે (હઝીકીએલ ૩૯:૧૧-૧૩), જ્યારે પ્રકટીકરણના ''ગોગ તથા માગોગ''નો નાશ આકાશના અગ્નિથી થશે, અને તેમનાં શબો રહેશે નહિ, કારણ, તેઓ અગ્નિમાં બળીને ખાક થઈ ગયાં હશે.

**છ.** હઝકીએલના ગોગને લડાઈમાં સાથ આપવા આવનાર પ્રજાઓનાં નામ આપવામાં આવ્યાં છે, અને ગોગ તેમની આગેવાની લેશે; જ્યારે પ્રકટીકરણનો 'ગોગ તથા માગોગ'ની સાથે કઈ કઈ પ્રજા જશે એ જણાવ્યું નથી, પણ 'પૃથ્વીને ચારે ખૂણે રહેતી પ્રજાઓ' એવી ઓળખ આપી છે, અને એ પ્રજાઓની આગેવાની શેતાને પોતે લીધી છે; ગોગ-માગોગની ગણતરી તો પ્રજાઓમાંથી થઈ છે.

**જ.** હઝકીએલ માગોગને તો નૂહના દીકરા તથા યાફેથનો બીજો પુત્ર ગણ્યો છે. અને એના વંશજો રશિયા તરફ જઈને વસ્યા હતા તે આપણે જોયું. પણ પ્રકટીકરણના ગોગ તથા માગોગનો એવો પૂર્વાપર સંબંધ દર્શાવી શકાય એવી શક્યતા જ નથી.

**ઝ.** હઝકીએલમાં ઈઝરાયલ પ્રજાને પાછી વતનમાં લાવવામાં આવી છે, અને તેને એક પ્રજા પણ બનાવવામાં આવી

છે. પણ મસીહ તેઓ મધ્યે દશ્ય રીતે હાજર નથી, અને આ યુદ્ધ પછી તેમના ઉપર પવિત્ર આત્મા રેડવામાં આવશે; જયારે પ્રકટીકરણમાં ખ્રિસ્તમય બની ચૂકેલી યહૂદી પ્રજા છે, અને સદેહે ખ્રિસ્ત મસીહ તેઓની મધ્યે છે.

આ ત્રણ મહા યુદ્ધોના અભ્યાસ ઉપરથી ચિત્ર સ્પષ્ટ થાય છે કે એ ત્રણે મહાયુદ્ધો અલગ અલગ છે, અને જુદા જુદા સમયે અમલી બને છે. એમને એકબીજાની સાથે ભેળસેળ કરવા એ ભૂલભરેલું કહેવાય, અને એમ કરવાથી જુદાં જુદાં ભવિષ્ય કથનોનો ગોટાળો થઈ જાય.

# ૨ યહૂદીઓનો ગોઝારો દિવસ

**પ્રશ્ન : યહૂદીઓ તેમના આબ માસની નવમી તારીખને ગોઝારો દિવસ કેમ ગણે છે ?**

**જવાબ :** તેઓ આબ માસની નવમી તારીખને પોતાનો ગોઝારો દિવસ માને છે. યહૂદીઓનો આબ માસ આપણા જુલાઈ અને ઑગસ્ટ માસની વચ્ચે આવે છે. ઘણા બધા અનિષ્ટ બનાવો આ દિવસે બન્યા હતા. આ બધી માહિતી યહૂદી લેખક ડૉ. શમૂએલ હિમેલ્ટન તરફથી મળી છે.

તીશ આબ નવમી તારીખે યરુશાલેમનું પહેલું મંદિર દુશ્મનોએ તોડી નાખ્યું. એ પછી એ જ જગાએ નવું મંદિર બાંધવામાં આવ્યું. આ નવું મંદિર હેરોદે બાંધ્યું. તે મંદિર પણ આ જ દિવસે 'તીશ આબ નવ' તીતસ બાદશાહે તોડી નાખ્યું.

કનાન દેશની જાસૂસી કરવા માટે મોશેએ બાર જાસૂસો મોકલ્યા. તેઓ પાછા આવ્યા ત્યારે કનાન વિષે દુઃખ ભર્યો જૂઠો હેવાલ આપ્યો. તે રાત્રે લોકો પોક મૂકીને રડ્યા. એ દિવસ પણ 'તીશ આબ નવ' હતો. ઈશ્વરે તેમને શિક્ષા કરી. તેઓ ચાળીસ દિવસમાં કનાન પહોંચ્યા હોત, પણ તેમને ૪૦ વર્ષ સુધી રાનમાં રખડવું પડ્યું.

આ આખી વાતનું ભિદ્રાશિક વિવેચન આપણને જરા ઓછું પરિચિત છે. ભિદ્રાશ કહે છે કે, જાસૂસોએ 'આબ માસની નવમી' તારીખે રડવા ને વિલાપ કરવા લાગ્યા. તે સમયે ભિદ્રાશે લખ્યું છે કે દેવે તેમને કહ્યું કે, તમે વિના કારણે આબ માસની નવમીએ શોક

કરો છો. બીજી આબ નવમીએ પણ હું તમને શોક કરાવીશ. આ આબ માસની નવમી તારીખે અને એવા જ બીજા આબ માસની નવમી તારીખે પણ તમને શોક કરાવીશ.

મધ્ય યુગથી તે આપણા સમય સુધી ૧૯૪૨માં સ્પેનનો સુવર્ણયુગ જે તેના મહાન સ્કોલરો અને રાજકારણીઓને લીધે હતો. તેનો મહિમા અને ભપકો હોવા છતાં એકાએક કરુણ અંતમાં ફેરવાઈ ગયો.

કલમના એક જ ઝાટકે સ્પેન દેશના રાજા ફર્ડિનાન્ડે સ્પેનમાં રહેતા યહૂદીઓને દેશ નિકાલ કર્યા અને દેશ છોડી જતા રહેવા કહ્યું. કેટલાક યહૂદીઓ સ્પેન દેશ છોડીને નાઠા પણ તેમાંના ઘણા લૂંટાઈ ગયા. તેઓની માલમતા લૂંટાઈ ગઈ અને હિંસક પ્રાણીઓના ભક્ષ બન્યા. બીજા કેટલાક યહૂદીઓ ડૂબી ગયા. એ દિવસ પણ 'તીશા આબ નવ'નો હતો. તે દિવસ ઈ.સ. ૧૯૪૨નો આબ નવમી તારીખ.

એકસો પચાસ વર્ષ પછી કેમેલ્નીકા હત્યાકાંડ યાદ આવે છે. ૧૯૪૮માં હોન્સેકો હોન્સ્ટન્ટાઈનના લોકો પર ચઢી આવ્યા અને ૩૦૦૦ સ્ત્રી પુરુષોને બાળકોને મારી નાખ્યાં. એ દિવસ પણ 'તીશા આબ નવમી' હતી.

વર્તમાન સમયમાં ઈ.સ. ૧૯૧૪ની ઑગસ્ટ પહેલીએ પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. આ યુદ્ધ બંધ થાય તે પહેલાં સેંકડો યહૂદી લોકો ખલાસ થઈ ગયા અને આ ઓગસ્ટની પહેલી તારીખ તે 'તીશા આબ નવમી'નો દિવસ હતો. યુદ્ધ પછી ગેસ ચેમ્બરોમાં યહૂદીઓને મારી નાખવામાં આવ્યા. એ ગેસ ભઠ્ઠીઓ તો વર્ષના ૩૬૫ દિવસો સુધી ચાલતી રહેતી. વોર્સો કરારની સ્થાપનાનો દિવસ પણ 'તીશા આબ નવમી' તારીખ હતી.

ઈ.સ. ૧૯૪૨ના આબ નવમીના દિવસે ફરી યહૂદીઓનો

સંહાર થયો. શત્રુઓએ તેમના ઘેર ઘેર ફરી ફરીને દંડા મારી મારીને એક ઘરથી બીજા ઘેર પોલીસોંએ દંડા વડે યહૂદી લોકોનો મારી નાખ્યા. તે દિવસોમાં પોલીસો બાળકોને મા બાપથી છૂટાં પાડતા હતા. બાળકો ચીસાચીસ અને બૂમાબૂમ કરી રહ્યાં હતાં.

ક્તલ કરેલા યહૂદીઓ ઘેટાં જેવા લાગતા હતા. યહૂદીઓનો બચાવ કરવા માટે પ્રમુખે આશા આપી હતી પણ બીજી સવારે દશ હજાર યહૂદીઓની કતલ કરી નાખી હતી. તેમને છોડાવવા ઇચ્છતા પ્રમુખ પોતે આપઘાત કરી મરણ પામ્યા. ત્યાર પછી યહૂદીઓના એક ઊડતા વિમાનને આબ નવમીએ તોડી પાડવામાં આવ્યું.

આથી દેશના લોકો યહૂદીઓ શોકનાં કાળાં વસ્ત્રો પહેરે છે.

# ૩ યુરોપિયન આર્થિક કોમ્યુનિટીનાં દસ રાજ્યો

**પ્રશ્ન : તાજેતરમાં યુરોપિયન આર્થિક કોમ્યુનિટીનાં દશ રાજ્યોએ પોતાના સ્વતંત્ર સિક્કા બહાર પાડ્યા, તે વિષે સમજાવશો ?**

**જવાબ :** દાનિયેલના પુસ્તકના બીજા અધ્યાયમાં નબૂખાદનેસ્સારે સ્વપ્નમાં જોયેલી મૂર્તિના સંદર્શનની વાત આપવામાં આવી છે. દાનિયેલે ભવિષ્યમાં થનારાં સામ્રાજ્યો વિષે ભવિષ્યવાણી આપી છે.

**૧. પહેલું વિશ્વસામ્રાજ્ય :** મૂર્તિનું માથું સોનાનું હતું તે ખાલદી રાજા નબૂખાદનેસ્સારનું બાબિલોનનું રાજ્ય મૂર્તિનું માથું સોનાનું હતું, તે ખાલદી રાજા નાબૂખાદનેસ્સાર.

**૨. બીજું વિશ્વસામ્રાજ્ય :** સ્વપ્નની મૂર્તિ છાતી તથા ભુજાનો રૂપાનો ભાગ તે માદીઓ તથા ફારસીઓનું બાબિલોનનું અને ઈરાનમાં રાજ્ય

**૩. ત્રીજું વિશ્વસામ્રાજ્ય :** પિત્તળનાં બનેલા પેટ અને જાંઘભાગ. આ ત્રીજું સામ્રાજ્ય ગ્રીસનું રાજ્ય.

**૪. ચોથું વિશ્વસામ્રાજ્ય :** રોમનું લોખંડી સામ્રાજ્ય.

મૂર્તિના બે પગ રોમન રાજ્યના બે ભાગ બતાવે છે. જેમ શરીરમાં પગ લાંબામાં લાંબા હોય તેમ રોમનું સામ્રાજ્ય લાંબાં વર્ષો સુધી ટક્યું હતું.

મૂર્તિનાં દસ આંગળાં દસ રાજ્યો સૂચવે છે. અને અત્યારે જે દસ રાજ્યો યુરોપમાં છે, તે આ દસ રાજ્યો.

પગની પાટલીઓ તથા તેનાં આંગળાંનો કેટલોક ભાગ માટી અને લોખંડ મિશ્રિત હતો જેમ માટી અને લોખંડ મિશ્ર થતાં નથી, તેમ આ રાજ્યો એક થઈ શકતાં નથી.

યુરોપમાં અસલ જે રોમન ભાગ હતો, તેમાં અત્યારે અગિયાર રાજ્યો થયાં છે. બાઈબલમાં જણાવ્યા પ્રમાણે તે આગળ જતાં દસ રાજ્યો થશે. અગિયાર રાજ્યોમાં ફ્રાન્સ, જર્મની, ઈટાલી, સ્પેન, ઓસ્ટ્રિયા, નેધરલેન્ડ, બેલ્જિયમ, લકઝમબર્ગ, પોર્ટુગલ, ફિનલેન્ડ અને આયર્લેન્ડ નવા ચલણ ઝોનમાં પ્રવેશતા દેશો છે.

યુરોપિયન ઈકોનોમિક કોમ્યુનિટી, ઈ.ઈ.સી. હવે એક રાજ્ય બન્યું છે. અને તેમણે તાજેતરમાં પોતાના રાજ્યના આગવા ચલણી સિક્કા બનાવ્યા છે. જેને 'યુરો' ચલણ કહેવામાં આવ્યું છે.

પ્રભુના પુનરાગમન વિષે મેં દસ કેસેટો બહાર પાડી છે. તેમાં પહેલા સેટની પાંચમી કેસેટમાં આ બધી વિગતો વિષે મેં આપ્યું છે, એ પ્રમાણે આ રાજ્યોએ અરસપરસ રાજ્યમાં જવા માટેની વિઝા કાઢી નાખી છે, અને તાજેતરમાં તેમણે પોતાના આગવા ચલણના સિક્કા પણ બહાર પાડ્યા છે. તેમણે ઘણાં રાજ્યો સાથે આ ચલણ મારફતે વેપારની સંધિયો કરી છે. તાજેતરમાં ભારત સાથે પણ સંધિ કરી છે.

રશિયાનો સામ્યવાદ બીજા દેશોને ગળી જાય છે, તેની સામે રક્ષણ માટે તેમણે સંઘબળ સ્થાપ્યું છે. વળી અમેરિકા આર્થિક રીતે બીજા દેશોને ગળી જાય છે, તેની સામે રક્ષણ માટે તેમણે આ સંઘબળ (ઈ.ઈ.સી.) સ્થાપ્યું છે.

પ્રભુના પુનરાગમનનાં અનેક ચિહ્નોમાં આ એક મોટું ચિહ્ન છે. છેલ્લા સમયમાં આ રાજ્ય સ્થપાવાનું છે. અને ખ્રિસ્તવિરોધી

પણ આ યુરોપિયન ઈકોનોમિક કોમ્યુનિટીમાંથી આવશે. એ સંઘના અગાઉના એક પ્રેસિડેન્ટે આ પ્રમાણે કહ્યું હતું કે, અમારે આખી દુનિયાનું રાજ્ય એક અતિ વિચક્ષણ વ્યક્તિના હાથમાં આપવું છે. એ શેતાન હોય કે ગુંડો હોય, તોય શું ? આખી દુનિયાનો રાજા બનનાર ખ્રિસ્તવિરોધી હશે, જે આ સંઘમાંથી આવશે.

એ ખ્રિસ્તવિરોધી આખી દુનિયાનો રાજા થશે. અને યહૂદીઓ સાથે સંધિ કરશે. દાનિયેલ ૯ઃ૨૭ – તે ઘણાઓની સાથે – ( ઘણા યહૂદીઓની સાથે ) એક અઠવાડિયા સુધીનો પાકો કરાર કરશે અને યરુશાલેમમાં તે પોતાની ગાદી સ્થાપશે. અને ત્યાંથી આખી દુનિયા પર રાજ્ય કરશે. અને અઠવાડિયાની અધવચમાં બલિદાન અને અર્પણ બંધ કરાવશે અને યરુશાલેમના મંદિરમાં પોતાની મૂર્તિ સ્થાપિત કરશે, અને મંદિરને ભ્રષ્ટ કરશે. આ વિષે પ્રભુ ઈસુએ પણ પોતાના શિષ્યોને કહ્યું હતું, માથ્થી ૨૪ઃ૧૫. જૂઠો પ્રબોધક તે યહૂદીઓમાંથી આવશે.

યુરોપિયન ઈકોનોમિક કોમ્યુનિટી–ઈ.ઈ.સી.ની મુખ્ય ઓફિસ બ્રસેલ્સમાં છે. અને આખી દુનિયાને તેઓએ અમુક નંબરોમાં વહેંચી નાખી છે. ભારત અને પાકિસ્તાનને ૯મો નંબર મળ્યો છે. આખી દુનિયાનું કામકાજ નંબરમાં જ ચાલશે.

મારી કેસેટમાં બાઇબલ આધારે મેં આપ્યું છે કે, તેઓ પોતાનું આગવું નાણું બહાર પાડશે. અત્યારે એ નાણું બહાર પાડ્યું છે. એ બધું સૂચવે છે કે, પ્રભુ ઈસુનું પુનરાગમન તદ્દન નજદીક છે.

❖

# ૪ પવિત્ર આત્મામાં ઈશ્વરપણાનાં ગુણ લક્ષણ

**પ્રશ્ન : ત્રૈક ઈશ્વરપણાનાં જે ગુણ લક્ષણો છે, તે શું પવિત્ર આત્મામાં પણ છે. ?**

**જવાબ :** ઈશ્વરનાં ગુણ લક્ષણ ત્રૈક ઈશ્વરની એકેએક વ્યક્તિમાં છે. પવિત્ર આત્મામાં પણ એ જ ગુણ લક્ષણો છે, તે નીચે આપણે જોઈશું.

ત્રૈકપણું એટલે ઈશ્વરપિતા, પુત્ર અને પવિત્ર આત્મા, ત્રણે વ્યક્તિઓ મળીને ત્રૈક ઈશ્વર બને છે.

એ ત્રૈક ઈશ્વરનાં ગુણ લક્ષણો આ પ્રમાણે છે, જે પવિત્ર આત્મામાં પણ ગુણ લક્ષણો છે.

૧. તેઓ સર્વ સત્તા ધરાવે છે.

શેતાન ઈશ્વરની રજા વગર ખ્રિસ્તી માણસને કાંઈ જ કરી શકતો નથી. અયૂબ ૧:૧૨, લૂક ૨૨:૩૧, ૩૨ એક દિવસ આવશે, જ્યારે ઈશ્વર શેતાનને અનંતકાળ માટે અગ્નિની ખાઈમાં નાખી દેશે.

૨. તેઓ સર્વશક્તિમાન છે કુદરત પણ ઈશ્વરના પરાક્રમી શબ્દને આધીન થાય છે. પ્રભુ ઈસુએ પવન અને પાણીને ધમકાવીને શાંત કર્યાં. માથ્થી ૮:૨૬.

આસુરી સૈન્ય યરુશાલેમની સામે ચઢી આવ્યું, તે વખતે સાન્હેરીબ રાજાએ ઈશ્વરની વિરુદ્ધ મશ્કરી કરી ઈશ્વરે એક દૂતને સત્તા આપી અને તે દૂતે એક જ રાતમાં એક લાખ પંચાસી હજાર આસુરી સૈનિકોને મારી નાખ્યા અને બાકીનું લશ્કર નાસી ગયું.

૩. તેઓ સર્વવ્યાપી છે. ભક્ત દાઉદ કહે છે. તારા આત્મા પાસેથી હું ક્યાં જાઉં ? તારી હાજરીમાંથી હું ક્યાં નાસી જાઉં ? જો હું આકાશમાં ચઢી જાઉં, તો તું ત્યાં છે. જો હું શેઓલમાં મારી પથારી

નાખું, તો ત્યાં પણ તું છે. જો હું પરોઢિયાની પાંખો લઈને સમુદ્રને પેલે પાર જઈને વસું, તો ત્યાં પણ તારો હાથ મને દોરશે અને તારો જમણો હાથ મને ઝાલી રાખશે. ગીતશાસ્ત્ર ૧૩૯:૭-૧૦

૪. તેઓ સર્વ વાતો જાણે છે એટલે કે તેઓ સર્વજ્ઞ છે. ૧ યોહાન ૩:૨૦ ''કેમ કે આપણા અંતઃકરણ કરતાં દેવ મોટો છે, અને તે સઘળું જાણે છે.

નીતિવચનો ૧૫:૩ 'યહોવાની દૃષ્ટિ સર્વ સ્થળે છે. તે ભલા અને ભૂંડા પર લક્ષ રાખે છે.

ગીતશાસ્ત્ર ૧૪૭:૪ તે તારાઓની ગણતરી કરે છે; તે સર્વને નામો આપે છે.

માથ્થી ૧૦:૩૦ તમારા માથાના બધા નિમાળા પણ ગણેલા છે.

નીતિવચન ૫:૨૧ કેમ કે મનુષ્યના માર્ગો ઉપર યહોવાની નજર છે. અને તે તેના સર્વ રસ્તાની સંભાળથી તુલના કરે છે.

ગીતશાસ્ત્ર ૧૩૯:૧-૪ હે યહોવા તેં મારી પરીક્ષા કરી છે, અને તું મને ઓળખે છે. મારું ઊઠવું તથા બેસવું તું જાણે છે. તું મારો વિચાર વેગળેથી સમજે છે. મારું ચાલવું તથા સૂવું પણ તું તપાસી જુએ છે. તું મારા બધા માર્ગોનો માહિતગાર છે. કેમ કે હે યહોવા તું મારી જીભની બધી વાતો પૂરેપૂરી જાણે છે.

આમ, ઈશ્વર આપણા બધા વિચારો અને કામો જાણે છે.

૨. કાળવૃત્તાંત ૧૬:૯ કેમ કે યહોવાની નજર આખી પૃથ્વીનું નિરીક્ષણ કર્યા કરે છે.

ઈશ્વર અનાદિકાળથી અનંતકાળ સુધીનું જે કાંઈ બને છે, તે જાણે છે. પ્રભુ કહે છે કે, હું ઈશ્વર છું. અને શરૂઆતથી જ હું વાતનો આ અંત જણાવું છું.

યશાયા ૪૬:૯,૧૦ પુરાતનકાળની બીનાઓનું સ્મરણ કરો.

કેમ કે હું દેવ છું, ને બીજો કોઈ નથી; હું દેવ છું, ને મારા જેવો કોઈ નથી. તેની પુરાતનકાળથી ખબર આપનાર હું છું. મારો સંકલ્પ દઢ રહેશે, ને મારા સર્વ મનોરથો હું પૂરા કરીશ.

૫. તેઓ અનંતકાલિક છે. ઈશ્વરને શરૂઆત નથી અને અંત પણ નહિ હોય. પિતા, પુત્ર અને પવિત્ર આત્મા આ સનાતન સમયથી હતા, અને તેમને અંત નહિ હોય. શરૂઆત એ શબ્દ હતો. અને શબ્દ ઈશ્વરની સંગાથે હતો. શરૂઆતથી ઈશ્વર માટે એમ જ હતું. યોહાન ૧:૨. ગીતશાસ્ત્ર ૧૦૨:૨૪ તારાં વર્ષો તો અનાદ્યનંત છે. ગીતશાસ્ત્ર ૧૦૨:૨૭ પણ તું તો એવો ને એવો જ રહે છે.

અને તારાં વર્ષોનો અંત આવશે નહિ. ગીતશાસ્ત્ર ૯૦:૨ પર્વતો ઉત્પન્ન થયા હતા, અને તેં પૃથ્વી તથા જગતને રચ્યાં હતાં, તે પહેલાં એટલે અનાદિકાળથી અનંતકાળ સુધી તું ઈશ્વર છે. માલાખી ૩:૬ કેમ કે હું યહોવા અવિકારી છું. એ માટે હે યાકૂબના પુત્રો તમારો સંહાર થયો નથી. હિબ્રૂ ૧૩:૮ ઈસુ ખ્રિસ્ત આજે, કાલે અને સર્વદા એવો ને એવો જ છે.

૬. માણસની જેમ ઈશ્વરને લાગણીતંત્ર છે પરંતુ ઈશ્વરની લાગણીઓ દૈવી હોય છે. પણ માણસની લાગણીઓ પાપપૂર્ણ હોય છે.

૭. ઈશ્વર પવિત્ર છે. અને ન્યાયીપણું પણ ધારણ કરેલું છે. ઈશ્વર વિશ્વાસુ છે. અને પાપરહિત છે.

સર્વ બાબતમાં ઈશ્વર સર્વોપરી છે. પુત્ર અને પવિત્ર આત્મા તેઓ બંને પિતાની ઇચ્છાને આધીન છે.

યોહાન ૧:૧૪ શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો (અને બાપના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે દીઠો), તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો.

## ૫ ગેથસેમાને બાગમાં પ્રભુ ઈસુની પ્રાર્થના સંભળાઈ ?



**પ્રશ્ન : પ્રભુ ઈસુ છેલ્લું ભોજન કર્યા પછી શિષ્યો સાથે ગેથસેમાને બાગમાં ગયા.**

**ત્યારે તે તેઓને કહે છે કે, મારો જીવ મરવા જેવો ઘણો શોકાતુર છે, તમે અહીં રહીને મારી સાથે જાગતા રહો.**

**પછી તેણે ઊંધે મોઢે પડીને એવી પ્રાર્થના કરી કે, ઓ મારા બાપ, જો બની શકે તો આ પ્યાલો મારાથી દૂર કર; તો પણ મારી ઇચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઇચ્છા પ્રમાણે થાઓ. માથ્થી ૨૬ : ૩૭-૩૯.**

**તો શું એ પ્યાલો દૂર કરાયો, એ પ્રાર્થના સંભળાઈ ?**

**જવાબ :** હા, એ પ્રાર્થના સંભળાઈ.

**વાંચો :** હિબ્રૂઓને પત્ર ૫ : ૭ ''તેના દેહધારીપણાના સમયમાં તેને મરણથી છોડાવવાને જે શક્તિમાન હતો, તેની પાસે તેણે મોટે ઘાંટે તથા આંસુસહિત પ્રાર્થના તથા કાલાવાલા કર્યા, અને તેણે (દેવનો) ડર રાખ્યો, માટે તેની (પ્રાર્થના) સાંભળવામાં આવી.

તો આ પ્યાલો દૂર કરાયો. તેમાં શું હતું ? એ પ્યાલામાં માનસિક ત્રાસ દ્વારા મરણ હતું. શેતાનની ઇચ્છા એ હતી કે, ઈસુ વધસ્તંભ પર મરણ ન પામે, અને માણસજાતનો ઉદ્ધાર ન કરાય. પણ ભયંકર માનસિક ત્રાસથી ઈસુ મરી જાય.

એટલે જ હેરોદે બેથલેહેમના તથા તેની સઘળી સીમમાંનાં માથ્થી ૨ : ૧૬, ૧૭. બે વર્ષનાં તથા તેથી નાનાં બધાં જ બાળકોને મારી નાંખાવ્યાં; જેથી તેમાં બાળ ઈસુ પણ માર્યા જાય. જેથી ઈસુને વધસ્તંભ પર મરવા પ્રસંગ ઊભો ન થાય અને લોકો તારણરહિત રહે.

શેતાનની ઈચ્છા હતી કે, ઈસુ વધસ્તંભ પર મરણ ન પામે, પણ ભયંકર માનસિક ત્રાસથી મરી જાય.

જુઓ તો ખરા માનસિક ત્રાસ તો કેવો ?

ઈસુએ શિષ્યોને કહ્યું કે, મારો જીવ મરવા જેવો ઘણો શોકાતુર છે. માથ્થી ૨૬:૩૮.

રોમન કેથલિક બાઈબલમાં તો આમ લખ્યું છે કે, "મને લાગે છે કે, મારા પ્રાણ ચાલ્યા જશે."

"ઈસુએ કષ્ટ સાથે વિશેષ આગ્રહથી પ્રાર્થના કરી, અને તેનો પરસેવો ભોંય પર પડતાં લોહીનાં ટીપાં જેવો થયો." લૂક ૨૨:૪૪.

ડૉક્ટરો અને વૈદકીયશાસ્ત્રના વિજ્ઞાનીઓ એમ જણાવે છે કે, જ્યારે માણસનો માનસિક ત્રાસ હદબહાર વધી જાય છે, ત્યારે તેનું લોહી પરસેવા વાટે ટપકે છે, અને પ્રભુ ઈસુ ખ્રિસ્તના સંબંધમાં એમ જ બન્યું.

લૂક ૨૨:૪૩ માં આપણે વાંચીએ છીએ કે, "આકાશમાંથી એક દૂત તેને બળ આપતો દેખાયો. ભયંકર માનસિક ત્રાસ દૂર કરવા એક રીતે ઈસુને માનસિક બળ આપ્યું અને માનસિક ત્રાસ જતો રહ્યો. એમ, પ્રભુ ઈસુની પ્રાર્થના સંભળાઈ અને આવો માનસિક ત્રાસથી થનાર મૃત્યુનો પ્યાલો દૂર કરાયો.

હવે માનસિક ત્રાસ ગયો અને શેતાનની ઈચ્છા પૂરી ના થઈ, પણ પિતાની ઈચ્છા પ્રમાણે થયું. પ્રભુ ઈસુ રાજીખુશીથી પિતાની ઈચ્છાને આધીન થયા અને લોકોનાં પાપોથી જ ભરેલો પ્યાલો ગટગટાવી ગયા અને બહુ જ રાજીખુશીથી વધસ્તંભ પર ચઢી ગયા અને લોકોનાં પાપો માટે બલિદાન બની ગયા.

પ્રભુ ઈસુના આવા ગજબ પ્રેમ અને ભવ્ય બલિદાનને માટે મારા પ્રભુને ધન્ય ધન્ય હો ! આમીન.

## ૬ વધસ્તંભ પર પ્રભુ ઈસુની ત્રીજી વાણી

**પ્રશ્નઃ પ્રભુ ઈસુ પોતાની માને માટે તુચ્છકારભર્યો શબ્દ વાપરે છે, અને જાણે ઠપકો આપતા હોય તેમ ''બાઈ મારે ને તારે શું ?'' (યોહાન ૨:૪) એમ શબ્દો ઉચ્ચારે છે તો તે તિરસ્કાર કરે છે, અને ઠપકો આપે છે ?**

**જવાબ :** ગુજરાતીમાં બાઈ શબ્દ છે, ત્યાં ગ્રીકમાં 'ગુને' શબ્દ છે, તે અપમાનજનક નહિ, પણ માનભર્યો અને સામી વ્યક્તિને માટે પ્રેમ વ્યક્ત કરતો શબ્દ છે તેથી ઈસુએ આને માટે તિરસ્કારયુક્ત નહિ, પણ પ્રેમયુક્ત શબ્દો ઉચ્ચાર્યા છે.

પણ ઈસુએ જે કહ્યું ''બાઈ, મારે ને તારે શું ?'' એટલે એ ઠપકો નથી, પણ આ તદ્દન વ્યવહારુ વાત છે. એમનો દ્રાક્ષારસ ખૂટી ગયો, એમાં તમારે ને મારે શું ? એ એમની જવાબદારી છે.

માતાનું કહેવું એમ હતું કે, દ્રાક્ષારસ ખૂટી ગયો છે, તેમાં તું કાંઈક કર.

ઈસુએ હજી સુધી કાંઈ ચમત્કાર કર્યો નહતો અને પોતાને ઈશ્વરના પુત્ર તરીકે પોતાને પ્રગટ કર્યો નહોતો. આગળ પાસ્ખા પર્વ આવવાનું હતું, તેને તે પોતાને પ્રગટ કરનાર હતો, અને ચિહ્નો અને ચમત્કારો દ્વારા પોતાને ઈશ્વર પુત્ર તરીકે જાહેર કરનાર હતો. એટલે હજી તેને પોતાને પ્રગટ કરવાનો સમય આવ્યો નહોતો. પણ માતા મરિયમ ઈસુને એમ કહેવા માગતાં હતાં કે તે પોતાને પ્રગટ કરે, પણ ઈસુનો સમય આવ્યો નહોતો. તેથી તે માતા તરીકે તેને પ્રગટ થવા સૂચવે તે બરાબર નહોતું.

તે યોગ્ય સમયે પિતા તરફથી કહેવામાં આવે, ત્યારે પોતાને પ્રગટ કરશે, એટલે જ તે માતાને કહે છે કે, ''બાઈ, મારે ને તારે શું ?'' એ મા છે ખરી, પણ ઈસુનો સમય હજી આવ્યો નહોતો, તેથી પોતાને પ્રગટ કરવા માગતો નહોતો.

વધસ્તંભ પર ત્રીજી વાણી ઉચ્ચારતાં યોહાનને કહે છે કે, ''જો તારી મા'' એટલે ક્રૂસ આગળ મા અને દીકરાનો સંબંધ અટકી જાય છે, એટલે ઈસુ પોતે તારણહાર છે, અને મરિયમ તે મા નહિ, પણ વિશ્વાસ કરનાર ખ્રિસ્તી છે. તે તારણહાર અને વિશ્વાસ કરનાર તરીકેનો તેમનો સંબંધ રહે છે.

અહીં પણ ઈસુ દુનિયાના તારણહાર છે.

આમ છતાં પણ, મરિયમે વિશ્વાસ રાખીને વાત કરી હતી, એટલે ઈસુએ પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો.

## ૭ પ્રભુ ઈસુના પુનરાગમનને લગતા કેટલાક પ્રશ્નો

**પ્રશ્ન : ક : પ્રભુની સાથે આપણે ગગનમાં ઊંચકાઈ જઈશું, અથવા તો અનંતકાળમાં પ્રવેશ કર્યા પછી આપણે આપણાં અગાઉ ગયેલાં વહાલાંઓને સામે મળી શકીશું ?**

**જવાબ :** જો આપણાં વહાલાંઓ સ્વર્ગમાં ગયાં હોય, તો આપણને ત્યાં સારો મળશે પણ જો તેઓ નર્કમાં ગયાં હોય તો આપણે સ્વર્ગમાં તેઓને જોઈ શકીશું નહિ અને મળી શકીશું નહિ.

**પ્રશ્ન : ખઃ ગીતશાસ્ત્ર ૧૬:૧૦માં 'શેઓલ' શબ્દ વપરાયો છે એનો અર્થ કબર થાય છે કે, મૃત્યુ પામેલાના આત્માઓનું સ્થાન થાય છે. ''કેમ કે તું મારો આત્મા શેઓલને સોંપશે નહિ અને તારા ભક્તને કબરમાં જવા દેશે નહિ.''**

**જવાબ :** શેઓલ એટલે તો બાઇબલની ભાષામાં મરેલાંઓના આત્માને રહેવાનું સ્થળ, ત્યાં તેઓ ધૂંધળી દશામાં એટલે અદશ્ય સ્થિતિમાં રહે છે અને શેઓલનો અર્થ કબર થતો નથી. કારણ કે પ્રભુ ઈસુ ખ્રિસ્તને તો કબરમાં મૂકવામાં આવ્યા હતા.

**પ્રશ્ન : ગઃ એક હજાર વર્ષના રાજ્ય પછી જ્યારે શેતાનને મુક્ત કરવામાં આવશે ત્યારે પ્રભુ ઈસુ અને મંડળી અને ઇઝરાયલ પ્રજા ઉપર આકાશમાં ઊંચકાઈ જશે ? કે પછી અહીં નીચે જ હશે અને આકાશમાંથી પ્રભુ અગ્નિ મોકલીને લશ્કરનો નાશ કરશે ?**

**જવાબ :** પ્રભુ ઈસુ, મંડળી અને ઈઝરાયલ પ્રજા નીચે પૃથ્વી પર જ હશે. પ્રભુ પાછળથી શેતાનને અગ્નિ ભઠ્ઠીમાં નાખીને તેનો નાશ કરશે.

**પ્રશ્ન : ઘઃ યરુશાલેમનું મંદિર બાંધવા માટેની તૈયારીઓ છૂપી રીતે કરવામાં આવી રહી છે તો તે તૈયારીઓ કેટલે સુધી પૂરી થઈ છે ? અને એ તૈયારીઓ કેટલે સુધી પૂરી થઈ**

**છે ? અને એ તૈયારીઓ પૂરી થયા પછી જ પ્રભુ ઈસુ મંડળીને લેવા માટે ગગનમાં આવશે ?**

**જવાબ :** યરુશાલેમમાં મંદિર બાંધવાની તૈયારીઓ છૂપી રીતે ચાલુ જ છે. હાલમાં રુદનની દીવાલની પાસે ઉત્તર તરફ મંદિર બંધાય એવી યોજનાઓ ચાલે છે. મંદિર બંધાય તે પહેલાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત મંડળીને લેવા ગગનમાં આવશે. મંદિર બંધાઈ ગયા પછી ખ્રિસ્ત વિરોધી મંદિરને ભ્રષ્ટ કરશે, અને પોતાની મૂર્તિ મંદિરના પરમપવિત્ર સ્થાનમાં બેસાડશે.

**પ્રશ્ન : ચઃ માથ્થી ૨૫:૩૧-૪૬માં ઘેટાં અને બકરાં પ્રજા આપવામાં આવી છે. તો તેમાં કઈ પ્રજા ઘેટાં અને કઈ પ્રજા બકરાં હતાં ?**

**જવાબ :** મહાવિપત્તિ પછી આ બનાવ આવે છે અને ૪૦ મી કલમમાં 'મારા ભાઈઓ' શબ્દ છે; તે યહૂદીઓ માટે વપરાયો છે. પણ બકરાં પ્રજા અને ઘેટાં પ્રજા કોણ તે આપવામાં આવ્યું નથી.

બાઈબલમાં આપેલી ભવિષ્યવાણીઓમાં આ ન સમજાય તેવી ભવિષ્યવાણી છે. આ ભવિષ્યકથન વિષે કોઈ જગાએ લખવામાં આવ્યું નથી.

**પ્રશ્ન : છઃ મંડળી સતાવણીમાં થઈને પસાર થશે ?**
**માથ્થી : ૨૪:૨૦**

**જવાબ :** માથ્થી ૨૪મા અધ્યાયમાં જે વાત આપેલી છે, તે માત્ર યહૂદીઓને લાગુ પડે છે. પણ મંડળીને લાગુ પડતી નથી. મંડળી સતાવણીમાંથી પસાર થશે નહિ. વળી માથ્થી ૨૪મા અધ્યાયમાં સતાવણી વિષે આપવામાં આવ્યું છે. તે સતાવણી યહૂદી પ્રજાને લાગુ પડે છે.

**પ્રશ્ન - જ : માથ્થી ૨૪:૩૦માં જણાવ્યું છે કે, પછી જૈતુનના પહાડ પર ઈસુ બેઠો. તેવામાં તેના શિષ્યોએ એકાંતમાં તેની પાસે આવીને કહ્યું કે, એ બધું ક્યારે થશે ? અને તારા આવવાની તથા જગતમાં અંતની શી નિશાની થશે ? તે અમને કહે.**

આપના એક જાહેર ભાષણમાં આપે કહ્યું હતું કે, જગતનો અંત નહિ, પણ યુગનો અંત છે, તો તે સ્પષ્ટ કરશો.

**જવાબ :** ગ્રીક ભાષા પ્રમાણે 'જગતનો અંત' એ શબ્દ નહિ, પણ 'યુગનો અંત' - એ શબ્દ છે. ગ્રીક પ્રમાણે જગતના અંતની નહિ, પણ યુગના અંતની નિશાની છે.

'સંપૂર્ણ બાઈબલ'માં આ પ્રમાણે તરજુમો છે : ઈસુ જૈતુન પર્વત પર બેઠા, એટલે તેમના શિષ્યોએ આવીને તેમને ખાનગીમાં પૂછ્યું, આપ અમને કહો કે કે એ બધું ક્યારે બનશે ? અને આપના આગમનની અને યુગના અંતની એધાણી શી હશે ? માથ્થી ૨૪:૩

મૂળ ગ્રીકમાં પણ 'યુગના અંત' શબ્દો છે. આપણા બાઈબલમાં એ તરજુમાની ભૂલ છે.

જગતનાં રાજ્યો નાશ પામશે, અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત યરુશાલેમમાંથી હજાર વર્ષનું રાજ શરૂ કરશે, ત્યારે યુગનો અંત આવ્યો ગણાશે.

**પ્રશ્ન : ઝ: પ્રભુ ઈસુનું આગમન કેટલું નજદીક છે ?**

**જવાબ :** પ્રભુ ઈસુનું આગમન તદ્દન નજદીક છે. જો કે કોઈ વ્યક્તિ તે દિવસ વિષે જાણતી નથી. પ્રભુ ઈસુ ખ્રિસ્ત બે પગથિયે આવશે.

એક તો પ્રભુ ઈસુ પોતાના લોકોને લેવાને ગગનમાં ઊતરશે અને તેમના લોકો ગગનમાં ઊંચકાઈ જશે. આ પગથિયાને ગગનગમન કહે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત ગગનમાં ઊતરશે અને તેમના લોકો ગગનમાં ઊંચકાઈ જશે, તેથી તે ગગનગમન કહેવાય છે.

બીજું પગથિયું - પ્રભુ ઈસુ ખ્રિસ્ત જૈતુનના પહાડ પર ઊતરશે અને સહુ કોઈ તેમને જોશે માટે તે પ્રાગટ્ય - પ્રગટીકરણ કહેવાય છે. તેમાં પ્રભુ ઈસુ રાજ કરવાને અને ન્યાય કરવાને માટે આવશે. આ પગથિયું પ્રગટીકરણ કહેવાય છે. કારણ કે પ્રભુ ઈસુ લોકોની આગળ જાહેરમાં પ્રગટ થશે. ઝખાર્યાહ ૧૪:૪ 'તે દિવસે તેના પગ યરુશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતુન પર્વત પર ઊભા રહેશે.'

## ૮ પહેલી સદીમાં બાઈબલ સિવાય ઈસુના નામનો ઉલ્લેખ

**પ્રશ્ન : પહેલી સદીમાં ઈસુના નામનો ઉલ્લેખ બાઈબલ સિવાય અન્ય કોઈ સ્થળે કરવામાં આવ્યો હતો ખરો ?**

**જવાબ :** આજે આપણા જમાનામાં કોઈના વિષે નોંધ રાખવાની જેવી અને જેટલી બધી સુવિધાઓ છે તેવી પ્રભુ ઈસુના જમાનામાં નહોતી. આજે તો છાપાંઓમાં, મેગેઝીનોમાં, ટેપરેકોર્ડ પર, કેસેટમાં, વિડિયો કેસેટમાં, કેમેરાના કચકડામાં અને ઈલેક્ટ્રોનિક કોમ્પ્યુટરોથી લેવાતી છબીઓમાં આપણે નોંધણી કરી શકીએ છીએ. તે જમાનામાં એ બધાં સાધનો ઉપલબ્ધ નહોતાં.

વળી આજે તો અમથાં અમથાં સામાન્ય માણસોનાં જીવનચરિત્રો છપાય છે. તે જમાનામાં એ પણ નહોતું. ત્રીજી બાબત, રોમન સત્તાધારીઓ તથા યહૂદી આગેવાનો ઈસુને બિનમહત્ત્વની વ્યક્તિ ગણતા હતા, એટલે તેઓએ ઈસુ વિષે કોઈ નોંધ લીધી - રાખી નથી. પ્રભુ ઈસુને ચાહનારા સેંકડો સામાન્ય માનવીઓને પ્રભુ ઈસુ વિષેની નોંધ લખવાનું સૂઝે નહિ, અને સુલભ્ય પણ બને નહિ.

અને ચોથી બાબત, પ્રભુ ઈસુની હયાતી વિષે પછીના જમાના લોકો શંકાઓ ધરાવશે એવો પહેલી સદીમાં કોને ક્યાંથી ખ્યાલ આવે ?

બાઇબલમાં પ્રભુ ઈસુ વિષે ચારેય સુવાર્તામાં જીવનચરિત્ર તરીકે બહુ ઝીણવટભરી અને આકસ્મિક રીતે વિગતો આપવામાં આવી છે. કાયદાની કચેરીમાં ઊલટ તપાસમાંથી પણ ઝળકતી રીતે પસાર થાય એવી એ બધી વિગતો છે. આ ઉપરાંત નવા કરારના

પત્રોમાં પણ એવા જ ઉલ્લેખ છે. વળી જૂના કરારની પૂર્વ છાયાઓ અને પ્રભુ ઈસુના જીવનની ઝીણામાં ઝીણી વિગતો દર્શાવતાં ભરપૂર ભવિષ્ય કથનો પ્રભુ ઈસુની હયાતીના સચોટ પુરાવા છે.

બાઈબલની બહાર પણ પ્રભુ ઈસુના જીવન વિષે કેટલાક ઉલ્લેખો છે. આપણે એ બધા જોઈએ ત્યાર પહેલાં એક બાબત જોઈ લઈએ. પહેલી સદીનાં ઘણાં લખાણ દટાઈ ગયેલાં હશે. સુવાર્તાઓ અને પત્રોની અસલ (મૂળ) નકલો ક્યાંયે નથી મળતી, આમ, પહેલી-બીજી સદીનાં ઘણાં લખાણ દટાઈ રહેલાં હશે. 'ડેડ સી સ્ક્રોલ'ની પેઠે ક્યારેક અનાયાસે મળે ત્યારે ખરાં.

૧. રોમન બાદશાહ કલોડિયસના અમલ દરમિયાન (ઈ.સ. ૪૧-૫૪) યહૂદીઓને રોમમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. એમના પર દોષ આ પ્રકારનો મૂકવામાં આવ્યો હતો કે, "ખ્રિસ્તની ચઢવણીથી તેઓ બળવો કરે છે." કદાચ એવું બનતું હશે કે યહૂદીઓ વસતા હતા એ વિભાગમાં ખ્રિસ્તની સુવાર્તા પ્રગટ કરવામાં આવતી હશે, ત્યારે તેને લીધે તોફાનો થતાં હશે. રોમન તવારીખોમાં આનો ઉલ્લેખ છે.

અતોનિયસ નામનો રોમન ઈતિહાસકાર (ઈ.સ. ૭૫-૧૬૦) થઈ ગયો. યહૂદીઓને ઈ.સ. ૫૨માં રોમમાંથી ખ્રિસ્તીઓને હાંકી કાઢવામાં આવ્યા એ વિષે તેણે લખેલા કલોડિયસ બાદશાહના જીવનચરિત્રમાં (૨૫:૪) (સરખાવો પ્રે. કૃ. ૧૮:૨) આ પ્રમાણે લખ્યું છે : "ખ્રિસ્તની ઉશ્કેરણીથી યહૂદીઓ સતત તોફાનો કરતા હતા, તેથી તેણે (કલોડિયસ બાદશાહે) તેમને રોમમાંથી હાંકી કાઢ્યા."

૨. આ કલોડિયસ બાદશાહના રાજ્યકાળ દરમિયાન મૃત્યુ પામેલા કેટલાક ખ્રિસ્તીઓની કબરો ઉપર જે લેખ કોતરવામાં આવતા તેમાં ઈસુનું નામ મુકાતું હતું. એવી બે કબરો ઈ.સ.

૧૯૪૫માં શોધી કાઢવામાં આવી હતી. જેમની ઉપર આવા લેખ કોતરેલા હતા : ''ઈસુ સહાય કરો'', અને ''ઈસુ એને પાછા ઉઠાડો (કે ઉઠવા દો).''

**૩.** વળી એ જ બાદશાહના સમયમાં નાઝરેથમાં પથ્થરમાં કોતરેલું એક સરકારી ફરમાન જાહેર જાણ માટે મૂકવામાં આવેલું આજે જોવા મળે છે. એ આરસમાં કોતરેલા ફરમાનમાં જણાવવામાં આવેલું કે કબરમાંથી મડદું કાઢવું એ સરકારી ગુનો છે, અને એને માટે દેહાંત દંડની શિક્ષા થશે. પ્રભુ ઈસુની કબર પર ચોકી-પહેરો રાખતા સિપાઈઓએ એવું ફેલાવેલું કે, તેઓ ઊંઘતા હતા, ત્યારે કોઈ આવીને કબરમાંથી શબ ચોરી ગયું. (માથ્થી ૨૮:૧૧-૧૫). એ વાત છેક રોમ સુધી પહોંચી હોવી જોઈએ અને એટલે કલોડિયસ બાદશાહે પાલેસ્તાઈનના વિસ્તારમાં આવાં ફરમાન પથ્થરમાં કોતરાવી ચોઢવ્યાં હશે. આમાં ઈસુના મૃત્યુ તથા કબરોનો આછો ઉલ્લેખ દેખાય છે.

**૪.** ઈટાલીનું પોમ્પી શહેર વિસુવિયસ જવાળામુખી ફાટવાથી ઈ.સ. ૭૯માં ધગધગતા લાવામાં દટાઈ ગયું. એમાં ખંડિયેરો ખોદી કાઢવામાં આવ્યાં છે. એ શહેરમાં પહેલી સદીના ખ્રિસ્તીઓએ જે લખાણો કંડારેલાં છે તે આ ખંડિયેરોમાં આજેય જોવા મળે છે. હું ૧૯૫૧માં પોમ્પી શહેર જોવા ગયો હતો. ત્યારે એમાંનાં કેટલાંક લખાણ જોવા મળ્યાં હતાં. એ લખાણોમાં ઈસુ ખ્રિસ્ત વિષેના ઉલ્લેખો જોવા મળે છે.

**૫.** યહૂદીઓનાં તાલ્મુદમાં ઈસુના નામનો વારંવાર ઉલ્લેખ આવે છે. ખ્રિસ્તીઓ પ્રભુ ઈસુ માટે ''કુંવારી પુત્ર'' એક ઓળખ નામ વાપરતા. ગ્રીકમાં એને માટે 'બેન-પાર્થેનોસ છે. 'બેન' એટલે 'દીકરો' અને 'પાર્થેનોસ' એટલે કુંવારી. પણ યહૂદીઓ આ ઓળખ નામની ઠઠા-મશ્કરી કરતાં એને 'બેન-પાન્દેરા' કહેતા અને એવું જ યહૂદી તાલ્મુદમાં લખેલું છે. 'બેન' એટલે 'દીકરો' અને 'પાન્દેરા'

એટલે 'દીપડો', 'ચિત્તો' કે 'રાની બિલાડો'. એ છઠ્ઠા નામનો એવો અર્થ થયો કે, 'જંગલી બિલાડાનો પુત્ર' આ ઠઠ્ઠાની વાત યહૂદી તાલ્મુદમાં છે. એ બતાવે છે કે, પ્રભુ ઈસુ એક ઐતિહાસિક વ્યક્તિ પહેલી સદીમાં થઈ ગઈ.

૬. રોમન ઈતિહાસકાર તાસીતસ (ઈ.સ. ૫-૧૧૮) પોતાના ઈતિહાસ (તવારીખ ૧૫-૪૪) માં પ્રભુ-ઈસુનો ઉલ્લેખ કરે છે, અને લખે છે કે રોમન હાકેમ પોંતિયસ પિલાતના અમલ દરમિયાન જે ખ્રિસ્તને મૃત્યુ સજા આપવામાં આવી તેના નામ ઉપરથી ક્રિસ્તીઓને (ખ્રિસ્તી) નામ આપવામાં આવ્યું છે. આમ, આ રોમન ઈતિહાસકાર પ્રભુ ઈસુ જીવંત વ્યક્તિ થઈ ગયા અને રોમન હાકેમના સમયમાં એમને દેહાંત દંડ ફરમાવ્યો એ વાતને માન્ય રાખે છે.

એ લખાણના મૂળ પાઠનું ગુજરાતી આ પ્રમાણે થાય: (રોમ શહેરને લાગેલી આગ નીરો બાદશાહે ફરમાવી હતી એવી ફેલાયેલી માન્યતાને કોઈ રીતે ટાળી શકાતી નહોતી, તેથી નીરો બાદશાહે આગ લગાડવાનો દોષ ખ્રિસ્તીઓ પર મૂક્યો અને ખ્રિસ્તીઓની ભારે સતાવણી કરી). "આ અફવાને ડામવા નીરોએ અમુક વર્ગ એટલે ખ્રિસ્તીઓ પર એ દોષ ઢોળ્યો અને તેમને ક્રૂરમાં ક્રૂર અને ભયંકર સજા ફરમાવી. આ લોકોને તેમનાં અમંગળ કૃત્યોને લીધે ધિક્કારવામાં આવે છે અને સામાન્ય રીતે લોકો તેમને ખ્રિસ્તીઓ તરીકે ઓળખે છે. ખ્રિસ્ત જેના પરથી તેમને નામ આપવામાં આવ્યું છે, તેને તિબેરિયસ (બાદશાહ) ના સમયમાં હાકેમ પૌંતિયસ પિલાતે મૃત્યુ દંડ ફરમાવ્યો હતો." (તાસીતસ એનલ્સ ૧૫.૪૪) 'નીરોની સતાવણી' ઈ.સ. ૬૪.

૭. પણ સૌથી વધુ સચોટ ઉલ્લેખ તો યહૂદી ઈતિહાસકાર જોસીફસે કર્યો છે. આ યહૂદી ઈતિહાસકાર જોસીફસ ઈ.સ.ની પહેલી

સદી ( ૩૭-૯૫ )માં થઈ ગયો. એ ખ્રિસ્તી નહોતો, પણ યહૂદી ધર્મ પાળતો હતો. રોમન બાદશાહ પુત્ર તિતસ જે એક લાખનું લશ્કર લઈને ઈ.સ. ૭૦માં યરુશાલેમ સામે ચઢી આવ્યો હતો, અને યરુશાલેમનો તથા મંદિરનો વિનાશ કર્યો હતો, તે લડાઈમાં આ જોસીફસે ભાગ લીધો હતો.

એણે પોતાનાં પુસ્તકોમાં (જે બધાં અંગ્રેજીમાં 'એન્ટીકવીટીઝ' તરીકે ઓળખાય છે તેમાં) પ્રભુ ઈસુ વિષે અને મંડળી વિષે વગેરે બાબતો સંબંધી પુષ્કળ ઉલ્લેખ કર્યા છે. એન્ટીકવીટીઝ ૧૮:૩, ૩માં પ્રભુ ઈસુના ચમત્કારો અને તેમના પુનરુત્થાન વિષે ઉલ્લેખ કરવામાં આવ્યા છે.

૮. આ ઉપરાંત પ્લીની (નાનો younger) (ઈ.સ. ૬૨ - આ. ૧૧૩) બિથુનિયાના ખ્રિસ્તીઓ (ઈ.સ. ૧૧૨) વિષે હાજન બાદશાહની સલાહ પૂછતા કાગળમાં ત્રણ વાર ઈસુ નામનો ઉલ્લેખ કરે છે. સ્થળ સંકોચને લીધે એ લખાણ અહીં વિગતવાર ઉતારી શકાય તેમ નથી. (પ્લીનીના પત્ર ૧૦ એડ ટ્રાજ) પહેલી સદીનાં બીજાં કેટલાંયે રોમનોનાં લખાણમાં ઈસુ નામનો ઉલ્લેખ છે.

કેટલાંક પ્રચલિત લખાણો ઈસુ વિષે લખાયેલાં છે, પણ એ બધાં બનાવટી છે. જેવાં કે 'ઈસુ ખ્રિસ્તનું અજ્ઞાત જીવન' (ધી અનનોન લાઈફ઼ ઓફ઼ ક્રાઈસ્ટ); 'ઈસુના ક્રૂસારોહણનો આંખે દેખ્યો હેવાલ' (ધી ક્રૂસીફિકશન ઓફ઼ જીજસ, બાય એન. આઈ. વિટનેસ); 'ધી રિપોર્ટ ઓફ઼ પિલાત', 'પોંતિયસ પિલાતની કબૂલાત' (ધ કન્ફેકશન ઓફ઼ પોંતિયસ પિલાત); 'સ્વર્ગથી પત્ર' (ધી લેટર ફ્રોમ હેવન); 'ખ્રિસ્તનું વર્ણન' (ધી ડિસ્ક્રીપ્શન ઓફ઼ ક્રાઈસ્ટ); અને એવાં અનેક લખાણો એ કલ્પનામાંથી યોજેલાં અને બનાવટી લખાણો છે, તે પર ભરોસો કરવો નહિ.

# ૯ વધસ્તંભ પર પ્રભુ ઈસુનું મરણ

**પ્રશ્ન : માથ્થી ૨૭:૫૨, ૫૩ કલમોમાં પ્રભુ ઈસુના મરણ પ્રસંગ વિશે લખતાં લખવામાં આવ્યું છે કે, "કબરો ઊઘડી ગઈ, ને ઊંઘેલા સંતોનાં ઘણાં શરીર ઊઠ્યાં, ને તેના પાછા ઊઠ્યા પછી તેઓ કબરોમાંથી નીકળીને પવિત્રનગરમાં ગયાં, ને ઘણાંઓને દેખાયાં." તો શું દાવિદ તેમાં ઊઠયો હતો.**

**જવાબ :** ૨૭મા અધ્યાયમાં જૂના કરારના બધા સંતો ઊઠ્યા એમ લખવામાં આવ્યું નથી, પણ એમ લખવામાં આવ્યું છે કે, 'ઊંઘેલા સંતોનાં ઘણાં શરીર ઊઠ્યાં' એટલે કે જૂના કરારના બધા સંતો ઊઠ્યા અને શહેરમાં ગયા એવું આપ્યું નથી.

ઊઠીને શહેરમાં ગયેલા સંતોમાં દાવિદ ન હતો. પ્રેરિતોનાં કૃત્યો ૨:૨૯માં જણાવ્યા પ્રમાણે પ્રેરિત પિતર કહે છે કે, "ભાઈઓ, આપણા પૂર્વજ દાવિદ વિષે હું તમને ખુલ્લી રીતે કહી શકું છું કે, તે મરણ પામ્યો છે, અને દટાયો પણ છે અને તેની કબર આજ સુધી આપણે અહીં છે."

તે બાબતે છે કે, પ્રભુ ઈસુના મરણ સમયે ઘણા સંતો ઊઠયા પણ તેમાં દાવિદ ન હતો. પ્રભુ ઈસુના મૃત્યુને અને પ્રેરિત પિતર પ્રેરિતોનાં કૃત્યોમાં જણાવેલી વાત કહે છે, તે પ્રસંગ વચ્ચે ૫૦ દિવસ વીતી ગયા હતા. પ્રેરિત પિતર પચાસમાના દિવસે આ વાત જણાવતો હતો. (વળી જુઓ પ્રેરિતોનાં કૃત્યો ૨:૩૪)

# ૧૦ સ્વનકાર

**પ્રશ્ન : ઈસુએ પોતાના શિષ્યો સુદ્ધાં લોકોને પાસે બોલાવીને તેઓને કહ્યું કે, જો કોઈ મારી પાછળ આવવા ચાહે તો તેણે પોતાનો નકાર કરવો ને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલવું. માર્ક ૮ : ૩૪.**

**આ કલમનો મૂળ અર્થ સમજાવશો.**

**જવાબ :** દરેક વિભાગના શબ્દનો મૂળ ગ્રીકમાંથી અર્થ આપું છું.

જો કોઈ મારી પાછળ આવવા ચાહે – ચાહે એ બહુ મોળો શબ્દ મૂક્યો છે. અસલ ગ્રીકમાં જે શબ્દ મૂક્યો છે. તેમાં અર્થ એવો થાય છે કે, જો કોઈ મારી પાછળ આવવા તલસે છે, તરસે છે, ઝંખે છે, તલખે છે.

તેણે પોતાનો નકાર કરવો – એટલે તેણે પોતાને શૂન્ય બનાવી દેવો. ગ્રીકનો ભાવાર્થ તો શૂન્ય એટલે મીંડું એવો થાય છે. પોતાને મીંડું કે ઝીરો બનાવી દેવો. એટલે પોતે કાંઈ નથી. પોતાનો પૂરેપૂરો સ્વનકાર એટલે જો કોઈ માણસ ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયેલો હોય, તો તેને પોતાની ઇચ્છા રહેતી નથી, અને તે શૂન્ય બની ગયો છે. ગણિતમાં શૂન્ય એટલે ઝીરો.

પોતાનો વધસ્તંભ ઊંચકીને – ઘણા લોકો 'પોતાનો વધસ્તંભ' એટલે પોતાની માંદગી, વિટંબણા વગેરે સમજે છે. પણ 'પોતાનો વધસ્તંભ' એટલે – ખ્રિસ્તને આગળ ધરતાં, ખ્રિસ્તનો પ્રચાર કરતાં, પોતાને જે વેઠવું પડે છે, જે મહેણાંટોણાં – તે પોતાનો

વધસ્તંભ છે.

ખ્રિસ્તની પાછળ ચાલતાં આપણે જે મુશ્કેલીઓ કે અછત વેઠવી પડે, સહન કરવું પડે, કેટલુંક જતું કરવું પડે, તે પોતાનો વધસ્તંભ છે. તેને ઊંચકીને, આપણે ફરવાનું છે. માત્ર વેઠરૂપ નહિ, પણ ભારપૂર્વક અને ભાવપૂર્વક આપણે તે ઊંચકવાનું છે, કે વેઠવાનું છે. ઊંચકીને - એમાં સતત ઊંચકવાનું છે. વધસ્તંભ થોડી વાર ઊંચકીને મૂકી દેવો એમ નહિ, પણ સતત ઊંચકી રાખવો. 'સૌને દેખાય, ધ્યાન ખેંચાય તેમ ઊંચો રાખવો.

મારી પાછળ ચાલવું - ગ્રીકમાં તેનો અર્થ એમ થાય છે કે, 'મારાં પગલાંમાં પગ મૂકીને ચાલવું.'' - આડાંઅવળાં ગમે તેમ નહિ, પણ ખ્રિસ્તનાં પગલાંમાં પગ મૂકીને સતત ચાલતાં રહેવું.

**પ્રશ્ન - ૨. આપણે પ્રભુની ઇચ્છા કઈ રીતે જાણી શકીએ ?**

**જવાબ :** પ્રાર્થનાઓ દ્વારા, સાનુકૂળ સંજોગો દ્વારા અને વિશ્વાસ કરનારા ખ્રિસ્તીઓની સંગતમાં સહમત દ્વારા આપણામાં વસતા ઈશ્વરના આત્મા એટલે કે પવિત્ર આત્માની અનુમતિ દ્વારા.

❖

# ૧૧ ન્યાયને લગતા પ્રશ્નો

**પ્રશ્ન : ૧ લૂક ૧૬:૧૯-૩૧ કલમોમાં શ્રીમંત અને લાજરસની વાત આપવામાં આવી છે, તેમાં ન્યાયકરણ થયા પહેલાં શ્રીમંતને નર્કની શિક્ષા કેવી રીતે કરવામાં આવી ? એટલે ન્યાયકાળ પહેલાં તે નર્કમાં શી રીતે ગયો ?**

**જવાબ :** ન્યાયકાળે ન્યાય કરનાર તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે જ છે. એટલે એ જ ઈસુ ખ્રિસ્તે આ શ્રીમંતનો ન્યાય કરી દીધો છે. અને શ્રીમંતનો ન્યાય કરનાર પ્રભુ ઈસુએ નર્કની શિક્ષા કરી દીધી છે.

પ્રભુ ઈસુ વર્ષ પછી ન્યાય કરે કે, તાત્કાલિક ન્યાય કરે, તેમાં શો ફરક છે ? શ્રીમંતનાં કામ પ્રમાણે તેનો ન્યાય થયો છે.

આ વાતને કેટલાક માણસો ઈસુનું દૃષ્ટાંત ગણે છે, પણ તે દૃષ્ટાંત નથી, પણ તે બનેલી બીના છે.

૨ રાજાઓ ૫માં અધ્યાયમાં નાઅમાન અને ગેહઝીની વાત આપવામાં આવી છે. અરામના રાજાનો સેનાપતિ નાઅમાન કોઢમુક્ત થવાથી મોટી રકમ અને ભેટસોગાદ લઈને પ્રબોધક એલીશાને મળવા આવ્યો હતો, પણ એલીશાએ તે ભેટનો સ્વીકાર કર્યો નહિ, તેથી સેનાપતિ તે બધું લઈને પાછો ચાલ્યો ગયો.

પણ ચાકર ગેહઝીએ ઉતાવળે પાછળ જઈને સેનાપતિને કહ્યું કે, એફ્રાઈમના પહાડી મુલકમાંથી બે જુવાનો આવ્યા છે. તેમને આપવા માટે મને ભેટ સોગાદ આપશો. સેનાપતિએ તેના કહ્યા પ્રમાણે ભેટ-સોગાદ આપી, તે તેણે પોતે રાખી લીધી.

એલીશાએ ગેહઝીને પૂછપરછ કરી, ત્યારે તેણે જુઠી વાત કરી. આથી એલીશાએ તેને કહ્યું કે, - ''નાઅમાનનો કોઢ તને તથા તારાં સંતાનને સદા વળગી રહેશે.''

**પ્રશ્ન : ૨ તો બાપનાં કામનો શાપ તેમનાં છોકરાં પર કેમ આવ્યો ? આમાંથી તેના વંશજો મુક્ત શી રીતે થાય ?**

**જવાબ :** બાપને મળેલા સોના, તથા ભેટસોગાદના વારસદાર તરીકે છોકરો હતો. તેથી શાપનો વારસદાર પણ તે જ બને છે. નિર્ગમન ૨૦:૫ – તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર : કેમ કે હું તારો દેવ યહોવા આસ્થાવાન દેવ છું. જેઓ મારો દ્વેષ કરે છે, તેઓની ત્રીજી – ચોથી પેઢી સુધી બાપોનો અન્યાયની શિક્ષા છોકરાં પર લાવનાર, ને મારા પર જેઓ પ્રીતિ કરે છે, ને મારી આજ્ઞાઓ પાળે છે તેઓની હજારો પેઢી પર દયા દર્શાવનાર હું છું.

આમાંથી તેના વંશજો મુક્ત શી રીતે થાય ?

ગેહઝીએ પસ્તાવો કરીને ઉદ્ધારનાર ઈશ્વર પર વિશ્વાસ રાખીને માફી માગી હોત, તો તે શાપમાંથી મુક્ત થયો હોત, અને તેના વંશજો પણ શાપમાંથી મુક્ત થયા હોત. નવા કરારની રૂએ પશ્ચાત્તાપ, રક્તનું બલિદાન, રક્તનું અર્પણ.

**પ્રશ્ન : ૩ જો પસંદ કરેલા સ્વર્ગમાં લેવામાં આવશે, તો તેઓને તો બાઈબલમાં લખ્યા પ્રમાણે પૃથ્વીના મંડાણ અગાઉ પસંદ કર્યા છે. તો બીજા લોકોનો શો વાંક ? તેમની પસંદગી કેમ નહિ ? જેને પસંદ નથી કર્યા, તેમનો ન્યાય કેમ કરી શકાય ?**

**જવાબ :** ન્યાય કરનાર અને પસંદ કરનાર ઈસુ ખ્રિસ્ત પોતે છે. તેમની ઈચ્છા પ્રમાણે તે કરશે. આપણને તેમને પ્રશ્ન પૂછવાનો હક નથી. જુઓ યોહાન ૩:૧૬.

**પ્રશ્ન : ૪ શમૂએલે શાઉલને કહ્યું કે "કાલે તું તથા તારા દીકરા મારીસાથે હશો." (૧ શમૂએલ ૨૮:૧૯)**

**શું આનો અર્થ એવો થયો કે શાઉલ તારણ પામેલો હતો ? અથવા તો શું ન્યાયીઓ અને દુષ્ટોના આત્માઓ એક જ સ્થળે રહે છે ?**

**જવાબ :** શાઉલ તારણ પામેલો હતો, એવું બાઈબલમાં કોઈ જગાએ

બતાવ્યું નથી. તેમ જ ન્યાયીઓના અને દુષ્ટોના આત્માઓ એક જ સ્થળે રહેતા નથી. ન્યાયીઓના આત્મા શેઓલના પારાદેસમાં રહે છે જ્યારે દુષ્ટોના આત્મા શેઓલના હાડેસમાં રહે છે, શાઉલે જે વાત કરી કે, તું તથા તારા દીકરા કાલે મારી સાથે હશો. એનો અર્થ એટલો જ થાય છે કે, જેમ હું મરી ગયેલો છું, તેમ તું અને તારા દીકરાઓ મરી જશો.

**પ્રશ્ન-૫ : દરેક માણસે એક વખત મરવાનું છે, એમ બાઈબલ કહે છે.**

જેમ માણસોને એક જ વાર મરવાનું અને ત્યાર પછી તેમનો ન્યાય થશે, એવું નિર્માણ થયેલું છે હિબ્રૂ ૯ : ૨૭.

એટલે કે દરેક માણસે એક વખત મરવાનું છે તો પછી હનોખ દેવની સંઘાતે ચાલ્યો, અને તે અલોપ થયો; કેમ કે દેવે તેને લઈ લીધો. ઉત્પત્તિ ૫ : ૨૪ એલિયા પણ મર્યા વગર અગ્નિ રથોમાં સ્વર્ગમાં ચાલ્યો ગયો ૨ રાજા ૨ : ૧૧.

તો આ બે જણ મરણ પામ્યા વગર સ્વર્ગે ગયા, તો શું ઈશ્વરનો નિયમ બદલાઈ જશે ? ઈશ્વરે તો આદમને કહ્યું હતું કે તું ધૂળ છે, ને પાછો ધૂળમાં મળી જશે, ઉત્પત્તિ ૩ : ૧૯. માણસ મર્યા વગર કેવી રીતે સ્વર્ગમાં જઈ શકે ?

**જવાબ :** પ્રભુ પોતાના નિયમથી બંધાઈ જતા નથી. જરૂર પડે ત્યારે તે નિયમને પલટી શકે છે અને પોતાની ઇચ્છા પ્રમાણે કરે છે. ઉપર જણાવેલ બંને માણસો ઈશ્વરને સોંપાયેલ, ઈશ્વરના પરમ ભક્ત હતા. તેઓ વિશ્વાસથી તારણ પામેલા હતા, તેથી પ્રભુએ તેમને સીધા પોતાની પાસે બોલાવી લીધા.

એમ જ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના લોકોને લેવા માટે આવશે. ત્યારે જેઓ જીવતા હશે, પણ પ્રભુ પર પૂરો પ્રેમ કરતા હશે, અને તારણ પામેલા હશે, તે મર્યા નહિ હોય તોપણ પ્રભુ તેમને પોતાની પાસે સ્વર્ગમાં ઉપર ખેંચી લેશે.

# ૧૨ ખ્રિસ્તીધર્મની સ્થાપના

**પ્રશ્ન : પાઉલે શા માટે યહૂદી ધર્મમાંથી એક ફાંટો અલગ કરીને ખ્રિસ્તીધર્મ ઉપસ્થિત કર્યો ?**

**જવાબ :** પાઉલેજે કાંઈ થવા દીધું, તે ઈશ્વરની ઈચ્છા પ્રમાણે હતું, તેની પોતાની ઇચ્છા પ્રમાણે નહિ. પ્રભુ ઈસુનું કહેવું તો એ હતું કે, પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરનારની મંડળી બંધાય . તે મંડળીના સભ્યો યહૂદીઓ હોઈ શકે, અને તારણ પામેલા વિધર્મીઓ પણ હોઈ શકે.

એટલે યહૂદીઓમાંથી વિશ્વાસ કરનારા એ મંડળીમાં પ્રવેશ પામ્યા અને વિધર્મીઓમાંથી પણ વિશ્વાસ કરનાર અને ખ્રિસ્તને સ્વીકારનાર મંડળીમાં દાખલ થયા એ નવો પંથ પાઉલે નહિ, પણ ઈસુ ખ્રિસ્તે સ્થાપેલો પંથ.

આ ઉપરાંત રોમન સામ્રાજયના છેલ્લા બાદશાહ કોન્સ્ટંટીનોપલને વધસ્તંભનું દર્શન થયું. તેથી તે ખ્રિસ્તી બન્યો અને રોમન સામ્રાજ્યના લોકો પણ ખ્રિસ્તી બન્યા. આમ, આ નવો પંથ ઈસુ ખ્રિસ્તે આપેલા સંદર્શન પ્રમાણે વધતો ગયો.

# ૧૩ યહોવા નામ સાથે જોડાયેલા નામોનો ખુલાસા

**પ્રશ્ન : બાઈબલ મૂળ (હિબ્રૂ) ભાષામાં યહોવા નામ સાથે જોડાયેલાં નામોના ખુલાસા કરશો.**

**જવાબ :**

| | |
|---|---|
| ૧. યહોવા–શાલોમ<br>ન્યાયાધીશો ૬:૨૪ | યહોવા આપણી શાંતિ, ગિદઓને યહોવાને સારુ વેદી બાંધી ને તેનું નામ યહોવા શાલોમ પાડ્યું. |
| ૨. યહોવા – રાહ<br>ગીતશાસ્ત્ર ૨૩:૧ | યહોવા મારો પાળક છે. |
| ૩. યહોવા–સીદકેતુ | યહોવા આપણું ન્યાયીપણું – મસીહા માટેનું નામ |
| યિર્મેયા ૩૩:૧૬ | તે સમયે યહુદાનો ઉદ્ધાર થશે ને યરુશાલેમ નિર્ભય રહેશે; અને તે 'યહોવા અમારું ન્યાયીપણું' એ નામથી ઓળખાશે. |
| ૪. યહોવા – શામ્માહ | યહોવા ત્યાં છે – (અહીં) છે. |
| હઝકીએલ ૪૮:૩૫ | તેની ચોતરફનું માત્ર માપ અઢાર હજાર કાઠી થાય અને તે દિવસથી તે નગરનું નામ યહોવા–શામ્માહ એટલે યહોવા ત્યાં છે, એવું પડશે. |
| ૫. યહોવા–સાબ્બાઓથ | સૈન્યોના સરદાર જરૂરના સમયે યહોવા આપણું સામર્થ્ય (બળ) છે. |
| ગીતશાસ્ત્ર ૪૬:૭, | આપણી સાથે સૈન્યોનો સરદાર યહોવા છે. |

| | |
|---|---|
| માલાખી ૩:૧૭ | સૈન્યોનો દેવ યહોવા કહે છે કે, તેઓ મારા થશે. |
| ૬. યહોવા-નિસ્સી | યહોવા આપણી ધ્વજા આપણો ઝંડો યહોવા આપણો વિજય |
| નિર્ગમન ૧૭:૧૫ | અને મોશેએ એક વેદી બંધાવીને તેનું નામ યહોવા - નિસ્સી પાડ્યું. |
| ૭. યહોવા - યિરેહ | યહોવા પૂરું પાડશે. |
| ઉત્પત્તિ ૨૨:૧૩, ૧૪ | અને અબ્રાહમે આંખો ઊંચી કરીને જોયું, ને જુઓ, પછવાડે એક ઘેટો ઝાડીમાં શિંગડાંએ ભરાયેલો હતો. અને અબ્રાહમ જઈને તે ઘેટાને લાવ્યો, ને પોતાના દીકરાને બદલે તેનું દહનીયાર્પણ કર્યુ અને તે જગાનું નામ અબ્રાહમે યહોવા- યિરેહ પાડ્યું, જેમ આજ લગી કહેવાય છે તેમ કે યહોવાના પહાડ પર પૂરું પાડવામાં આવશે. |
| ૮. મેકેડેશેઝમ | તને પવિત્ર કરનાર હું યહોવા. |
| નિર્ગમન ૩૧:૧૩ | યહોવાએ મોશેને કહ્યું કે, વળી તું ઈસ્રાએલ પુત્રોને કહે કે તમે જરૂર મારો વિશ્રામવારપાળો; કેમકે તમારી પેઢી દર પેઢી મારી ને તમારી વચ્ચે તે ચિહ્નરૂપ છે, એ માટે કે તમે જાણો કે, તમને પવિત્ર કરનાર તે હું યહોવા છું. |
| ૯. યહોવા એલ ગ્મોલા | પ્રતિફળ આપનાર છે. |
| યિર્મેયા ૫૧:૫૬ | કેમકે યહોવા તો પ્રતિફળ આપનારો દેવ છે, તે ખચીત બદલો લેશે. |

| | |
|---|---|
| ૧૦.યહોવા નાકેહ | શિક્ષા કરનાર ઈશ્વર  મારી આંખ |
| હઝકીએલ ૭:૯ | દરગુજર કરશે નહિ, ને હું દયા રાખીશ નહિ, હું તારાં આચરણનો બદલો લઈશ, ને તારાં ધિક્કારપાત્ર કૃત્યો તારી નજર આગળ લાવીશ, ત્યારે તમે જાણશો કે, હું યહોવા ખરેખર શિક્ષા કરનારો છું. |
| **એલ. દેવ એલની સાથે** | **આપેલાં સંયુક્ત નામો.** |
| ૧. એલ - એલીયોન | પરાત્પર ઈશ્વર |
| યશાયા ૧૪:૧૩,૧૪ | હું મેઘો પર આરોહણ કરીશ. હું પોતાને પરાત્પર સમાન કરીશ. |
| ૨. એલ-રોઈ | સામર્થ્યવાન જોનાર ઈશ્વર. અને યહોવા જે તેની સાથે વાત કરતો હતો, તેનું તેણે એલ-રોઈ એવું નામ પાડ્યું. કેમકે તેણે કહ્યું કે, જે મને દેખે છે. તેના પર અહીં મારી દષ્ટિ પડી શું ? સર્વસમર્થ ઈશ્વર. |
| ૩. એલ-શાદ્દાઈ | માની છાતી - માની છાતી પર બાળકને જે હૂંફ, પ્રેમ રક્ષણ મળે છે. |
| ઉત્પંત્તિ ૧૭:૧ | યહોવાએ અબ્રાહામને દર્શન આપી |
| ૨૦ | તેને કહ્યું,  સર્વસમર્થ દેવ હું છું. |
| ૪. એલ-ઓલામ | સર્વકાળ ટકનાર ઈશ્વર |
| યશાયા ૪૦:૨૮ | સનાતન ઈશ્વર. તેં શું નથી જાણ્યું ? તેં શું નથી સાંભળ્યું યહોવા તે સનાતન દેવ છે. પૃથ્વીના દિગંત સુધી ઉત્પન્ન કરનાર તે છે, તે નિર્ગત થતો નથી, ને થાકતો પણ નથી, તેની સમજણ અતકર્ય છે. |

# ૧૪ બેથલેહેમનો તારો

**પ્રશ્ન : બેથલેહેમનો તારો એ કયો તારો ? એ કોઈ નવો જ તારો હતો કે પછી હયાત તારાઓમાંથી એકનો ઈશ્વરે ઉપયોગ કર્યો ?**

**જવાબ :** આ પ્રશ્નો જવાબ કોઈ માનવી આપી શકે નહિ. ઈશ્વર એકલા જ એ જાણે છતાં સંશોધકોએ આ તારા સંબંધી સંશોધનો માટે પ્રયત્નો કર્યા છે, અને અનુમાનો આપ્યાં છે. નીચે એ બધાં આપું છું. એ સાચાં છે કે ખોટાં, એ સંબંધી અહીં કોઈ છણાવટ નથી કરી.

પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મ સમયે પૂર્વના દેશોના માગીઓ તારાની એંધાણીએ ઈસુનું ભજન કરવા આવ્યા. માથ્થી ૨ : ૨માં લખ્યું છે : ''યહૂદીઓનો જે રાજા જન્મ્યો છે, તે ક્યાં છે ? કેમ કે પૂર્વમાં તેનો તારો જોઈને અમે તેનું ભજન કરવા આવ્યા છીએ.''

સૈકાથી માણસોમાં જિજ્ઞાસા થયા કરે છે કે આ તારો કઈ જાતનો યા કયો તારો હશે. એ વિષે અનેક સંશોધનો તથા અનુમાનો કરવામાં આવ્યાં છે, અભિપ્રાયો રજૂ કરવામાં આવ્યા છે, અને મતો પણ ઊભા થયા છે.

સૃષ્ટિની ઉત્પત્તિના વર્ણનમાં ચોથે દિવસે સૂર્ય, ચંદ્ર તથા તારાઓની રજૂઆત છે. તેમાં તેઓને ઋતુઓ તથા દિવસો તથા વર્ષોને અર્થે ઠરાવવામાં આવ્યા. આ ઉપરાંત તેમને 'ચિહ્નો' અર્થે પણ કરાવવામાં આવ્યા. વળી જગતના અંત વિષે ભવિષ્યકથન કરતાં પ્રભુ ઈસુએ આ પ્રમાણે કહ્યું : ''અને તે દહાડાઓની વિપત્તિ પછી સૂરજ તરત અંધકારરૂપ થઈ જશે, ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે, ને આકાશથી તારા ખરશે, ને આકાશનાં પરાક્રમો હલાવાશે. (માથ્થી ૨૪:૨૯).

"અમે પૂર્વમાં તારો જોયો" એમાંથી "પૂર્વમાં" માટે ગ્રીક શબ્દ છે : 'એન તે આનાતોલે' એનો અર્થ "પૂર્વમાં' થાય, અને "એના ઉગમણળ વખ઼તે" પણ થાય.

માથ્થી ૨:૨માં 'તેનો તારો' શબ્દ વાપર્યા છે. અસલની ખ્રિસ્તી મંડળીનો ઓરિગન નામનો ધર્મપિતૃ (ઈ.સ.૨૦૦) માનતો હતો કે, બેથલેહેમનો એ તારો તદ્દન 'નવો તારો' હતો, એટલે કે આ ખાસ પ્રસંગને માટે જ એ નવો તારો સૃજવામાં આવ્યો હતો.

કેટલાક બીજા માને છે કે, એ તો બે ગ્રહો એ સમયે ભેગા થયા હતા, અને તેથી મોટો પ્રકાશ તેમાંથી નીકળતો હતો. શાહી ગણિતશાસ્ત્રી અને ખગોળવેત્તા જોહાનીસ કેપલરે પ્રાગ શહેરમાં દૂરબીન વડે ઈ.સ. ૧૬૦૩ના ડિસેમ્બરની ૧૭મીએ બે ગ્રહો શનિ તથા બૃહસ્પતિનો યોગ (યુતિ યા જોડાણ) જોયું અને નોંધ્યું હતું. બંને એક જ તારા જેવા દેખાતા અને બહુ પ્રકાશિત હતા. યહૂદી રાબ્બીઓનાં લખાણોમાં (રાબ્બી અબ-આર્બેનલનાં લખાણમાં) એવી માન્યતા નોંધેલી છે કે, મીન નક્ષત્રમાં શનિ અને બૃહસ્પતિના જોડાણ સમયે મસીહા જનમશે, કેપલરે વારંવાર કરેલી ગણતરી એમ બતાવે છે કે, ઈ.સ. પૂર્વે ૬માં મીન નક્ષત્રમાં શનિ અને બૃહસ્પતિનો યોગ થયો. આ વિષે પુસ્તકો પણ છાપ્યાં. (એ જ અરસામાં (ઈ.સ. પૂર્વે ૬ માં) પ્રભુ ઈસુનો જન્મ થયો.)

ઈ.સ. ૧૯૨૫માં જર્મન અભ્યાક્રમ અને નિષ્ણાત એવા પી.સ્કેનાબેલે બાબિલોનની પાછળથી પ્રચલિત થયેલી શંકુ આકારની લિપિ ઉકેલી. તે જમાનાની સંસ્થાઓનું આ લિપિમાં વર્ણન હતું. એમાં બાબિલોનના સિપાર શહેરની વેધશાળા (જ્યોતિવિદ્યા)નાં નિરીક્ષણો વિષે પણ વિસ્તારથી નોંધ છે. આપણા કેલેન્ડરની કાળ ગણતરી પ્રમાણે તથા બૃહસ્પતિના યોગનો અભ્યાસ (યા નિરીક્ષણ) આપ્યો છે.

આજે 'કોઝમિક' ઘડિયાળ દ્વારા હજારો વર્ષ પહેલાંની તારાઓ તથા નક્ષત્રોની કક્ષા જોઈ જાણી શકાય છે. વળી આજે પ્લોનેટોરિયમ

દ્વારા પણ એ જ રીતે હજારો વર્ષ પહેલાંની નક્ષત્રોની કક્ષા જોઈ - જાણી શકાય છે. ચાહે તે વર્ષ, માસ તથા તારીખની નક્ષત્રોની કક્ષાએ બંને રીતે અણીશુદ્ધ જાણી શકાયું છે. એ બંને પદ્ધતિ દ્વારા પણ જોઈ શકાયું છે કે, ઈ.સ. પૂર્વે ૭માં શનિ તથા બૃહસ્પતિની યુતિ થઈ હતી. કેપલરે ગણ્યું હતું તેમજ, વળી એ પણ જોઈ શકાયું છે કે, થોડા જ મહિનાના ગાળામાં ત્રણ વખત એ યોગ યા યુતિ થયાં હતાં. ગણિતની ચોક્કસ ગણતરીમાં દેખાયું એટલે કે પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે, આ ત્રણે જોડાણ ભૂમધ્ય સમુદ્ર આસપાસ વધુ સ્પષ્ટ દેખાયો.

અત્યારની ગણતરી મુજબ ઈ.સ. પૂર્વે ૭ના ફેબ્રુઆરીના અંતમાં શનિ તથા બૃહસ્પતિનું જોડાણ શરૂ થયું. બૃહસ્પતિ પોતાના કુંભ નક્ષત્રમાંથી નીકળીને મીન નક્ષત્રમાં શનિ તરફ વળ્યો. આ જોડાણ એપ્રિલની ૧૨મીએ સવારમાં દેખાવું શરૂ થયું. એ બંને ગ્રહોનું બીજું જોડાણ ઑક્ટોબર ૩જીએ (ઈ.સ. પૂર્વે ૭) થયું, અને ત્રીજો યોગ ડિસેમ્બર ૪થીએ થયો, ઈ.સ. પૂર્વે ૬ જાન્યુઆરીના અંતમાં બૃહસ્પતિ આઘો ખસી ગયો.

પ્રશ્ન એ થાય કે, પૂર્વ પ્રદેશના લોકો બેથલેહેમ કેમ ગયા ? ઈરાનના તથા આસપાસના વતનીઓ પ્રત્યેક જાણીતા તારાનો અર્થ કરતા, ખાલ્દીઓની માન્યતા મુજબ મીન નક્ષત્ર પશ્ચિમ ભણીના દેશોનું ચિહ્ન હતું. વળી યહૂદીઓમાં ચાલતી આવેલી માન્યતા પ્રમાણે મીન નક્ષત્ર ઈઝરાયલની નિશાની યા મસીહાનું ચિહન હતું.

વળી સૂર્યના જૂના માર્ગ અને નવા ભ્રમણની વચ્ચે આ નક્ષત્ર હોઈને એ જૂના જમાનાનો અંત અને નવા જમાનાના ઉદયના પ્રતીક તરીકે મનાતું. તે ઉપરાંત બૃહસ્પતિને બધી પ્રજાઓ રાજવી ગ્રહ માને છે, અને જૂની યહૂદી માન્યતા મુજબ શનિ ઈઝરાયલના રક્ષણની નિશાની ગણતું. બાબિલોનમાં શનિના ગ્રહને સિરિયા (આરામ) તથા પાલેસ્તાઈનનો ખાસ તારો કહ્યો છે.

હવે ઓક્ટોબર ૩જીએ (ઈ.સ. પૂર્વે ૭માં) આગળ ઉપર જણાવેલું બૃહસ્પતિ તથા શનિનું જોડાણ થયું. એ દિવસ યહૂદીઓનો પ્રાયશ્ચિત્તનો દિવસ હતો. કદાચ એ તારો (યોગ જોડાણ) જોઈને માગીઓએ મુસાફરી શરૂ કરી હોય. વેપારીઓની તથા અન્ય મુસાફરોની વણઝાર જે રસ્તે જતી તે પર ઊંટો દ્વારા મુસાફરી કરતાં દોઢ બે માસ વીતી જાય. આમ, એ માગીઓ નવેમ્બરના અંત ભાગમાં યરુશાલેમ આવી પહોંચે. એ સમયે બે ગ્રહોનું જોડાણ દેખાતું બંધ થયું હોય, અને આથી માગીઓ હેરોદ રાજા પાસે ખબર કાઢવા જાય. (માથ્થી ૨:૨, ૩). ફરી તેઓ હેરોદ પાસેથી બેથલેહેમ જવા નીકળ્યા, ત્યારે "તેઓ તારાને જોઈને મહા આનંદથી હરખાયા (માથ્થી ૨:૯, ૧૦). ખગોળવેત્તાઓના ઉપર જણાવેલા અભ્યાસ તથા નિરીક્ષણ પ્રમાણે બૃહસ્પતિ તથા શનિનું જોડાણ ફરી ડિસેમ્બર ૪થી એ ઈ.સ. પૂર્વે છમાં થયું.

બાઇબલના બીજા કેટલાક અભ્યાસકોનું માનવું એવું છે કે આ ખાસ તારો એ કોઈ તારો નહોતો, પણ આકાશી દૂત હતો. સામાન્ય રીતે તારાઓ ચાલતા, એટલે કે મુસાફરીની આગળ આગળ ચાલતા હોતા નથી, મકાન (ગભાણ) પર થંભતા નથી. આ તારો નહિ, પણ ખાસ કામગીરી સોંપાયેલો દૂત હતો. બાઇબલમાં કેટલીયે જગાએ 'દૂતો'ને માટે 'તારા' શબ્દ વપરાયો છે. દાખલા તરીકે, અયૂબ ૩૮:૬ "જ્યારે પ્રભાતના તારાઓ ભેગા મળીને ગાયન કરતાં હતાં, અને સર્વ દેવદૂતો હર્ષનાદ કરતા હતા" પ્રકટીકરણ ૯:૧, ૨ "જ્યારે પાંચમા દૂતે વગાડ્યું, ત્યારે મેં એક તારો આકાશમાંથી પૃથ્વી પર પડેલો જોયો, 'તેને' માટે પુલિંગ (પુરુષવાચક સર્વનામ) વાપર્યું છે, અંગ્રેજીમાં Him/He એટલે કે વ્યક્તિ માટે વપરાય તેવું સર્વનામ વાપર્યું છે. એટલે આ મત માનનારા કહે છે કે, એ તારો દૂત હતો.

## ૧૫ દુનિયાને કોણ ધરી રાખે છે ?

**પ્રશ્ન : દુનિયાને કોણ ધરી રાખે છે ? આખા વિશ્વને પ્રભુ ઈસુ પોતાના સામર્થ્યથી ધરી રાખે છે, તો જ્યારે પ્રભુ ઈસુ પોતાનું સામર્થ્ય બાજુ પર મૂકીને પૃથ્વી પર આવ્યા, ત્યારે વિશ્વને કોણ ધરી રાખતું હતું ?**

**જવાબ :** દીકરાનું સામર્થ્ય પિતા અને પવિત્ર આત્માના સામર્થ્યથી અલગ કરી શકાય નહિ, માનવી ભાષા પ્રમાણે વિચારીએ તો જ્યારે પુત્ર પૃથ્વી પર હતો, ત્યારે પિતાએ પોતાના સામર્થ્ય વડે વિશ્વને ધરી રાખ્યું હતું. પિતાનું સામર્થ્ય અને પુત્રનું સામર્થ્ય અલગ અલગ નથી.

# ૧૬ ઈસુની પાછળ જવું

**પ્રશ્ન : પણ ઈસુએ તેને કહ્યું કે, તું મારી પાછળ આવ ને મૂએલાંઓને પોતાના મૂએલાંઓને દાટવા દે. માથ્થી ૮:૨૨ આ કલમ સમજાવશો.**

**જવાબ :** પહેલી નજરે વાંચતાં આપણને એમ લાગે છે કે, પ્રભુ ઈસુ આ માણસ પ્રત્યે જાણે કઠોર રીતે વર્તે છે. કારણ તેના બાપને દાટવાનું ના કહે છે.

પણ વાત એમ નથી. હકીકત તો એમ છે કે, તે માણસને ઈસુની પાછળ જવું હતું, પણ હમણાં નહિ, બાપને દાટવાની વાત તો ખાલી બહાનું કાઢ્યું હતું કે ઈસુની પાછળ હમણાં નહિ, પણ મોડો જઈશ. એ માણસના બાપા માંદાય નહોતા અને મરી પણ ગયા ન હતા. તેથી તેને હમણાં સંસારમાં રહેવું હતું, અને ઈસુની પાછળ હમણાં નહિં, પણ મોડા જવું હતું. તેથી તેણેં બાપને દાટવાનું બહાનું કાઢ્યું, જેથી તે સંસાર ભોગવ્યા પછીં પાછળથી ઈસુની પાછળ જાય, તેથી આ બહાનું ધર્યું. એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તે તેને કહ્યું કે, હમણાં તું મારી પાછળ આવ, અને બીજા માણસો મૂએલાને દાટશે.

❉

# ૧૭ પ્રભુ ઈસુના ચમત્કારોને લગતા પ્રશ્નો

**પ્રશ્ન : ૧ : માર્ક ૫ : ૪૩ માં જણાવ્યા પ્રમાણે પ્રભુ ઈસુએ પોતાના ચમત્કારો વિષે અન્યને ના કહેવાની તાકીદ કેમ કરી ?**
**"અને તેણે તેઓને તાકીદ કરી કે, કોઈ એ ન જાણે, અને તેણે તેને કંઈ ખાવાનું આપવાની આજ્ઞા કરી."**
**માર્ક ૫ : ૪૩**

**જવાબ :** માર્ક ૫ : ૪૧ – ૪૩ માં જણાવેલી વાતના સંબંધમાં આપણે એ યાદ રાખવું જોઈએ કે પ્રભુ ઈસુના પ્રથમ આગમન સમયે, તેમનો નકાર થવા માટે તે આવ્યા હતા. તેથી તે સમયે જેઓ તેમના પર વિશ્વાસ કરતા હતા, તેમની આગળ તે પોતે પ્રગટ થયા. પણ તેમના વિરાધીઓથી તે છૂપા – અપ્રગટ રહ્યા.

ઈશ્વરપિતાની ઈચ્છા એ હતી કે, ઈસુ વધસ્તંભ પર બલિદાન બને . તેથી રોમન ૧૧ માં જણાવ્યા પ્રમાણે ઈસ્ત્રાએલીઓની આંખો બંધ રખાયેલી હતી, જેથી તેઓ ઈસુ પર વિશ્વાસ કરે નહિ.

પ્રશ્ન : ૨ માર્ક ૭ : ૨૭, ૨૮ માં જણાવ્યા પ્રમાણે બાળકો – છોકરાં કોણ છે, અને કૂતરા કોણ છે ?

**જવાબ :** માર્ક ૭ : ૨૭, ૨૮ પણ ઈસુએ તેને કહ્યું કે, છોકરાંને પહેલાં ધરાવા દે; કેમકે છોકરાંની રોટલી લઈને કૂતરાંને ફેંકવી એ વાજબી નથી. પણ તેણે તેને ઉત્તર આપ્યો કે હા, પ્રભુ, કૂતરાં પણ મેજ તળે છોકરાંના કકડામાંથી ખાય છે.

સહુ પ્રથમ પ્રભુ ઈસુ ઈસ્ત્રાએલ માટે રાજ્ય સ્થાપવા આવ્યા હતા. ઈસ્ત્રાએલીઓએ ઈસુનો રાજા તરીકે નકાર કર્યો પછી જ તે

વિદેશીઓ પાસે ગયા. માર્ક ૭ઃ૨૭ની કલમમાં જણાવેલાં છોકરાં તે યહૂદી માણસો પ્રજા છે. અને અહીં વિદેશીઓને 'કૂતરા' ગણેલ છે. ઈસ્ત્રાએલમાં વિદેશીઓને સામાન્ય રીતે કૂતરાં તરીકે ગણવામાં આવતાં.

માર્ક ૭માં જણાવેલી સ્ત્રી એ બાબત સમજી શકી કે, ખ્રિસ્ત માત્ર ઈસ્ત્રાએલના રાજા તરીકે જ આવ્યા નથી, પણ વિદેશીઓના તારનાર તરીકે પણ આવ્યા છે. કલમ ૨૮માં જણાવેલા સ્ત્રીએ આપેલા જવાબથી પ્રભુ ઈસુ પ્રભાવિત થયા, અને તેના વિશ્વાસથી તેની દીકરીને સાજાપણું આપીને તેને માન્યતા આપી, અને વિશ્વાસીઓમાંની એક ગણી એટલે કે તે કૂતરા સમાન નથી.

# ૧૮ તારણ

**પ્રશ્ન : ૧ પિતર ૪:૧૮માં લખ્યું છે કે, અને જો ન્યાયી માણસનો ઉદ્ધાર મુશ્કેલીથી થાય છે, તો અધર્મી અને પાપી માણસનું ઠેકાણું ક્યાં પડશે ? ખરાબ ગણાતા માણસો માટે તેમાં શી આશા હતી ?**

**જવાબ :** આપણે જે દુનિયામાં રહીએ છીએ તેની દુષ્ટ રીત-રસમો જોતાં કોઈ પણ માણસને માટે તારણ મેળવવું ખૂબ કઠિન બની જાય છે. એટલું જ નહિ પણ માણસો પાપના ગુલામ જ બની રહે માટે શેતાન સતત પ્રયત્ન કરે છે.

પણ પ્રભુ ઈસુને હાંક મારનાર કોઈ પણ વ્યક્તિને બચાવવા અને તારણ આપવા માટે પ્રભુ ઈસુનું સામર્થ્ય જરા પણ ઓછું નથી, પણ પ્રભુ ઈસુનું સામર્થ્ય પૂરતું છે. વ્યક્તિનું તારણ,કરવાનું કાર્ય પ્રભુ ઈસુને માટે સાવ સહેલું છે પણ મુશ્કેલીની બાબત એ છે કે કેટલાં બધાં માણસો તારણ પામવા ઇચ્છતાં જ નથી. કેટલાં બધા માણસો પસ્તાવો કરવા ઇચ્છતાં નથી, કેટલાં બધા માણસો પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરતાં નથી, વળી ઘણાં માણસો પ્રભુ ઈસુને હાંક જ મારતાં નથી. ઘણાં બધાં દુન્યવી આકર્ષણો માણસોને પ્રભુ ઈસુને આધીન થવાથી પાછાં રાખે છે.

એ બધાં ભયસ્થાનો, પરીક્ષણો, જોખમો વિષે વિચાર કરીએ તો પિતરનો કહેવાનો અર્થ આપણે સમજી શકીએ. દારૂ અને અન્ય માદક પદાર્થો, સિનેમા, ડાન્સ, જુગાર, સસ્તી નવલકથાઓ, નાસ્તિકતા, જૂઠા પ્રબોધકો અને એવી અનેક બાબતો વ્યકિતને તારણ પામતાં અટકાવે છે.

આવી ભયંકર બાબતો હોવા છતાં વ્યક્તિ તારણ પામે છે, કારણ એ ઈશ્વરની કૃપા છે.

આવી ભયાનક બાબતો વ્યક્તિને તારણ પામવામાં અંતરાયરૂપ નીવડે છે અને તારણ પામવામાંથી બાકાત રાખે છે. તો જેને ઈશ્વરનો વિચાર સરખોયે આવતો નથી, એવો ઈશ્વરરહિત માણસ કેવી રીતે તારણ પામી શકે ?

**પ્રશ્ન : ખ્રિસ્તી કે અખ્રિસ્તી ઘરમાં જન્મેલાં બાળકો સ્વર્ગમાં જશે ?**

**જવાબ :** બાળકો અને મંદબુદ્ધિનાં માણસો જેમનામાં ભલું ભૂંડું પસંદ કરવાની શક્તિ ખીલી નથી, એટલે બધાં જ બાળકો સ્વર્ગમાં જશે. ખ્રિસ્તી ઘરનાં બાળકો હોય, કે અન્યધર્મી કુટુંબનાં બાળકો હોય, તોપણ તેઓ સ્વર્ગમાં જશે.

ઘણાં એમ માને છે કે, ખ્રિસ્તી ઘરનાં બાળકો સ્વર્ગમાં જશે. કારણ કે તેઓ ખ્રિસ્તી ઘરમાં જન્મ્યાં છે. એ વાત બરાબર નથી. બિલાડીનાં બચ્ચાં દેવળમાં જન્મે, માટે તે ખ્રિસ્તી નથી. ખ્રિસ્તી ઘરનાં બાળકોમાં ભલું ભૂંડું સમજવાની કે પસંદ કરવાની શક્તિ ખીલી નથી, માટે તેઓ સ્વર્ગમાં જશે. નહિ કે તેઓ ખ્રિસ્તી કુટુંબમાં જન્મ્યાં તેથી.

ખ્રિસ્તી ઘરમાં જન્મેલાં બાળકો ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ પામ્યાં હોય, ખ્રિસ્તનો સ્વીકાર કરવાથી તારણ છે એ જાણ્યું હોય, પણ તેમણે ખ્રિસ્તનો સ્વીકાર ના કર્યો હોય, તો તેઓ સ્વર્ગમાં જશે નહિ.

## ૧૯ આદમનું મરણ

**પ્રશ્ન : જો આદમે પાપ ના કર્યું હોત, તો તે મરણ પામત શું ?**

**જવાબ :** ઈશ્વરે માણસને અમર બનાવ્યો હતો. પણ પાપના કારણે મનુષ્ય જીવનમાં મરણ પ્રવેશ્યું અને મરણ તેના જીવનમાં રાજ કરવા લાગ્યું. તેથી જો આદમે પાપ ના કર્યું હોત, તો તે મરત નહિ. માણસ જાતમાં પાપ પ્રવેશ્યું, તે આદમના મૂળ પાપને લીધે. જો પ્રભુને જરૂર હોત, તો ઈશ્વર આદમને ઉપર લઈ લેત. પણ તેમ ન કરતાં મરણ દ્વારા તેને ઉપર બોલાવી લીધો.

# ૨૦ ઉત્પત્તિને લગતા પ્રશ્નો

**પ્રશ્ન : ૧ દૂતોને આદમ અને હવા કરતાં પહેલા બનાવવામાં આવ્યા હતા કે મોડા ?**

**જવાબ :** દૂતોને આદમ અને હવાની પહેલાં બનાવવામાં આવ્યા હતા. આદમ અને હવાને પરીક્ષણમાં નાખનાર એ એક મોટો દૂત હતો. એ પરીક્ષણમાં નાખનાર શેતાન અગાઉ એક મોટો દૂત હતો. બાઈબલમાં એનો સમય આપ્યો નથી. શેતાનનો ગર્વ શેતાનનું પતન યશાયા ૧૪:૧૨ થી ૧૫.

**પ્રશ્ન - ૨ : હવે યહોવા દેવનાં બનાવેલાં ખેતરનાં સર્વ જાનવર કરતાં સર્પ ધૂર્ત હતો તેમ જણાવ્યું છે. અગાઉની કલમોમાં તેણે એક પણ ધૂર્ત કાર્ય કરેલું નથી તો તેને અગાઉથી કેમ ધૂર્ત કહ્યો ?**

**જવાબ :** ઈશ્વર અગાઉથી જાણતા હતા કે શેતાન અને સર્પ બન્ને અતિ ધૂર્ત હતા કારણ બાઈબલમાં બધે જ શેતાનને સાપના રૂપમાં કલ્પવામાં આવ્યો છે. ઉત્પત્તિ ૩. ૧૩ –દેવે સાપને શાપ આપ્યો છે, એટલે જુઓ ૧૫મી કલમ ''અને તારી અને સ્ત્રીની વચ્ચે તથા તારાં સંતાનની ને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ. તે તારું માથું છૂંદશે, તેને તું તેની એડી છૂંદશે.'' યોહાન બાપ્તિસ્મા લેવા આવનારને કહે છે કે 'ઓ સર્પોના વંશ આવનાર કોપથી તમને કોણે ચેતવ્યા માથ્થી ૩:૭.

અહીં સર્પોના વંશ એટલે સાપ કે શેતાનના વંશ. બાઈબલમાં ઘણાં અન્ય સ્થળોએ સાપ અને શેતાનને એક ગણવામાં આવ્યા

છે અને શેતાન સાપ બંને ધૂર્ત હતા, તે ઈશ્વર જાણતા હતા. અને અહીં શેતાન એ સાપના રૂપમાં સ્ત્રીનું પરીક્ષણ કરવા આવ્યો છે.

**પ્રશ્ન-૩ : યહોવા દેવે કહ્યું, માણસ આપણામાનાં એક સરખો ભલું-ભૂંડું જાણનારો થયો છે. આપણામાંનો એકસરખો એટલે એદનવાડીની અંદર બીજા કોણ ? તેઓની સંખ્યા કેટલી ? તથા દેવની જેમ ભલું-ભૂંડું જાણનારાં બીજાં કયાં કયાં પાત્રો હતાં ?**

**જવાબ :** એદનબાગમાં તો આદમ અને હવા એમ બે હતાં એટલે આદમ અને હવા જેમણે ફળ ખાધું તેઓ બે જણાં હતાં. ફળ ખાનાર બે જણાં જ ભલું-ભૂંડું જાણનાર થયાં. દેવના જેમ ભલું - ભૂંડું જાણનાર તેઓ બે જણ આદમ અને હવા હતાં. આદમ અને હવાએ તો દુઃખભર્યા અનુભવ દ્વારા જ જાણ્યું કે ભલા-ભૂંડાંનું કેવું ફળ આવે છે જ્યારે ઈશ્વર તો ઈશ્વર હોઈને ભલાભૂંડાનું ફળ કેવું હોય તે આપોઆપ જાણે છે.

**પ્રશ્ન - ૪ : રખેને માણસ હાથ લાંબો કરી જીવનના વૃક્ષનું ફળ તોડીને ખાય અને સદાં તે જીવતો રહે : આ પ્રશ્નનો ગંભીર-ડર શા માટે હતો ?**

**જવાબ :** જીવનનું ફળ ખાવાથી માણસ અખંડ સદાકાળ જીવતો રહે એટલે કે એ તેની પાપી અવસ્થામાં પાપને કારણે એ સદાકાળ જીવતો રહે એ કેટલું ભયંકર થાય. કેટલી ભૂંડી હાલત થાય. પણ તે મરણ પામે સદાકાળ નાશ ન પામે તે તેની શાંતિભર્યું હતું. મરણ પામે તો પાપ ના થાય.

✲

# ૨૧ બાઈબલ

**પ્રશ્ન : સૌ પ્રથમ બાઈબલ કઈ ભાષામાં લખાયું તથા કયા દેશમાં અને બાઈબલ ઉત્પત્તિથી પ્રકટીકરણ સુધી જે હાલ છે. તેની અગાઉની આવૃત્તિ હોય તેવું લાગ્યા કરે છે ? શું આ ભ્રમ સત્ય તરફ હશે ?**

**જવાબ :** જૂનો કરાર હિબ્રૂ ભાષામાં લખાયો અને નવો કરાર ગ્રીકભાષામાં લખાયો. દેશો વિષે પૂછો છો, તો જણાવવાનું કે બહુ દેશોમાં લખાયાં. જેમકે દાનિયેલનું પુસ્તક ઈરાન અને બાબેલોનમાં લખાયું. અને મોશેનાં પાંચ પુસ્તકો મીસરમાં અને અરણ્યમાં તેમજ ઈગ્લસહોલ દેશમાં લખાયાં. ઘણા ખરા પત્રો રોમન રાજ્યનાં ઘણાં કેદખાનામાં લખાયાં પ્રકટીકરણ એજિયન ટાપુઓના પાન્સમાં લખાયું. બધાં પુસ્તકો જુદા જુદા દેશમાં લખાયાં તેનો નિર્દેશ કરવો લાભદાયી નથી. અત્યારે જે બાઈબલ છે તેની અસલ આવૃત્તિ એ જ હતી.

# ૨૨ પ્રભુ ઈસુની તલવાર

**પ્રશ્ન : એક ભાઈએ પ્રશ્ન આપ્યો છે, તે પ્રમાણે છે.**

**યશાયા ૯ : ૬ ના છેલ્લા ભાગમાં પ્રભુઈસુને અદભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા અને શાંતિનો સરદાર એવું નામ આપવામાં આવ્યું છે. જ્યારે માથ્થી ૧ ૦ : ૩ ૪ માં કહેવામાં આવ્યું છે - પૃથ્વી પર શાંતિ કરાવવાને હું આવ્યો છું, એમ ન ધારો શાંતિ તો નહિ, પણ તલવાર ચલાવવાને હું આવ્યો છું. આ વચનોનો અર્થ સમજાવશો.**

**જવાબ :** આના અનુસંધાનમાં માથ્થી ૧ ૦ : ૩ ૪ – ૩ ૭ વાંચો. પૃથ્વી પર શાંતિ કરાવવાને હું આવ્યો છું, એમ ન ધારો, શાંતિ તો નહિ, પણ તલવાર ચલાવવાને હું આવ્યો છું. કેમ કે માણસને તેના બાપને ઊલટો, તથા દીકરીને તેની માને ઊલટી તથા વહુને તેની સાસુની ઊલટી કરવાને હું આવ્યો છું. અને માણસના વૈરી તેના ઘરમાંના જ થશે. મારા કરતાં જે બાપ અથવા મા પર વત્તી પ્રીતિ કરે છે, તે મારે યોગ્ય નથી, અને દીકરા કે દીકરી પર જે મારા કરતાં વત્તી પ્રીતિ કરે છે, તે મારે યોગ્ય નથી. આ પ્રશ્ન અને જવાબને તમે બહુ ધ્યાનપૂર્વક બે વખત વાંચી જશો, તો સવાલનો જવાબ તમને માથ્થીવાળા લખાણમાંથી આપોઆપ મળી જશે.

પ્રભુ ઈસુ તો હૃદય, મન અને સામર્થ્યનો સંપૂર્ણ પ્રેમ આપણી પાસે માગે છે. અધૂરો પ્રેમ તે નથી માગતા. તમારા પ્રેમની ચાવીઓનો આખો જ ઝુમખો તે પોતાના હાથમાં માગે છે. તે તમારો સો ટકા પ્રેમ માગે છે. તમે ૭ ૦ ટકા મા કે બાપ પર પ્રેમ રાખો તે ન

ચાલે. પ્રભુ ઈસુ તો તમારો સોએ સો ટકા પ્રેમ માગે છે.

આમ, પ્રભુને સો ટકા પ્રેમ આપો તો જ તે તમને પોતાના સંપૂર્ણ શિષ્ય ગણશે નહિ તો તમે સો ટકા શિષ્ય નહિ. પણ અધૂરા છો.

પ્રભુ ઈસુ અહીં સો ટકા પ્રેમની માગણી કરે છે, તેમાં તે તમને સ્વર્ગીય શાંતિ આપશે. તમારે માનો, બાપનો, પતિ, પત્નીનો કાપ મૂકવો પડે. તો જ તમે સાચા શિષ્ય બનો અને સ્વર્ગીય અનંતજીવન તમને મળે નહિ તો પ્રભુના ધોરણ પ્રમાણે તમે કમતી માલુમ પડો છો.

લગ્નમાં પ્રશ્ન પૂછવામાં આવે છે કે તમે બધાંને છોડીને તેમને એકલાને વળગી રહેશો ? આમાં કોઈને છોડવાની વાત નથી. પણ સંપૂર્ણ પ્રેમ અને સંપૂર્ણ સ્થાન આપવાની વાત છે. પ્રભુ ઈસુ તમારો સો ટકા સંપૂર્ણ પ્રેમ માગે છે.

આધીનતામાં, આજ્ઞાપાલનમાં, પ્રભુ ઈસુ માબાપ કે વહાલાંઓ કરતાં મોખરે રહે છે. એટલે આ તલવાર ચલાવવાની વાતમાં તમારે કુટુંબીઓમાં કોઈના પર કાપ મૂકવો પડે. એટલે ઈસુએ તલવાર ચલાવી, એમ તેનો ગર્ભિત અર્થ થાય.

આ વાત સમજવામાં સહેલી છે. તલવાર ચલાવવી એટલે કોઈને હૃદય પર ઓછું સ્થાન આપી, પ્રભુ ઈસુને સંપૂર્ણ સ્થાન આપો છો.

માર્ક ૧૦:૨૮-૩૦ પિતર પ્રભુ ઈસુને કહેવા લાગ્યો તો અમે બધું મૂકીને તારી પાછળ આવ્યા છીએ. ઈસુએ તેને કહ્યું કે, હું તમને ખચીત કહું છું કે, જે કોઈએ મારે લીધે તથા સુવાર્તાને લીધે પોતાના ઘરને કે ભાઈઓને કે બહેનોને કે માને કે બાપને કે છોકરાંને ખેતરોને મૂકી દીધાં હશે, તે હમણાં આ કાળમાં સોગણાં ઘરોને તથા ભાઈઓને તથા બહેનોને તથા માઓને તથા છોકરાંને તથા ખેતરોને સતાવણી સુદ્ધાં તથા આવતા કાળમાં અનંતજીવન પામ્યા વગર રહેશે નહિ.

વધારે ખુલાસા માટે ઈસુના શબ્દો : માથ્થી ૧૨:૪૬-૫૦ લોકોને તે વાત સંભળાવતો હતો એટલામાં જુઓ તેની મા તથા તેના ભાઈઓ આવીને બહાર ઊભાં હતા. ત્યારે કોઈએ તેને કહ્યું કે, જો તારી મા ને તારા ભાઈઓ બહાર ઊભાં છે ને તેઓ તારી સાથે વાત કરવા માગે છે. પણ પેલા કહેનારાને તેણે ઉત્તર દીધો કે, મારી મા અને મારા ભાઈઓ કોણ છે ? અને તેણે પોતાના શિષ્યો તરફ પોતાનો હાથ લાંબો કરીને કહ્યું કે, જુઓ, મારી મા અને મારા ભાઈઓ ! કેમ કે મારા આકાશમાંના બાપની ઇચ્છા પ્રમાણે જે કોઈ કરે, તે જ મારો ભાઈ તથા બહેન તથા મા છે.

એક વખતે એક પાળક સાહેબ એક યુવક-યુવતીનાં લગ્ન કરાવતા હતા. પાળક સાહેબ યુવકને પ્રશ્ન પૂછશે, 'બીજાં બધાંને મૂકીને તમે તેને વળગી રહેશો ? યુવકે કહ્યું, 'ના સાહેબ' પાળકસાહેબે યુવકને ફરી તે જ પ્રશ્ન પૂછયો. યુવકે કહ્યું : 'ના સાહેબ'.

પાળકસાહેબે કહ્યું, આ છેલ્લી વાર પ્રશ્ન પૂછું છું. 'બીજાં બધાંને મૂકીને તમે તેને વળગી રહેશો ?'' – ત્યારે યુવકે કહ્યું : 'હા સાહેબ, યુવકના મનમાં એમ કે, બધાંને શા માટે મૂકી દઉં ? તેને પણ પ્રેમ કરીશ.

આમાં બીજાં બધાંને મૂકી દેવાની વાત નથી. પણ પત્નીને સંપૂર્ણ સ્થાન આપીને સંપૂર્ણ પ્રેમ કરવાની વાત હતી.

એમ, આ બાબતમાં આ રીતે ઈસુની તલવાર ચાલે છે.

એમ જ ખ્રિસ્તને એકલાને સંપૂર્ણ, સો ટકા પ્રેમ આપવાનો છે. એમાં પ્રભુ ઈસુની તલવાર ચાલે છે.

## ૨૩ "તે પૃથ્વી પર ધર્મસ્થાપિત કરશે"

**પ્રશ્ન :** યશાયા ૪૨:૩, ૪ (માથ્થી ૧૧:૨૦) છુંદાએલા બરુને તે ભાંગી નાખશે નહિ. અને મંદ મંદ સળગતી દીવેટને તે હોલવશે નહિ, સત્ય પ્રમાણે તે ધર્મ પ્રગટ કરશે, તે પૃથ્વી પર ધર્મ સ્થાપિત કરશે, ત્યાં સુધી તે મંદ થનારી નથી.

અને ટાપુઓ તેના બોધની વાટ જોશે.

દુનિયાના મહાન પ્રચારકો, બોધકો, ઉપદેશકો જણાવે છે કે, 'ધર્મથી તારણ નથી.' ધર્મ માણસને પાપથી બચાવતો નથી. અને પ્રભુ ઈસુએ દુનિયા પર કોઈ ધર્મ સ્થાપન કર્યો નથી. એમણે તો માણસને પાપથી બચાવવાનો ઈલાજ કર્યો છે. તો ઉપરની કલમમાં 'તે પૃથ્વી પર ધર્મ સ્થાપિત કરશે.' તો એનો મર્મ અને કલમોનો ખુલાસો જણાવશો ?

**જવાબ :** છુંદાયેલું બરુ - બરુ તે વાંસળી, પાવો, વગેરે ફૂંકવાનાં વાજિંત્રો બનાવવા માટે વપરાતું હતું. પણ જો તે ફાટેલું, છુંદાયેલું હોય, તો તેમાંથી ફૂંકવાનાં વાજિંત્રો બની શકે નહિ, તેથી ઉપયોગી થાય નહિ.

તો માણસો પણ જેઓ નકામાં જેવાં છે, તેનો ધર્મને માટે ઉપયોગી થઈ શકે નહિ, આવાં માણસો બિન ઉપયોગી બની જાય છે.

પ્રશ્નમાં સાચું છે કે, પ્રભુ ઈસુએ ધર્મ સ્થાપ્યો નથી. એ વાત ખરી છે, પ્રભુ ઈસુએ બલિદાન બનીને આપણને જીવનનો માર્ગ

બતાવ્યો છે. એ પ્રભુ ઈસુ ખ્રિસ્ત તો છુંદાયેલા બરુ જેવા નકામા બની ગયેલા લોકોને પોતાના કામમાં વાપરીને પોતના માર્ગમાં ચલાવી શકે છે.

તે આવા છુંદાયેલા બરુ જેવા લોકોને ઉપયોગી.બનાવીને ધાર્મિક બનાવીને વાપરશે. પ્રભુ ઈસુ છુંદાયેલા બરુ જેવા લોકોને તેમના માર્ગ માટે ઉપયોગી બનાવે છે.

દુનિયા જેને નકામા અને બિનઉપયોગી ગણે છે, તેવા લોકો પ્રત્યે પ્રભુ ઈસુ દયાભાવ લાવે છે અને તેમને ઉપયોગી બનાવે છે. બળવાનોને એકત્ર કરીને ક્રાંતિ કરવા માટે નહિ, પણ નબળાંઓ પર દયાભાવ બતાવીને તેમને પોતાના માર્ગને માટે ઉપયોગી ગણે છે, અને તેમને ઉપયોગી બનાવે છે.

## ૨૪ · મૃત્યુ પ્રસંગે

**પ્રશ્ન : એક બહેનનો પ્રશ્ન છે કે તેમનાં મા મૃત્યુશય્યા પર હતાં, ત્યારે તેમના અગાઉ મૃત્યુ પામેલા બાપ યાદ આવ્યા કરતા હતા. તો એ એવી માનસિક પરિસ્થિતિ હશે કે વાસ્તવિક એમ બનતું હશે ?**

**જવાબ :** બાઈબલમાં એવો કોઈ સિદ્ધાંત કે હંમેશાં એવું બનતું હોય તેવી વાત આપવામાં આવી નથી. પણ માણસ મરણ પથારીએ હોય, ત્યારે તેને પોતાનાં અગાઉ મૃત્યુ પામેલાં સગાંવહાલાં યાદ આવે છે. આ તો જગતભરમાં આવું બને છે.

લોકો મરણપથારીએ હોય અને તેમના છેલ્લા શબ્દો ડૉક્ટરોએ લખ્યા હોય, એવાં પુસ્તકો મેં વાંચ્યાં છે અને મારી પાસે તેવાં પુસ્તકો છે.ઘણાંના હેવાલ પણ મેં સાંભળ્યા છે.બીજું કે, આ બાબતના ધાર્મિક શિક્ષણમાં આપણે આપણાં અગાઉ ગયેલાં વહાલાંઓને મળીશું એ શીખીએ છીએ. ગીતકર્તાએ લખ્યું છે કે - વહાલાં માતપિતાને બાળકો રે / સહુને જોઈશું તે સુખધામ / મારો ખ્રિસ્ત પ્રભુજી આવશે રે.

એટલે એ શિક્ષણ આધારે તેઓ મરણની ઘડીએ પોતાનાં અગાઉ ગયેલાં વહાલાંઓને જોતાં હોય, એવું તેમને લાગે છે.

આ તો માનસિક પરિસ્થિતિ છે, જેઓને ચાહ્યાં હોય અને અગાઉ ગયાં હોય. તેઓને જોવાની આશા. તેઓને હોય છે. તેથી તેવા આભાસ તેઓને દેખાય. તેમાં કશું ખોટું પણ નથી.

ઘણાં મરતાં માણસોની સાથે મારે આ સંબંધી વાતચીત થઈ છે, અને તેમના છેલ્લા શબ્દોમાં આવું માલૂમ પડ્યું છે.

# ૨૫ પ્રભુ ઈસુનું પુનરુત્થાન

**પ્રશ્ન : યોહાન ૨૦:૧૭ ઈસુ તેને (મગ્દાલાની મરિયમને) કહે છે કે, હજી સુધી હું બાપ પાસે ચઢી ગયો નથી, માટે મને સ્પર્શ ન કર - પણ મારા ભાઈઓની પાસે જઈને તેઓને કહે કે, જે મારો બાપ તથા તમારો બાપ અને મારો દેવ તથા તમારો દેવ તેની પાસે હું ચઢી જાઉં છું.**

**યોહાન ૨૦:૨૭ પછી ઈસુ થોમાને કહે છે કે, તારી આંગળી અહીં સુધી પહોંચાડીને મારા હાથ જો. અને તારો હાથ લાંબો કરીને મારી કૂખમાં ઘાલ. અને અવિશ્વાસી ન રહે, પણ વિશ્વાસી થા.**

**જવાબ :** મરિયમને સ્પર્શ કરવાનું ના કહ્યું, તેમાં વિલંબ ન કર, પણ વહેલી જઈને ભાઈઓને ખબર આપ. અહીં રોકાઈ રહેવામાં વિલંબ ના કર.

બીજું કે, પ્રભુ ઈસુનો પૃથ્વી પરનો માનવીય સંબંધ અહીં પૂરો થાય છે. કારણ કે તે આકાશમાં ચઢી જઈને ઈશ્વર તરીકેનો સંબંધ સર્વ શિષ્યો અને શિષ્યાઓ સાથે રાખશે. તેથી પૃથ્વી પરના સંબંધ માટે ના કહે છે પણ આકાશમાંથી તે આકાશના ઈશ્વર તરીકે માનવીઓ સાથે સંબંધ રાખનાર છે તે અગત્યની બાબત છે, તે તે ભૂલી ના જાય. પ્રભુ ઈસુને પકડી રાખવાની જરૂર નથી.કારણ કે પ્રભુ ઈસુએ સ્વર્ગે ચઢી જવાનું છે.

શિષ્યોને સ્પર્શની હા પાડી કારણ કે પ્રભુ ઈસુનાં વીંધાયેલાં અંગોને જોઈ તપાસીને ખાતરી પામે કે તે તે જ ખ્રિસ્ત છે કે જે મૃત્યુમાંથી સજીવન થયા. તે ખાતરી તેઓ પામે માટે સ્પર્શ કરીને ખાતરી મેળવવા કહ્યું..

## ૨૬ કાઈનની પત્ની

**પ્રશ્ન : ઉત્પત્તિ ૪:૧૬ કાઈન પોતાની પત્ની ક્યાંથી લાવ્યો ?**

**જવાબ :** આ જવાબ બાઈબલ અભ્યાસ ભાગ ૧ પ્રશ્ન ૬ માં આપવામાં આવ્યો છે. બાઈબલ અભ્યાસમાં મારાં પુસ્તકો ટ્રાક્ટ સોસાયટીમાંથી મેળવી લેવાં હિતાવહ છે. ભાગ ૧ થી ૧૨

**જવાબ :** આદમ અને હવાને માત્ર કાઈન, હાબેલ અને શેથ એમ ત્રણ જ સંતાન નહોતાં. ઉત્પત્તિ ૫:૪માં આપ્યું છે, તેમ તેમને ઘણાં દીકરા - દીકરીઓ થયાં હતાં. અને કાઈન પોતાના સગીબહેનની સાથે પરણ્યો હશે કે, પોતાના કોઈ ભાઈની કે બહેનની દીકરી સાથે પરણ્યો હશે. શરૂઆતના એ જમાનામાં એવાં નિકટનાં સગામાં લગ્ન કરવાનો કોઈ બાધ નહોતો. (જુઓ ઉત્પત્તિ ૧૨:૨૭, ૨૯; ૨૦-૧૨) અબ્રાહામ પોતાના પિતાની દીકરી સાથે પરણ્યો હતો, હા, મા જુદી હતી.

શેમવંશી (સેમિટિક) પ્રજાઓમાં એટલે કે આરબો, યહૂદીઓ અને એવી અન્ય પ્રજાઓમાં આજે પણ નજીકનાં સગાંમાં, લોહીની સગાઈમાં લગ્નો થાય છે.

આદમનાં ૯૩૦ વર્ષમાં કેટલાં બધાં સંતાનો થયાં હશે ! અને એટલા જ ગાળામાં સંતાનોનાં સંતાનો અને તેનાંયે સંતાનો કેટલાં બધાં થયાં હશે ! એટલે પત્ની કે પતિ મેળવવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી.

## ૨૭ શ્વાપદ

**પ્રશ્ન :** પ્રકટીકરણ ૧૩:૧૪થી ૧૮માં શ્વાપદની સમક્ષ જે ચમત્કાર કરવાનો અધિકાર તેને આપવામાં આવ્યો. તેઓ વડે પૃથ્વી પર રહેનારાંઓને તે ભમાવે છે.
શ્વાપદ એટલે ક્યું પ્રાણી, શ્વાપદ એટલે પશુ.

**જવાબ :** બાઈબલમાં અન્ય પ્રાણીઓનાં નામ આપવામાં આવ્યાં છે. આ જગાએ શ્વાપદ એ ક્યું પ્રાણી તે નામ આપવામાં આપ્યું નથી.

અગ્નિ ઉતાર્યો - એલિયાની આગળ બઆલના પૂજારીઓ અગ્નિ ઉતારી શક્યા નહિ. પણ - આ તો શેતાન પોતે જ છે. એટલે તે પોતે અગ્નિ ઉતારી શકશે.

# ૨૮ ઉપવાસ

**પ્રશ્ન : ઉપવાસ કરવા વિષે માર્ગદર્શન આપશો. વ્યક્તિએ કેવી રીતે અને કેટલીવાર ઉપવાસ કરવો જોઈએ ? ઉપવાસ કરવાથી કયા ફાયદા થાય છે ?**

**જવાબ :** માથ્થી ૬:૧૬માં જણાવ્યા પ્રમાણે ઢોંગીઓની પેઠે ઉપવાસ કરવો નહિ.' વળી જ્યારે તમે ઉપવાસ કરો, ત્યારે ઢોંગીઓની પેઠે લેવાઈ ગયેલાં મોંના ન થાઓ.' ઉપવાસ છાની રીતે કરો. ઉપવાસની જાહેરાત ન કરો. પ્રત્યેક શુક્રવારે કે અમુક દિવસે તમે ઉપવાસ કરો છો, તે કોઈને કહેતા નહિ. કોઈ વાર તમે ૪૦ દિવસોના ઉપવાસ કર્યા હોય, તો તે વિષે કહ્યા કરો નહિ.

બાઇબલ ઉપવાસ કરવાની આજ્ઞા આપતું નથી. પ્રભુ ઈસુએ અને પ્રેરિતોએ અમુક સમયે ઉપવાસ કરવાનું કહ્યું છે. ખાસ જરૂરના પ્રસંગે ઉપવાસ કરવાની જરૂર છે. તમારે પ્રજાની આગળ સમય ગાળવો હોય, ત્યારે ઉપવાસ સાથે તમારે સમય ગાળવો. (માથ્થી ૧૭:૨૧; માર્ક ૨:૨૦; પ્રે.કૃ. ૧૩:૩; ૨ કોરીંથી ૬:૫)

માત્ર ખોરાકમાંથી પોતાને બાકાત રાખવાથી કોઈ ખાસ આત્મિક લાભ મળતો નથી. ધર્મવિધિને અર્થે ઉપવાસ કરવામાં આત્મિક હિંમત નથી. વ્યક્તિ પ્રભુની આગળ થોભવા માટે ઉપવાસ કરે, ત્યારે તેની આત્મિક હિંમત છે.

કામમાં હંમેશાં વ્યસ્ત રહેતી વ્યક્તિ કોઈવાર ખોરાક જતો કરે – ઉપવાસ કરે અને એકાંતમાં પ્રભુની સાથે સંગત માણે ત્યારે તે આંશીર્વાદરૂપ બને છે.

વ્યક્તિ દૈહિક ખોરાકને બદલે આત્મિક ખોરાકને પસંદ કરે, એવી કક્ષાએ આવે ત્યારે તે અદ્ભુત બાબત બને છે. વ્યક્તિ માત્ર ઉપવાસને જ મહત્ત્વ આપે, તો તેની તંદુરસ્તી માટે જોખમ ઊભું થાય છે. ઉપવાસ કરવાથી વ્યક્તિ માંદી અને નબળી થઈ જાય, એવું પ્રભુ કદી ઇચ્છતા નથી. વ્યક્તિ કોઈ પણ કારણ માટે ઉપવાસ દ્વારા પોતાને શિક્ષા કરે, તો પ્રભુ કદી પ્રસન્ન થતા નથી. દેહનું દમન કરવા ઉપવાસ કરવો તે બરાબર છે, પણ શિક્ષા માટે નહિ.

શરીરનું વજન ઘટાડવા કરેલા ઉપવાસથી સીધો કોઈ આત્મિક લાભ નથી.

❖

# ૨૯ દૂતો

**પ્રશ્નો : શું દૂતો ઈશ્વરના અંશ છે ?**

**જવાબ :** ના, દૂતો ઈશ્વરના અંશ નથી, પણ ઈશ્વરની ઉત્પત્તિ છે અને સેવાને માટે તેમને ઉત્પન્ન કરવામાં આવ્યા છે અને દૂતોએ ઈશ્વરનું ભજન કરવું જોઈએ. દૂતો ઈશ્વરનું ભજન કરે છે, તે વિષે બાઇબલમાં ઘણી કલમો આપવામાં આવી છે.

યશાયા ૬ : ૩ : 'શરાફો એકબીજાને પોકારીને કહેતા, પવિત્ર, પવિત્ર, પવિત્ર છે, સૈન્યોનો દેવ યહોવા; આખી પૃથ્વી તેના ગૌરવથી ભરપૂર છે.'

પ્રકટીકરણમાં તો આવી ઘણી કલમો છે.

# ૩૦ પરગેટરી

**પ્રશ્ન : પરગેટરી એટલે શું ? અને એવી સુધરવાની બીજી જગા છે ખરી ?**

**જવાબ :** પરગેટરી એટલે મરણ પછી આત્માઓને સુધરવાની દુનિયા રોમન કેથલિક લોકો પરગેટરીમાં માને છે. આપણે પ્રોટેસ્ટંટો તેમાં માનતા નથી. પરગેટરી એટલે સુધરવાનું સ્થળ. એ સિદ્ધાંત રોમન કેથલિકો માને છે. એટલે જે વિશ્વાસીઓ સારા હોય પણ સ્વર્ગમાં લેવાને માટે લાયક ન હોય અને અધૂરા હોય તેઓને સ્વર્ગમાં લેતાં પહેલાં તેને અહીં પરગેટરીમાં રાખવામાં આવે છે.

એ પરગેટરીમાં હોય, ત્યારે પૃથ્વી પર તેમની મંડળી અને તેમનાં સગાંવહાલાંઓ તેમના હકમાં સારાં કામ કરે, તેમના માટે પ્રાર્થના કરે, સારાં દાનો આપે અને તેમના માટે પ્રાર્થના કરે, સારાં દાનો આપે અને તેમના માટે માસ-સભાઓ ભરે છે. માસ ભરે, એટલે તેમના માટે સભાઓ ભરે, એ બધું તેમના લાભમાં થાય એ તેઓ સ્વર્ગમાં જવાને લાયક થાય, ત્યારે તેમને પરગેટરીમાંથી છૂટા કરી સ્વર્ગમાં લેવામાં આવે.

એ સિદ્ધાંત વિરુદ્ધ આટલું કહી શકાય કે, પરગેટરી અથવા સુધરવાની દુનિયા એવો કોઈ શબ્દ બાઇબલમાં નથી અને ઈસુ ખ્રિસ્તે એવું શીખવ્યું પણ નથી.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે તો વધસ્તંભ પર 'સંપૂર્ણ થયું' એમ કહ્યું. એટલે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેઓનાં પાપ માફ થાય અને તેઓ સ્વર્ગમાં જવા માટે સંપૂર્ણ લાયક બને છે. ઈસુ ખ્રિસ્તે તેવું કશું શીખવ્યું નથી કે, માણસ પોતે સ્વર્ગમાં જાય તે માટે તેને પોતાને કશું કરવાનું હોય અને બીજાંઓએ પણ કશું કરવાનું રહેતું નથી. બાઇબલ શીખવે છે કે, પ્રભુ

પિતાએ આપણા બધાનાં પાપ ઈસુ ખ્રિસ્તના માથા ઉપર વધસ્તંભ પર મૂક્યાં છે એટલે કોઈએ પોતાનાં પાપમાંથી તારણ પામવા પરગેટરીમાં જવાનું હોતું નથી, કે કશું કરવાનું રહેતું નથી. ઈસુ ઉપર વિશ્વાસ કરવાથી દરેક ખ્રિસ્તી સીધો સ્વર્ગમાં જાય છે. નર્કથી સ્વર્ગના રસ્તામાં સુધરવાની દુનિયાનું કોઈ સ્થળ આવતું નથી.

આ ઉપરાંત બાઈબલ શીખવે છે કે, માણસ મરી જાય પછી તેના હકમાં કોઈ કશું કરી શકે નહિ. તેના આત્માની સ્થિતિ તેવી ને તેવી જ રહે છે.

મંડળીનો ઈતિહાસ તો એમ શીખવે છે કે, અસલના જૂના સમયમાં દેવાલયો અથવા કેથેડ્રલો બાંધવા નાણાંની બહુ જરૂર હતી. પરગેટરીમાં જાય તે લોકોને સ્વર્ગમાં મોકલવા સગાંવહાલાંઓ નાણાં આપે જેથી કેથેડ્રલો બંધાય, આમ, આ સિદ્ધાંત જોરદાર બન્યો. પરગેટરી સિદ્ધાંતથી વાત પ્રભુ ઈસુના મરણ પછીથી બહુ લાંબા સમયે આવી. બહુ લાંબા સમયે એ સિદ્ધાંત તે વખતની મંડળીમાં દાખલ થયો.

અસલની મંડળીમાં પહેલાં એ સિદ્ધાંત કદી ન હતો. બહુ પાછળથી એ પરગેટરીનો સિદ્ધાંત ઘૂસી ગયો. બાઈબલ તો શીખવે છે કે મરી ગયેલાંના આત્મા માટે આપણાં દાનો કે આપણી પ્રાર્થનાઓ કાંઈ કામમાં લાગતાં નથી. સ્વર્ગમાં જવા માટે તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવો અને તેમને સોંપાઈ જવું એટલું બસ છે.

પરગેટરીમાં હોય તેઓ માટે સગાંવહાલાંઓ નાણાં આપે, તે નાણાંથી દેવળો બાંધવામાં આવે, એ નાણાં તેમના પરગેટરીના લોકોના છુટકારા માટે કે તારણ માટે જરાય ઉપયોગી નથી. પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ કરવાથી અને તેમને સોંપાઈ જવાથી ગમે તેવો માણસ સ્વર્ગમાં જઈ શકે છે, તેને માટે પરગેટરીની કોઈ જરૂર નથી.

# ૩૧ મૂએલાંની સાથેની વાતચીત

**પ્રશ્ન : તમારા ઉપદેશમાં તમે બે-ત્રણ વાર મૂએલાંની સાથેની વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો, તો એ 'મૂએલાંની સાથેની વાતચીત' એ શું છે તે સમજાવશો.**

**જવાબ :** કેટલાક લોકો પોતાનાં સગાંવહાલાં કે, સ્નેહીઓ જ્યારે મરણ પામે છે, ત્યારે તેમની સાથે વાતચીત કરવા ઇચ્છતા હોય છે. આવાં કામો કરવા માટે અમુક મંડળો હોય છે, અને તેઓ આવી પ્રવૃત્તિઓ કરતાં હોય છે.

આવાં મડળો અમુક સ્થળે ભેગાં થાય છે, અને વાતચીત કરવા ઇચ્છતા લોકો ત્યાં આવે છે. એટલે જે માધ્યમ હોય, એટલે કે મરેલાંના આત્માની સાથે વાતચીત કરાવનાર ઓરડાની વચ્ચે ખુરશી પર બેસે છે અને ઓરડામાં એક ટેબલ ઉપર ઘંટડી કે રણશિંગડું પણ મૂકે છે. આ ઘંટડી અથવા રણશિંગડું પેલા માધ્યમના ઈશારાથી ટેબલ ઉપર ફરવા લાગે છે અને મરેલાંનો આત્મા જેની સાથે વાત કરવા માગતો હોય, તેની આગળ જઈને ઘંટડી કે રણશિંગડું ઊભાં રહે અને તે માણસ પ્રશ્નો પૂછે અને તેમનાં વહાલાંઓના આત્મા તે માધ્યમ મારફતે જવાબ આપે.

આ જવાબ આપનાર માધ્યમ, તેનાં સગાંવહાલાં જેવો જ અવાજ તથા શબ્દો કાઢતાં હોય છે. આ તો બાઇબલમાં લખ્યું છે કે, 'અંધારાના દીકરા અજવાળાનું રૂપ ધારણ કરે છે.' આ બધું જ બનાવટી હોય છે. શેતાનના અપદૂતો આ બધું બોલતા હોય છે. શેતાનના દૂતો તેવો અવાજ પણ કાઢે અને તે શેતાનના આત્માઓ

હોય છે. ત્યાં કોઈ સગાં-વહાલાંનો આત્મા આવતો નથી. આ તો બધી શેતાની બાબત છે.

શમૂએલના પુસ્તકમાં શાઉલ રાજા ભૂતવૈદણની પાસે ગયો હતો અને ત્યાં તો શમૂએલ પોતે ઈશ્વરનો મોકલ્યો આવ્યો હતો. બાકી મરેલાંની સાથે બોલનાર તથા આવનાર શેતાનના અપદૂતો હોય છે. તેઓ મરેલાંનું રૂપ ધારણ કરે છે. તેમના જેવો અવાજ કાઢે છે.

અમેરિકામાં આવાં ઘણાં મંડળોમાં જાત-માહિતી મેળવવા હું ગયો હતો. ત્યાં જઈને બેઠો હતો. હું પોતે તો મરેલાંની સાથેની વાતચીતમાં માનતો નથી, પણ આવાં મંડળો શું કરે છે, તેની જાત માહિતી મેળવીને અન્યને ચેતવણી આપવા હું ગયો હતો. આવાં મંડળોમાં તેઓ ખ્રિસ્તી ગીતો ગાય છે. પિતા, પુત્રનાં નામ પણ લે છે. શાસ્ત્રના અધ્યાય વાંચે છે. પ્રાર્થના કરે છે. આમાં પ્રભુભક્તિ નથી, પણ એ શેતાનનો અડ્ડો છે.

દા.ત. પિન્ક નામના બિશપ હતા. તેમનો છોકરો આપઘાત કરીને મરણ પામ્યો. તેથી બિશપ જાણવા માગતા હતા કે, મારા દીકરાનો આત્મા શું કરે છે. આવા મંડળમાં જઈને માધ્યમ દ્વારા પોતાના દીકરા વિષે તે જાણવા માગતા હતા. બિશપ પિન્કે આ વિષે આખું પુસ્તક લખ્યું છે.

પિન્કે માધ્યમ દ્વારા દીકરાને પૂછ્યું કે, 'તું ક્યાં છે' 'સ્વર્ગમાં કે નર્કમાં ?' જવાબ મળ્યો કે, 'પ્રભુ ઈસુ સીડીની ઉપરના ભાગમાં છે અને હું નીચે (નર્કમાં) છું. બિશપે પૂછ્યું 'તું સુખી છે ?' તેણે કહ્યું કે 'અહીં તો રડવું અને દાંત પીસવું જ છે. અહી નર્કમાં નરી યાતના સિવાય કશું જ નથી.'

ઘંટડી ફરતી ફરતી જેની પાસે જઈને ઊભી રહે, તેના જવાબ

માધ્યમ દ્વારા આપવામાં આવે. મેં એક વખતે માધ્યમને પ્રશ્ન પૂછ્યા કે, શું પ્રભુ ઈસુ આ પૃથ્વી પર આવ્યા હતા ? શું તેમણે પાપીઓને માટે પોતાનું બલિદાન આપ્યું હતું ? શું આ વાત ખરી છે ? એટલે માધ્યમ ખુરસી પરથી પડી ગયો અને મરેલાંની દુનિયાના આત્માઓનો ત્યાં ઘોંઘાટ થવા લાગ્યો. આ તો મેં ફક્ત જાણવા માટે જ પ્રશ્નો પૂછ્યા હતા.

આવાં મંડળ ગુજરાતમાં પણ ચાલે છે. કેટલાય લોકો મરેલાંના આત્માઓ વિષે પૂછવા પણ આવે છે. આ મંડળના લોકો પેન્ચન્ટ બોર્ડ અથવા સ્ટવ પણ વાપરે છે અને તેની મદદથીં શેતાની આત્માઓને બોલાવે છે. જે માધ્યમ દ્વારા પોતાના સ્નેહીના અવાજમાં જ જવાબ આપે છે.

હું ગુજરાતના એક શહેરમાં ગયો હતો અને મેં ત્યાં આ વિષે સમજૂતી આપી હતી. ભક્તિસભા પછી હું એક કુટુંબની મુલાકાતે ગયો હતો. તો તેમણે મને કહ્યું કે, અમે પણ મરેલાંના આત્માની સાથે વાત કરીએ છીએ. એક વખત એક મિશનરી સાહેબને પણ બોલાવવામાં આવ્યા હતા. આજે ગુજરાતમાં ઘણાં કુટુંબો શેતાની આત્માના બળથી મરેલાંની સાથે વાત કરે છે. આવા લોકોના અનુભવમાં હું આવ્યો છું. આ એક શેતાની બાબત છે. બધાં જ શેતાનનાં હથિયાર છે. પ્રભુ પરથી વિશ્વાસ તોડી નાખનાર શેતાનનાં હથિયાર છે. મરેલાંની સાથે વાતચીત એ શેતાની બાબત છે. શેતાનના અપદૂતો એવાં કામ કરે છે. ઈશ્વરને અર્પિત્ વ્યક્તિએ મરેલાંની સાથે વાત કરવા કદી ઇચ્છવું જોઈએ નહિ અને ઉત્તેજન પણ આપવું જોઈએ નહિ.

# ૩૨ પૂરીમ પર્વ

એક ભાઈએ મને રસ્તામાં ઊભો રાખીને **પ્રશ્ન પૂછ્યો :** ''આપના પુસ્તકમાં - ''મુક્તિ યોજનાનાં સાત પર્વો'માં આપે ઈશ્વરે યહૂદીઓને આપેલાં ૭ પર્વો વિષે લખ્યું છે. એ પર્વો - ૧. પાસ્ખાપર્વ ૨. બેખમીર રોટલીનું પર્વ ૩. પ્રથમ ફળની પૂળીનું પર્વ ૪. પચાસમાના દિવસનું પર્વ ૫. રણશીંગડાનું પર્વ ૬. પ્રાયશ્ચિત દિનનું પર્વ ૭. માંડવા પર્વ.

તો યહૂદીઓ તો ૯ પર્વોપાળે છે, તેનું શું ? તેમાં વધારાનાં પ્રતિષ્ઠાપર્વ યોહાન ૧૦:૨૨ અને પૂરીમ પર્વ એસ્તેર ૯:૨૪ વિષે આપવામાં આવ્યું છે, તે સમજાવશો ?

**જવાબ :** યહૂદીઓ ઉપર જણાવેલાં ૭ પર્વો ઉપરાંત પૂરીમ પર્વ અને પ્રતિષ્ઠા પર્વ પાળે છે.

**પૂરીમ પર્વ :** પૂરીમ પર્વ વિષે પવિત્ર બાઇબલમાં એસ્તરે ૯:૨૪ - ૩૨ કલમોમાં વિગત આપવામાં આવી છે. 'કેમ કે સર્વ યહૂદીઓના શત્રુ અગાગી હામ્મદાથાના પુત્ર હામાને યહૂદીઓનો નાશ કરવાની પેરવી કરી હતી, અને તેઓનો સંહાર કરીને તેઓનો નાશ કરવા માટે પૂર એટલે ચિઠ્ઠીઓ નાખી હતી. પણ જ્યારે તે વાતની ખબર રાજાને પડી, ત્યારે તેણે પત્રો દ્વારા આજ્ઞા કરી કે, તેણે જે દુષ્ટ યોજના યહૂદીઓ વિરુદ્ધ યોજી હતી. તેને ઉથલાવીને તે યોજનાનો તે પોતે ભોગ થઈ પડે તેમ કરવું, અને તેને તથા તેના પુત્રોને ફાંસી દેવી.

સર્વ યહૂદીઓના શત્રુ અગાગી હામ્મદાથાના પુત્ર હામાને યહૂદીઓનો નાશ કરવાની પેરવી કરી હતી. અને તેઓનો સંહાર કરીને તેઓનો નાશ કરવા માટે પૂર એટલે ચિઠ્ઠીઓ નાખી હતી.

પણ જ્યારે તે વાતની ખબર રાજાને પડી, ત્યારે તેણે પત્રો દ્વારા આજ્ઞા કરી કે, તેણે જે દુષ્ટ યોજના યહૂદીઓ વિરુદ્ધ યોજી હતી, તેને ઉથલાવીને તે યોજનાનો તે પોતે ભોગ થઈ પડે તેમ કરવું, અને તેના પુત્રોને ફાંસી આપી. એસ્તેરના ૯મા અધ્યાયમાં પૂરીમ પર્વ વિષે સવિસ્તર માહિતી આપવામાં આવી છે.

**જૂના અને નવા કરાર વચ્ચેનો ચારસો વર્ષનો ગાળો :**

યહૂદીઓના પ્રતિષ્ઠાપર્વની શરૂઆત : જૂના અને નવા કરાર વચ્ચે ચારસો વર્ષ જેટલો લાંબો ગાળો પસાર થયો હતો. બાઇબલમાં આ ગાળા વિષે કંઈ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી કે એ ગાળાની કંઈ નોંધ પણ લેવામાં આવી નથી. પણ એ ગાળા વિષેની માહિતી ઈસ્વીસનની પહેલી સદીમાં થઈ ગયેલા યહૂદી ઈતિહાસકાર જોસીફસનાં લખાણોમાંથી 'એપોક્રિફા' નાં કેટલાંક પુસ્તકોમાંથી તેમ જ ગ્રીક અને રોમન લેખકો અને ઈતિહાસકારોનાં લખાણોમાંથી આપણે મેળવી શકીએ છીએ.

આ ચારસો વર્ષ દરમિયના કોઈ પ્રબોધક ઊભો થયો નથી કે, ઈશ્વરથી પ્રેરણા પામેલો કોઈ લેખક પણ ઊભો થયો નથી, મતલબ કે કોઈ પુસ્તક લખાયું નથી.

આ સમય દરમિયાન યહૂદીઓ ઉપર અનેક આક્રમણકારો આવતા અને તેમને હેરાન કરતા, લૂંટી જતા અને ઘણાનો સંહાર કરતા. યહૂદીઓને તેમનો સામનો કરવો પડતો હતો. સૌથી ભયંકર જુલમ અને ત્રાસ સિરિયાના રાજા અંત્યોખસ ઓપિફાનસે (અંત્યોખસ ચોથો, ઈ.સ. પૂર્વે ૧૭૫ - ૧૬૪) યહૂદીઓ પર ગુજાર્યો. એણે યરુશાલેમ પર આક્રમણ કર્યું. અને બળજબરીથી મંદિરના પવિત્ર સ્થાનમાં પ્રવેશ્યો, અને વેદી પર મૂર્તિની સ્થાપના કરી, અને વેદી પર ભૂંડ વધેર્યાં. આ અમંગળ કૃત્ય વિષે દાનિયેલ

૧૧:૩૧માં ભવિષ્યકથન આપવામાં આવ્યું હતું.

અંત્યોખસે યહૂદીઓ પાસે પરાણે મૂર્તિપૂજા કરાવી અને અશુદ્ધ પ્રાણીઓનું માંસ ખવડાવ્યું અને એવાં પ્રાણીઓનાં બલિદાનો દેવડાવ્યાં. યહૂદીઓએ આખરે માતાથિયસ નામના હેસ્મોનિયન વંશના શૂરવીર માણસની સરદારી નીચે બળવો પોકાર્યો. માતાથિયસને પાંચ દીકરા હતા. તેઓ પણ શૂરાતનથી આ બળવામાં ઝઝૂમ્યા. તેઓ 'મક્કાબીઓ'' (હથોડા) તરીકે ઓળખાતા હતા. માતાથિયસે અંત્યોખસના આગેવાનને મારી નાખ્યો. વર્ષ પછી માતાથિયસનું મૃત્યુ થતાં યહૂદા મક્કાબીએ યુદ્ધની આગેવાની લીધી. એની પ્રેરણાત્મક આગેવાની નીચે લોકોનો ઈશ્વર પરનો વિશ્વાસ વધ્યો અને આખરે તેઓની જીત થઈ. તેઓએ અંત્યોખસની ઝૂંસરી ફગાવી દીધી, અને યહૂદી પ્રજા સ્વતંત્ર બની. મક્કાબી કુટુંબે એકસો વર્ષ સુધી યહૂદીઓ ઉપર રાજ્ય કર્યું. તેઓએ મંદિરને ફરી ખોલ્યું, શુદ્ધ કર્યું, અને તેની પ્રતિષ્ઠા ક્રિયા કર્યા પછી ભજનભક્તિ અને યજ્ઞાયાગ શરૂ કર્યાં. યહૂદીઓનું પ્રતિષ્ઠા પર્વ ત્યારથી શરૂ થયું.

પણ એ પછી યહૂદી સ્વતંત્રતાનો અંત આવ્યો. મક્કાબી આગેવાનો પાછળથી સ્વાર્થી અને મહાકાંક્ષી બન્યા. સત્તાની લાલચ અને દ્રવ્યના લોભમાં તેઓ તણાયા.

દેશાભિમાન ઓછો થયો. જુદા જુદા પક્ષો પડી જવાથી દેશહિત નબળું બન્યું.

આ સમયમાં ફરોશી, સાદૂકી અને એસેની પંથો ઊભા થયા. અંત્યોખસ પછીના સિરિયાના રાજાઓએ મોટાં મોટાં લશ્કરો મોકલીને યહૂદી સ્વતંત્રતાની સામે ખૂબ લડ્યા. યહૂદા મક્કાબીનો ભાઈ એમાં મરણ પામ્યો. એ પછી એક વર્ષની હાલાકી વેઠ્યા

બાદ યહૂદાએ રોમનો સાથે સંધિ કરી. રોમ ભારે ઝડપથી દુનિયાની મહાસત્તા બની રહ્યું હતું. શરૂઆતમાં તો લાગેલું કે આ સંધિથી યહૂદીઓને શાંતિ અને સ્વતંત્રતા મળશે. પણ એ આશા આખરે ઠગારી નીવડી. રોમનો તો બીજો શાસકો કરતાંયે વધુ ક્રૂર બન્યા.

યહૂદીઓએ રોમનો સામે પણ લડત જારી રાખી. રોમન પોમ્પી મોટા લશ્કર સાથે આવ્યો, યરુશાલેમને ઘેરો ઘાલ્યો. કોટ તોડી નાખ્યો, મંદિરને ભંગાર બનાવ્યું, અને યહૂદિયા માત્ર એક રોમન પ્રાંત બની ગયો. પોમ્પી પછી જુલિયસ સીઝર (ઈ.સ. ૧૦૦- ૪૪ ઈ.પૂ.) નામના રોમન જનરલના હાથમાં રોમન સત્તા આવી.

એણે અદોમી આન્તીપાતરને યહૂદિયા પ્રાંતનો હાકેમ બનાવ્યો. આન્તીપાતરે પોતાના બે દીકરાને સત્તા સોંપી. ફઝાયેલને ગાલીલ પર સત્તા સોંપી, અને હેરોદને યરુશાલેમ પર અધિકાર સોંપ્યો હેરોદ લગભગ વીસ વર્ષની ઉંમરનો હતો, ત્યારે તેના પિતાએ તેને યહૂદિયાનો ગવર્નર (હાકેમ) બનાવ્યો. કેટલાંક ઘાતકી વર્ષો વહી ગયા પછી રોમનોએ તેને યહૂદિયાનો રાજા બનાવ્યો. પાછળથી એ મહાન હેરોદ તરીકે ઓળખાયો. એના સમયમાં પ્રભુ ઈસુનો જન્મ થયો. હેરોદે યહૂદિયાના રાજા તરીકે ઈ.સ. પૂર્વે ૩૭થી ૪ ઈ.પૂ. સુધી રાજ કર્યું અને ઈ.પૂ. ૪માં તેનું મૃત્યુ થયું.

પ્રભુ ઈસુ પૃથ્વી પર જન્મ્યા ત્યારે રોમન બાદશાહ ઑગસ્તસની આણ સર્વત્ર પ્રવર્તતી હતી. રોમનોએ તે વખતની પશ્ચિમી દુનિયામાં લાંબા અને સરળ રસ્તા બાંધ્યા, એટલે મુસાફરી સરળ બની, ગ્રીકો તરફથી મોટા ભાગની દુનિયાને ગ્રીક ભાષા મળી, એમ પ્રભુ ઈસુની સુવાર્તા માટે સંજોગો સાનુકૂળ બન્યા.

# ૩૩ પ્રભુ ઈસુનો જન્મ

**પ્રશ્નઃ માતા મરિયમ પર પવિત્ર આત્મા છવાયો અથવા આચ્છાદન થયું, અને એ કુંવારી મરિયમથી પવિત્ર ઈસુનો જન્મ કેવી રીતે થયો તે સમજાવો.**

**જવાબ :** ઈસુ ખ્રિસ્ત કુમારિકાને પેટે જન્મ્યા એ વાત બધા ખ્રિસ્તી લોકો માને છે, અને જાણે છે, વિશ્વાસ પણ રાખે છે. એ વાતમાં મોટું રહસ્ય છે, તે સમજવાને આપણે આદમ સુધી જવું પડે.

એદનવાડીમાં આદમ અને હવાએ મના કરેલું ફળ ખાધું અને બન્ને પાપી ઠર્યાં, એ વાતનો વિચાર કરીએ. આદમે ફળ ખાધું ખરું પણ ત્યાર પછીનાં માણસો શી રીતે પાપી થયાં ? આ રહસ્યમય બીના ઈશ્વરે એવી સર્જેલી છે કે પુરુષનું લોહી બાળકમાં જાય છે. લોહીમાં જીવ છે. માતા ભલે બાળકને પોતાના ઉદરમાં રાખે પણ તેનું લોહી બાળકના શરીરમાં જતું નથી. પુરુષના બીજમાં લોહી હોય છે. દા.ત. આપણે મરઘી લઈએ. તે મરઘા વગરનાં ઈંડાં મૂકે છે, અને મરઘાના સહવાસવાળાં ઈંડાં પણ મૂકે છે. હવે જે ઈંડાં મરઘા સાથેના સંબંધ થયા વગરનાં હોય છે. તેમાં લોહી ઉત્પન્ન થતું જ નથી. આવાં ઈંડાં જો સેવવા મૂકીએ તો તેમાંથી બચ્ચાં ન નીકળે પણ મરઘા સાથેના સંબંધવાળા બેસાડીએ તો થોડા દિવસમાં ઈંડામાં લોહી ઉત્પન્ન થાય છે. ઈંડું ફોડી જો જો.

ઈસુ ખ્રિસ્ત પવિત્ર છે. કારણ કે તેમના લોહીમાં માણસનું લોહી ન હતું. એમનો ગર્ભ પવિત્ર આત્માથી હતો, પવિત્ર આત્માથી ન હોત તો જરૂર તેમનામાં માણસનું લોહી હોત અને ઈસુ પણ

પાપીઓમાંના એક ગણાત. લોહીમાં જીવ છે. ઈસુનો જન્મ દૈહિક પુરુષથી નહિ પણ પવિત્ર આત્માથી થયો એ સિદ્ધાંત બહુ જ સમજવા જેવો અને ગહન છે.

ઈસુને બાપ નહોતા અને કોઈ પુરુષનું લોહી એમનામાં ગયું નહોતું અને મરિયમે તો તેમને શરીર આપ્યું. માતાનું લોહી સંતાનમાં જતું નથી. મરિયમે તો શરીર વાહન તરીકે આપ્યું અને પવિત્ર આત્માથી મરિયમ આચ્છાદિત હતી અને પવિત્ર આત્મા દ્વારા તેને ગર્ભ રહ્યો. માટે ઈસુ પવિત્ર જન્મ્યા.

રેડિયો બાઈબલ કલાસ મિનિસ્ટ્રિઝના ડૉ. એમ.આર.ડી. હાને લખેલા પુસ્તક 'ધ કેમિસ્ટ્રી ઑફ ધ બ્લડ' ના આધારે આ ખુલાસો છે.

# બાઈબલ અભ્યાસ ભાગ ૧ થી ૧૧માં છપાયેલા પ્રશ્નો

## ભાગ -૧

૧. બાઈબલ-વાચન (કાવ્ય)
૨. દેવના દીકરા અને માણસોની દીકરીઓનો ગૃહસંસાર
૩. 'યહોવાહ' કે 'યહોવા' ?
૪. માગીઓ કેટલા આવ્યાં હતા ?
૫. યૂસફ યાકૂબનો તેમ જ હેલીનો દીકરો કેવી રીતે હોઈ શકે ?
૬. કાઈન પત્ની ક્યાંથી લાવ્યો ?
૭. ઈશ્વરપણામાં પિતા અને પુત્ર સરખા કે ઓછવત્તા ?
૮. અઠવાડિયાના દિવસો
૯. ઈસુ ખ્રિસ્તને ક્રૂસ પર ક્યારે જડવામાં આવ્યા ? સવારમાં નવ વાગે કે બપોરે બારના સુમારે ?
૧૦. ઈસુના ક્રૂસારોહણની જગાને ''ખોપરીની જગા'' કેમ કહે છે ?
૧૧. ક્રૂસ પર પિલાતે ચોઢાવેલું તહોમતનામું પ્રત્યેક સુવાર્તામાં જુદું જુદું કેમ છે ?
૧૨. ઈસુના મૃત્યુનું કારણ શું ?
૧૩. બાળક પાપ રહિત કહેવાય કે કેમ ?
૧૪. વધસ્તંભ પર પગ ભાંગવાનું કારણ શું ? પગ ભાંગવાથી શું થાય ?
૧૫. 'માળી' કે 'કૃષિકાર' ?
૧૬. 'માન્ના' કુદરતી કે ચમત્કારિક ?'
૧૭. રંજુ ગુમ થઈ ગઈ (વાર્તા) (પ્રભુ ઈસુના આવવાની વેળાએ)
૧૮. મગ્દલાની મરિયમ પાપિણી સ્ત્રી હતી ?

૧૯. અન્યાયીપણાના દ્રવ્યથી મિત્રો કરી લેવા એટલે શું ?
૨૦. હિંસક પ્રાણીઓનો સ્વભાવ બદલવા વિષેનું ભવિષ્યકથન ક્યારે પૂરું થશે ?
૨૧. ઉત્પત્તિકાળે પહેલે દિવસે સૂર્ય વિના પ્રકાશ ક્યાંથી આવ્યો ?
૨૨. ''સાપના જેવો હોશિયાર અને કબૂતરના જેવા સાલસ'' એટલે શું ?
૨૩. અબ્રાહમ ત્રણ કોમનો પિતા શી રીતે ?
૨૪. 'મૂએલાંનો નહિ પણ જીવતાંનો દેવ' એટલે શું ?
૨૫. 'એક લાખ ચુમ્માળીસ હજાર કુંવારા'' - એ કોણ ?
૨૬. બાઈબલમાં સાતની સંખ્યા
૨૭. ઈસ્ટરની તારીખ કેવી રીતે નક્કી થાય છે ?
૨૮. 'હાલેલૂયા' એટલે શું ?
૨૯. ઈસુ વિષે ફિલ્મ
૩૦. અધઃસ્થાનમાં ઊતરવું એટલે શું ?
૩૧. ઈસુ ખ્રિસ્તના લોકોને માટે ન્યાયકાળ નથી થવાનો શું ? ન્યાયકાળ જુદા જુદા છે ?
૩૨. પુનરુત્થાન એક જ છે કે અનેક ?
૩૩. પ્રભુ ઈસુનું બીજીવારનું આવવું 'ચોરની પેઠે' છૂપું થશે ? કે પછી દિશાઓ ભરી દેતી ઝળાંઝળાં ઝબૂકતી વીજળી જેવું જગજાહેર થશે ?
૩૪. પહેલાં ઈશ્વર માફી બક્ષે કે આપણે ?
૩૫. કદી માફ ન થાય એવું પાપ ક્યું ? પવિત્ર આત્માની વિરુદ્ધનું પાપ એટલે શું ?
૩૬. જાણી જોઈને કરેલું પાપ માફ ન થાય ?
૩૭. ઈશ્વર આપણને પરાજય આપે છે કે જય પમાડે છે ?

૩૮. મુક્તિ પામ્યા પછી માણસ પતિત બનીને નર્કમાં નંખાય ?
૩૯. માથ્થીના ૧૩મા અધ્યાયમાં આપેલાં દૃષ્ટાંતોનો ખરો શાસ્ત્રાર્થ શું થાય ?
   ક. ઘઉં અને કડવા દાણાનું દૃષ્ટાંત
   ખ. રાઈના બીનું દૃષ્ટાંત
   ગ. ખમીરનું દૃષ્ટાંત
   ઘ. સંતાડેલા દ્રવ્યનું દૃષ્ટાંત
   ચ. સારાં મોતી શોધનારનું દૃષ્ટાંત
   છ. જાળનું દૃષ્ટાંત
૪૦. 'મારિયા' કે 'મરિયમ' ?
૪૧. 'આમીન' એટલે શું ?
૪૨. ઈશ્વર દેહધારી થઈ શકે ?
૪૩. દુનિયાની આટલી બધી ભાષાઓ કેવી રીતે અસ્તિત્વમાં આવી ? શું એ વિષેનું બાઇબલનું વૃત્તાંત સાચું છે ?
૪૪. 'દિનાર' એટલે શું ?
૪૫. સ્વપ્ન દ્વારા દોરવણી યા ચેતવણી
૪૬. કીડી પરથી બોધ
૪૭. મંડળીને મહા વિપત્તિમાં થઈને પસાર થવું પડશે કે નહિ ?
૪૮. માણસોને 'દેવો' કેમ કહ્યા છે ?
૪૯. 'બીજાં ઘેટાં' ક્યાં ?
૫૦. મરેલાંને માટે બાપ્તિસ્મા લેવું એટલે શું ?
૫૧. પ્રભુ ઈસુના પુનરાગમન વખતે બનનારા બનાવો અને એ વિષેનાં ભવિષ્યકથનો
૫૨. હાડેસ, નરક, ગેહેન્ના અને શેઓલ – એ બધાંમાં શો ફરક છે ?
૫૩. પ્રભુ ઈસુનો શારીરિક દેખાવ કેવો હતો ?

## ભાગ - ૨

૧. પ્રભુ ઈસુનો જન્મ ક્યા મહિનામાં અને કઈ તારીખે ?
૨. પ્રભુ ઈસુનો જન્મ ક્યારે થયો ?
૩. બેથલેહેમનો તારો એ ક્યો તારો ?
૪. બળતું ઝાડવું કેમ ભસ્મ નહોતું થતું ?
૫. પ્રભુ ઈસુના ભાઈ
૬. ''ઝૂફાથી મને ધોજે'' એટલે શું ?
૭. શલોમોનની સેનાની વાર્ષિક આવક કેટલી ?
૮. ''પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે'' એટલે શું ?
૯. ''ઈશ્વરના જેવું ભલુંભૂંડું જાણનારા'' એટલે શું ?
૧૦. ઈસુ ખ્રિસ્ત પરિપૂર્ણ નહોતા શું કે તેમને દુઃખ દ્વારા પરિપૂર્ણ કર્યા ?
૧૧. દાનિયેલનાં સિત્તેર અઠવાડિયાંનો ખુલાસો.
(સિત્તેર અઠવાડિયાં, પ્રભુ ઈસુનો જન્મ ક્યારે ? પ્રભુ ઈસુનું મૃત્યુ ક્યારે થયું ? અઠવાડિયાનું માપ ; યહૂદીઓનું વર્ષ)
૧૨. પ્રભુ ઈસુ કેટલા દિવસ કબરમાં રહ્યા ?
૧૩. યોહાન એલિયાનો અવતાર ગણાય કે નહિ ?
૧૪. યહૂદીઓનું પંચાગ (કેલેન્ડર)
૧૫. પ્રતિષ્ઠાપર્વ શું છે ?
૧૬. ૧ થેસ્સા ૨ઃ૬માં જણાવેલો ''અટકાવનાર'' કોણ ?
૧૭. પ્રભુ ઈસુના મૃત્યુ માટે યહૂદાને શા માટે દોષિત ગણવો ?
(પ્રભુનું પૂર્વજ્ઞાન અને પૂર્વસંકલ્પ; નસીબવાદ, કિસ્મતવાદ)
૧૮. ''ભૂતો'' શું છે ? એમની હયાતી છે ?
(શમુએલ કબરમાંથી ઊઠીને આવ્યો હતો ?)

૧૯. પુનરુત્થાનમાં પરણવા-પરણાવવાનું નથી ?
(સ્ત્રી પુરુષની જાતિ રહેશે કે નહિ ?)
૨૦. ભટકેલાં પાપીઓનો ન્યાય બે વખત થશે ?
૨૧. માણસો માટે ઈશ્વરના ઠરાવો (પૂર્વસંકલ્પ) અને કિસ્મતવાદમાં શો ફરક ?
૨૨. પ્રભુ ઈસુની વંશાવળી
૨૩. મનુષ્યજાત પૃથ્વી પર કેટલાં વર્ષોથી છે ?
૨૪. જળપ્રલયનો વિસ્તાર કેટલો ?
૨૫. શાઉલનું મૃત્યુ કેવી રીતે થયું ? - લડાઈમાં મરાયો ? આપઘાત કર્યો ? કે ખૂન થયું ?
૨૬. અયૂબ માણસના પુનરુત્થાનનો નકાર કરે છે કે, પુનરુત્થાનમાં માને છે ?
૨૭. ઈસુ ખ્રિસ્ત પિતાની સમકક્ષ કે ઊતરતા ?
૨૮. ''ગિરિપ્રવચન'નાં બે વૃત્તાંતમાં તફાવત કેમ ?
૨૯. ઈશ્વર એક જ છે કે ત્રણ મળીને એક (ત્રૈએક) છે ?
૩૦. ''પાસ્ખા'' એટલે શું ? યહૂદીઓ પાસ્ખામાં હલવાન કેમ નથી કાપતા ?

## ભાગ - 3

૧. ''સર્વસમર્થ ઈશ્વર'નામનો શો અર્થ થાય છે ?
૨. ''શેકેલ'' એટલે શું ?
૩. બિન-બાપ્તિસ્મી બાળકો સ્વર્ગે જશે ?
૪. માનવજાતના ઉત્પત્તિકાળે ભાષા હતી ?
૫. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા એટલે શું ?
૬. બે રણશિંગડાનો અર્થ શો છે ?
૭. ઈશ્વર કદી પશ્ચાતાપ કરે ?

૮. સ્વર્ગ કેટલાં છે ?
૯. બાઈબલ પુનર્જન્મ વિષે શીખવે છે ?
૧૦. મથૂસેલાહના લાંબા આયુષ્યનું મહત્ત્વ ?
૧૧. મૂળ બાઈબલમાં કેટલાં પુસ્તકો હતાં ?
૧૨. હાલની પૃથ્વીનો નાશ થશે તો શું તદ્દન નવી પૃથ્વી બનાવવામાં આવશે ?
૧૩. "તેનો નાશ ન થાય" એટલે શું (યોહાન ૩:૧૬)
૧૪. વિશ્વ ઉત્ક્રાંતિનું પરિણામ કે ઈશ્વરના સર્જનકાર્યનું ?
૧૫. પ્રભુ ઈસુનું નામ "ઈમ્માનુએલ' પાડવાનું હતું તો 'ઈસુ' કેમ પાડ્યું ?
૧૬. ઈસુના નામનો ઉલ્લેખ (બાઈબલ સિવાય) બીજે છે ?
૧૭. પ્રભુ ઈસુને રૂા. ૩૦માં જ કેમ વેચ્યા ?
૧૮. લોહી અને પાણી કેમ નીકળ્યાં ?
૧૯. કોરડા કેવા હતા ?
૨૦. વધસ્તંભની સજા શું છે ? અને ક્યાંથી આવી ?
૨૧. (પ્રકટીકરણ ૧૨માં જણાવેલી) સૂર્યથી વેષ્ટિત સ્ત્રી કોણ ?
૨૨. ખ્રિસ્ત સૃજનહાર કે સૃજાયેલી વ્યક્તિ ?
૨૩. ઈશ્વરપિતા અને ઈશ્વરપુત્ર મોટા-નાના કે સરખા ?
૨૪. બેમાંથી કઈ સંખ્યા ખરી ? - ૨૩,૦૦૦ કે ૨૪,૦૦૦ ?
૨૫. કઈ કીંમત ખરી ? - પચાસ શેકેલ રૂપું કે, 'છસ્સો શેકેલ સોનું ?"
૨૬. ઈસુનો જન્મ "કુંવારીની કૂખે" થયો ?
(વિજ્ઞાનની રીતે એ ખરું હોઈ શકે ?)
૨૭. યૂસફને બમણો હિસ્સો કેમ ?
૨૮. એલિયાએ ક્યારે પત્ર લખ્યો ?

૨૯. બાળકો જનમતાંની સાથે જ જૂઠું બોલે? (ગી.શા. ૫૮:૩)
૩૦. નરકમાં જવાનું નિર્માણ હોય તો પછી તે પાપીઓનો શો દોષ?
૩૧. શિયાળે કે સાબ્બાથે (વિશ્રામવારે) નાસવું એટલે શું?
૩૨. "પૃથ્વી અસ્તવ્યસત અને ખાલી હતી" એટલે શું?
૩૩. હઝકીએલ ૪૦ થી ૪૮ અધ્યાયોમાં દર્શાવેલું મંદિર ક્યું? અને એ નદી કઈ?
૩૪. યોહાને લોકોને ઈસુ વિષે કેવી રીતે જાણ કરી?
૩૫. જળપ્રલય પૂર્વે માનવીનું સેંકડો વર્ષનું આયુષ્ય હતું?
૩૬. ઉત્પત્તિના પુસ્તકમાં પૃથ્વીની ઉત્પત્તિનાં બે જુદાં જુદાં વૃત્તાંત છે?
૩૭. કરારકોશ
૩૮. પ્રભુ ઈસુને માટે અને ઈશ્વરને માટે "તું" વાપરવું કે 'તમે'?
૪૦. સગાં ભાઈબહેનો લગ્ન કરે એ વાજબી છે?
૪૧. યહૂદાનું મરણ કેવી રીતે થયું?
૪૨. પિત્તળની ભાગળો હોઈ શકે?

## ભાગ-૪

૧. વચનના દેશની સરહદ
૨. "દેહના નાશને સારુ શેતાનને સોંપવો" એટલે શું?
૩. સર્વોપરી સત્તાધીશ કોણ - ઈશ્વર કે શેતાન?
૪. એદનવાડી ક્યાં છે?
૫. ઈસુની સાત વાણીમાં 'આજે' નું સ્થાન ક્યું?
૬. 'સેલાહ' એટલે શું?
૭. નાતાલપર્વ પાળવું ઉચિત છે?
૮. માણસોના આત્મા મરણ પછી ક્યાં જાય છે?

૯. પ્રભુ ઈસુનું પુનરુત્થાન
૧૦. 'ભારોટિયો' એટલે શું ?
૧૧. 'ન્યાયીપણું' એટલે શું ?
૧૨. અઠવાડિયાના દિવસ કેટલા ?
૧૩. પશ્ચાતાપ અથવા પસ્તાવો એટલે શું ?
૧૪. બાઈબલમાં પડતી મુકાયેલી કલમ
૧૫. INRI એટલે શું ?
૧૬. પ્રભુ ઈસુના ૧૨ થી ૩૦ વર્ષના જીવન વિષે શું ?
૧૭. યહૂદીઓમાં દહનક્રિયા હતી કે દફનક્રિયા ?
૧૮. ઈસુને જોયા કે નહિ ? વાણી સાંભળી કે નહિ ?
૧૯. 'પુત્રપ્રસવ દ્વારા તારણ પામી શકાય ?''
૨૦. ચોવીસ વડીલો કોણ ?
૨૧. ચાર પ્રાણીઓ શું સૂચવે છે ?
૨૨. માણસનો આત્મા અસ્તિત્વમાં ક્યારે આવે છે ?
૨૩. એલિયા યોહાનના રૂપમાં ફરી આવ્યો એ સાચું છે ?
૨૪. પ્રભુ ઈસુની પોતાની સાક્ષી પૂરતી ગણાય કે નહિ ?
૨૫. પ્રભુ ઈસુનો સ્વીકાર ન કરનાર પાપીઓનો ન્યાય ક્યારે ?
૨૬. શા માટે ભવિષ્યવાણીઓનો અભ્યાસ ?
૨૭. ''મૂએલાં પોતાના મૂએલાંને દાટે'' એટલે શું ?
૨૮. બાપ્તિસ્મા અને તારણ ( મુક્તિ પ્રશ્ન ૪૦ (પૃ. ૧૦૩-૧૧૦ ઉપર) ચાલુ
૨૯. પાપો શાનાથી ધોવાય ? – લોહીથી કે પાણીથી ?
૩૦. માગીઓ અને તારા બાબતમાં કેટલીક ગેરસમજૂતી
૩૧. 'યહોવા શબ્દ નવા કરારમાં કેમ નથી ?
૩૨. પાઉલે જણાવેલાં દર્શન તથા પ્રકટીકરણ કોને થયાં ?

૩૩. સભાશિક્ષક ૧૨માંની ઉપમાઓ
૩૪. નોદ દેશમાં ક્યા લોકો હતા ?
૩૫. 'આત્મા' એટલે શું ?
૩૬. આપણે પોતપોતાનું તારણ પોતે જ સાધી લેવાનું છે ?
૩૭. પરીક્ષણમાં કોણ નાખે ? - શેતાન કે ઈશ્વર ?
૩૮. બે સુધારા
(૧) પ્રે.કૃ.૧૯:૧૬, (૨) યશાયા. ૪૦:૨૮.
૩૯. બાઇબલમાં 'ડાયનાસોર' વિષે કંઈ જ નોંધ કેમ નથી ?
૪૦. બાપ્તિસ્મા અને તારણ (મુક્તિ) પ્રશ્ન ૨૮
(પૃ.૭૨-૭૩થી ચાલુ
૪૧. સમ (શપથ) ખાવા કે નહિ ?

## ભાગ - ૫

૧. ખ્રિસ્તવિરોધી કોણ છે ?
૨. જગતના અંતની શી નિશાની ?
૩. ઉત્પત્તિ ૪૯:૧૦નો શો અર્થ થાય ?
૪. ગણના ૨૪:૧૭માં બલઆમ કોના વિષે કહે છે ?
૫. ''એક કાનો અથવા એક માત્રા જતી રહેશે નહિ.'' એટલે શું ?
૬. ''અનંતકાળનો નાશ'' એટલે શું ?
૭. આપણાં પ્રભુમંદિરો (દેવળો) પવિત્ર સ્થળો છે ?
૮. ''આકાશમાંના રાજ્ય પર બળાત્કાર'' એટલે શું ?
૯. માર્ક ૬:૧માં અમુક ભાગ કેમ પડતો મૂકાયો છે ?
૧૦. નાતાલ અને X-Mas નો અર્થ શો ?
૧૧. યહોવા કોણ ?
૧૨. 'ઓરડી' કે 'ઓરડીઓ' (ઉત્પત્તિ ૬:૧૪)
૧૩. નૂહના વહાણમાં આટલાં બધાં પ્રાણીઓ - પંખીઓ સમાઈ શકે ખરાં ?

૧૪. ખ્રિસ્તનો અભિષેક ક્યારે થયો ?
૧૫. મૂસાના શબની શી તકરાર હતી ? (યહૂદા ૧:૯)
(જૂઓ : ૨૮)
૧૬. પિત્તળના ઢાળેલા સમુદ્રનું માપ ખોટું ?
૧૭. પ્રભુના પુનરાગમનની હજી વાર છે ?
૧૮. "અગાઉ થયેલાં પાપ" ક્યાં ? (રોમન ૩:૨૫)
૧૯. પત્નીએ પતિને આધીન રહેવું ?
૨૦. 'મંડળી' એટલે શું ?
૨૧. પ્રાર્થના કોને સંબોધવી ?
૨૨. શું પ્રભુ ઈસુ ભારત આવ્યા હતા ? શું એમની કબર કાશ્મીરમાં છે ?
૨૩. શું પ્રભુ ઈસુ ભારત આવ્યા હતા ? (ચાલુ)
૨૪. પ્રભુ ઈસુ ભારત બે વખત આવ્યા ?
૨૫. 'આદિકરણ' એટલે શું ? (પ્રકટી. ૩:૧૪)
૨૬. 'નાશ' એટલે શું ? (યોહાન ૩:૧૬)
૨૭. યહૂદીઓના પંથો અને ન્યાયની અદાલતો
૨૮. મૂસાના શબ વિષે તકરાર (જુઓ નં.૧૫)
૨૯. 'અંકુર' એટલે શું ?
૩૦. 'બે પર્વતો વચ્ચેથી ચાર રથો' શું છે ? (ઝખા ૬:૧-૮)
૩૧. "શિનઆર' ક્યો દેશ ?
૩૨. ઝખાર્યા ૧૩:૮-૯માં ત્રીજો ભાગ શું છે ?
૩૩. 'હુસ્સાબ' એટલે શું (નાહૂમ ૨:૭)
૩૪. "સિયોન ખેતરની પેઠે ખેડાશે" આ ભવિષ્યવચન ક્યા સમય માટે છે ?
૩૫. યશાયા ૬૧:૪-૫માં કોની પુનઃસ્થાપના વિષે આપ્યું છે ?

૩૬. ''સમયોની સંપૂર્ણતાની વ્યવસ્થા'' ક્યારે ?

૩૭. પ્રકટીકરણ ૧:૪માંના ''સાત આત્મા'' શું છે ?

૩૮. આપણે સ્વર્ગમાં ત્રૈએક ઈશ્વરને જોઈશું ?

૩૯. યાકૂબ કુટુંબનાં કેટલાં માણસ મિસર ગયાં ?

૪૦. યહોશાફાટનું બે પ્રકારનું વર્તન-એમાં ખરું ક્યું ?

૪૧. યૂસફને ઈસુની પૂર્વછાયા ગણી શકાય ?

૪૨. યિર્મેયા કે ઝખાર્યા ? (માથ્થી ૨૭:૯)

૪૩. સિરકો શું છે ?

૪૪. નિકોલાયતીઓ અને બલઆમ શું છે ?

૪૫. પ્રભુ ઈસુએ ક્યારે બાપ્તિસ્મા આપ્યું ?

૪૬. સ્વર્ગમાં જમવાનું હશે ?

૪૭. લગ્નના પોશાક વગરનો માણસ

૪૮. આકાશના રાજ્યની ચાવીઓ પિતરને આપી છે ?

## ભાગ - ૯

૧. ''ઊંઘેલા સંતોનાં ઘણાં શરીર ઊઠ્યાં''

૨. સિત્તેર કે બોત્તેર શિષ્યો મોકલ્યા ?

૩. મૃત્યુ બધાંને માટે છે ?

૪. ફારગતી પછી લગ્ન થઈ શકે ?

૫. પગ ઢાંકવા !

૬. સીતર્સ !

૭. યુરાક્યુલોન !

૮. ૨ શમુએલ ૨:૨૭

૯. ૨ શમુએલ ૩:૯

૧૦. પુંમૈથુનીઓ !

૧૧. પ્રાર્થના માત્ર ખાનગી ઓરડીમાં જ થઈ શકે !

૧૨. ''બાઈબલ'' એટલે શું ?
૧૩. પીતરને સ્વર્ગમાં તથા પૃથ્વી પર બાંધવા છોડવાની સત્તા છે ?
૧૪. બાઈબલમાં વારંવાર આવતા 'અધિકારીઓ' અને 'સત્તાધારીઓ' કોણ ?
૧૫. કેટલા ઈઝરાયલીઓ મિસરમાંથી નીકળ્યા ?
૧૬. ઈસુ ખ્રિસ્ત કે ખ્રિસ્ત ઈસુ ?
૧૭. પ્રકટીકરણની સાત મંડળીઓ હાલ હયાત છે ?
૧૮. ઈશ્વર એક ? કે બે ?
૧૯. અયૂબનો બનાવ ક્યારે બન્યો ?
૨૦. પ્રભુ ઈસુ સ્વર્ગથી આવેલા અને ઈશ્વરપુત્ર હતા તેથી શી ખાતરી ?
૨૧. ''તારા પોતાના ટાંકામાંથી પાણી પી,'' એટલે શું ?
૨૨. 'ફળ' એટલે શું ?
૨૩. ''અઝાઝેલ માટેનો બકરો'' એટલે શું ?
૨૪. ઈસુને પવિત્ર આત્મા મળ્યો, અને ઈસુએ પવિત્ર આત્મા મોકલ્યો તે વિષે.
૨૫. 'સાન્હેદ્રિન' એટલે શું ?
૨૬. બદામડીનો ફણગો !
૨૭. પ્રબોધકોના પુત્રો !
૨૮. ''તેને ભયના રાજાની હજૂરમાં લાવવામાં આવશે.''
૨૯. બેલ્યાલ !
૩૦. તામ્મૂઝ !
૩૧. ખોળો ખંખેરી નાખવો !
૩૨. માહેર-શાલાલ-હાશ-બાઝ !
૩૩. શું પ્રભુની ઈચ્છા પ્રમાણેની જ પ્રાર્થના સાંભળવામાં આવે છે ?

૩૪. સર્વ ઈસુને નામે ક્યારે ઘૂંટણે પડશે, અને દરેક જીભ ક્યારે કબૂલ કરશે કે 'ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે' ?
૩૫. જો ઈશ્વર દુષ્ટતા જોઈ શક્તા નથી, તો શેતાન કેવી રીતે તેમની હજૂરમાં જાય ?
૩૬. ઈશ્વરની પ્રતિમામાં સંતોષ !
૩૭. મૃત્યુ પછી સુવાર્તા સાંભળવાની તક મળે ખરી ?
૩૮. અબ્રાહમનાં સંતાન આકાશનાં તારાઓ અને રેતીના કણ જેટલાં હતાં ખરાં ?
૩૯. "ઈશ્વરનું રાજ્ય" અને "આકાશનું રાજ્ય" એ બે એક જ કે અલગ અલગ ?
૪૦. સાત મંડળીઓનાં નામનો અર્થ શો ?
૪૧. બાઈબલમાં આપેલા ત્રણ પ્રકારના દિવસોનો શો અર્થ થાય છે ?
૪૨. હિબ્રૂ ૬:૧ – ૨નો શો અર્થ થાય ?
૪૩. ફિલિપી ૩:૧૭ – ૨૦માં જણાવેલા બધા ખ્રિસ્તીઓ તારણ પામશે ?
૪૪. પીતરના પહેલા પત્રના ૧:૪માં આપેલા "વતન" નો અર્થ શો ?
૪૫. ઘંટી કે ગધેડાઘંટી ?
૪૬. સાપ ધૂળ ખાય છે ?
૪૭. પ્રકટીકરણના બે સાક્ષીઓ કોણ ?
૪૮. સાત વર્ષના વિપત્તિકાળમાં પૃથ્વી પર પવિત્ર આત્મા હશે ? અને ખ્રિસ્તને અનુસરનારા લોકો હશે ?
૪૯. શા માટે પ્રભુ મૂસાને મારી નાખવા ઈચ્છે છે ?
૫૦. ગેથસેમાનેમાં પિતાના હાથે પ્યાલો અને પ્રભુ ઈસુનું કષ્ટ !
૫૧. માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરા !

૧. ધનભંડાર સમું અજાયબ મૃત સરોવર
૨. શિષ્યોને પવિત્ર આત્મા ક્યારે મળ્યો ?
૩. શું પુત્રપ્રસવ દ્વારા સ્ત્રી તારણ પામી શકે ?
૪. 'જીવનનું પુસ્તક' શું છે ?
૫. દુઃખ અથવા અનિષ્ટના પ્રશ્નોનો શો ખુલાશો ?
૬. સાપ ધૂળ ખાય ?
૭. ઈસુએ ''આવીને પોતાને ખાલી કર્યો'' એટલે શું ?
૮. પાઉલને ''દેહમાં કાંટો'' એ શું હતું ?
૯. ઈશ્વરને જાતિ હોઈ શકે ?
૧૦. સિત્તેર અઠવાડિયાં સંબંધીનું ભવિષ્યવચન
૧૧. ''સંપૂર્ણ થયું'' એટલે શું ?
૧૨. ઈસુની કૂખ વીંધી તે આપણે માટે જરૂરી હતું ?
૧૩. પ્રેમ અને હેત વચ્ચે શો તફાવત ?
૧૪. કુરાનમાં ઈસુના જન્મ વિષે
૧૫. વેંગણાનું મહત્ત્વ શું ?
૧૬. ''ખ્રિસ્તી સંપૂર્ણતા એટલે શું ?
૧૭. માથ્થીના પહેલા અધ્યાયમાં આપેલી વંશાવળી વિષે
૧૮. ''પાપીઓ અને દાણીઓ'' કોણ ?
૧૯. સમરૂનીઓ કોણ હતા ?
૨૦. ''જગતનો અધિકારી'' કોણ ?
૨૧. ગાઝાપટ્ટીમાં બનતા બનાવો અને ભવિષ્યવાણીઓનો શો સંદર્ભ છે ?
૨૨. સૂર્ય કાળો અંધકારરૂપ થઈ જશે કે સાતગણો પ્રકાશિત બનશે ?
૨૩. પુનરુત્થાનનાં શરીરો
૨૪. પુનર્જન્મ વિષે વધારે ખુલાસો

૨૫. દેહના નાશને સારુ શેતાનને સોંપવો એટલે શું ?
૨૬. મરણકારક પાપ એટલે કેવું પાપ
૨૭. ખ્રિસ્તને સોંપાયેલા માણસના પાપનું પરિણામ
૨૮. ઈશ્વર તરફથી દુષ્ટ આત્મા ?
૨૯. "ઈસુ ભારતમાં કદી જ આવ્યા નથી ?"
૩૦. પૃથ્વીને ૬૦૦૦ વર્ષ ક્યારે પૂરાં થશે ?
૩૧. પ્રભુ ઈસુનો જન્મ કઈ સાલમાં થયો ?
૩૨. ગગનગમન વિષે પ્રભુ ઈસુએ કેમ કશું કહ્યું નથી ?
૩૩. સાચે જ જમણો હાથ કાપી નાખવો ?
૩૪. ઈસુનું નામ જૂના કરારમાં નથી ?
૩૫. પહેલી તેમ જ છેલ્લી ભૂલ કઈ ?
૩૬. આત્મઘાત કરનારો સ્વર્ગે જાય કે નર્કે ?
૩૭. ખ્રિસ્તી કન્યા એટલે કોણ ?
૩૮. ઈઝરાયલનાં ભજનસ્થાન ક્યાં અને કેટલાં ?
૩૯. જૂઠું બોલનાર આત્માને ઈશ્વર સફળતા બક્ષે ?
૪૦. પ્રભુ ઈસુએ પુનરુત્થાન બાદ પોતાને અડવાનું મરિયમને કેમ ના પાડ્યું ?
૪૧. રાહાબ જૂઠું બોલી તોયે તેનો બચાવ કેમ થયો ?
૪૨. ત્રીજે દિવસે કબરે જવાની પ્રથા કેવી રીતે થઈ ?
૪૩. સભામાં સ્ત્રીઓએ માથે ઓઢવાની વાતમાં દૂતોની વાત શા અર્થમાં લાવવામાં આવી છે ?
૪૪. જટામાંસી એટલે શું ?
૪૫. જુદા જુદા સમયે આવેલા મજૂરોને સરખું વેતન ?
૪૬. ઈશ્વર તરફથી દુષ્ટ આત્મા હોઈ શકે ?
૪૭. નૂહના વહાણમાં લેવા માટે જેમ પશુઓના શુદ્ધ-અશુદ્ધ ભાગ પાડયા, તેમ પક્ષીઓના પાડ્યા કે નહિ ?
૪૮. કપાળ ભૂષણ એટલે શું ?

## ભાગ - ૮

૧. ઈશ્વર તરફથી દુષ્ટ આત્મા હોઈ શકે ?
૨. નૂહના વહાણમાં લેવા માટે જેમ પશુઓના શુદ્ધ-અશુદ્ધ ભાગ પાડ્યા, તેમ પક્ષીઓના પાડ્યા કે નહિ.
૩. કપાળભૂષણ એટલે શું ?
૪. ઉરીમ અને તુમ્મીમ શું છે ?
૫. બાઈબલમાં અમુક સંખ્યાને મહત્વ
૬. જયેષ્ઠપણું વેચાતું લઈ શકાય ?
૭. ગાલીલમાંથી કોઈ પ્રબોધક નથી ?
૮. ભલુંભૂંડૂં જાણવાનું અને જીવનનું વૃક્ષ એટલે શું ?
૯. ભલું ભૂંડૂં જાણવાના વૃક્ષ વિષે વધુ
૧૦. ભલું ભૂંડૂં જાણવાના વૃક્ષ વિષે વધુ
૧૧. મેલ્ખીસેદેક કોણ છે ?
૧૨. નાતાલ ઊજવવી કે ન ઊજવવી ?
૧૩. ઈશ્વરનું સદેહ થવું એટલે શું ?
૧૪. પ્રથમજનિત
૧૫. 'ય'ને બદલે 'જ' કેમ ?
૧૬. શરીર પર પ્રભુ ઈસુનાં ચિહ્નોની છાપ
૧૭. દિવસની વ્યાખ્યા
૧૮. યાકોબની પ્રજાની મિસર ગુલામી ૪૦૦ વર્ષની કે ૪૩૦ વર્ષની ?
૨૦. ધુમાતી સગડીને બળતી મશાલ એ શું છે ?
૨૧. પ્રકટીકરણના ૨૪ વડીલો કોણ ?
૨૨. સૂર્ય અને ચંદ્ર થંભી જાય શું ?
૨૩. મૃત્યુ પામેલાંની સદગત્તિ કે શાંતિ માટે પ્રાર્થના કરી શકાય ?
૨૪. શારોન ક્યાં આવ્યું ?

૨૫. શું પ્રભુ ઈસુ આખા જગતને માટે મોકલવામાં આવેલ કે ફક્ત ઈઝરાયલ લોકો માટે જ ?
૨૬. વ્યાજ લેવું-આપવું વ્યાજબી છે ?
૨૭. બાપ્તિસ્મા
૨૮. પવિત્ર આત્માનો માણસ સાથેનો ટૂંક મુદતી અને કાયમી વસવાટ
૨૯. ખ્રિસ્ત બંદીખાનામાં ગયા કે પારાદૈસમાં ?
૩૦. "બે હજાર ત્રણસો સાંજ સવાર" એ ક્યા સમયની ગણતરી છે ?
૩૧. ૧૨૯૦ દિવસ અને ૧૩૩૫ દિવસની ગણતરી શી છે ?
૩૨. અનીતિવાનની પ્રાર્થના સાંભળવામાં આવે ?
૩૩. માથા પર હાથો મૂકવાની ક્રિયા
૩૪. અબ્રાહામનાં સંતાન આકાશના તારાઓ અને રેતીના કણ જેટલા હતાં ખરાં ?
૩૫. અયૂબનો વ્યાધિ ક્યો ?
૩૬. જ્યુબિલી
૩૭. પુરીમ પર્વ
૩૮. ભૂંડાઈના હયાતી ઈશ્વર કેમ ચાલવા દે છે ?
૩૯. ખ્રિસ્તી માણસનો આત્મા ક્યાં જાય છે ?
૪૦. ઉપવાસની જરૂર ખરી ?
૪૧. યરેખો શહેર ક્યારે જિતાયું ?
૪૨. પ્રેરિત પાઉલનાં લખાણો અઘરાં છે ?
૪૩. "અંત સુધી ટકી રહેશે તે તારણ પામશે" એટલે શું ?
૪૪. ઈસુના પગે અત્તર ચોળતી 'એક પાપી સ્ત્રી' અને 'મરિયમ' એ બંને એક જ સ્ત્રી છે ?
૪૫. ઈશ્વરે ફારૂનનું હૃદય હઠીલું કર્યું ?
૪૬. વિપત્તિના દિવસોમાં મંદિર ફરી બંધાશે ?
૪૭. પુંમૈથુન એ પાપ છે ?
૪૮. ઉદ્ધાર કરે એવું એક નામ.

## ભાગ - ૯

૧. યરેખો શહેર ક્યારે જિતાયું ?
૨. પ્રેરિત પાઉલનાં લખાણ અઘરાં છે ?
૩. "અંત સુધી ટકી રહેશે તે તારણ પામશે" - એટલે શું ?
૪. "જો જગા તૈયાર કરીશ..." એ સંશાયાર્થ કેમ ?
૫. ઈસુના જન્મ સમયની વસતી ગણતરી ક્યારે થઈ ?
૬. પ્રભુ ઈસુને ભાઈબ્હેનો હતાં ?
૭. લોહીની સગાઈમાં લગ્ન લાભદાયી કે હાનિકર્તા ?
૮. રણશિંગડાના પર્વ વખતે ચાંદીનાં રણશિંગડાં કે ઘેટીના શિંગના રણશિંગડા વગાડવામાં આવતાં ?
૯. પૃથ્વી ઉપર પ્રભુ ઈસુનું એક હજાર વર્ષનું રાજ્ય કેવું હશે ?
૧૦. "માંસ તથા રક્ત" ઈશ્વરના રાજ્યોનો વારસો પામી શક્તા નથી.
૧૧. પવિત્ર આત્માનું "બાપ્તિસ્મા" અને "ભરપૂરીપણું" એટલે શું ?
૧૨. ઈશ્વરે આકાશ તથા પૃથ્વી છ દિવસમાં બનાવ્યાં કે છ યુગમાં ?
૧૩. શું બાઇબલનાં બધાં જ વિધાનો ચોક્કસ ખરાં છે ?
૧૪. પૃથ્વીની ઉંમર કેટલી ?
૧૫. ઈશ્વરની પ્રેરણાથી બાઇબલ લખાયું, એટલે શું ?
૧૬. ઈઝરાયલપુત્રો જાંગના સાંધા પરનો સ્નાયુ ખાતા નહોતા ?
૧૭. "એક કુશી સ્ત્રી" - એ કોણ ?
૧૮. મેલ્ખીસેદેક કોણ હતો ?
૧૯. ઈશ્વરના શબ્દ યા વચનોને બાઇબલમાં આપેલી ઉપમાઓ.
૨૦. કુંવારી દ્વારા પ્રભુ ઈસુનો જન્મ.
૨૧. દક્ષિણ ભારતની મંડળી કઈ તરફ જઈ રહી છે ?
૨૨. 'જુઓ, હું થોડીવારમાં આવું છું' એનો ખુલાસો.
૨૩. બીજા સાત અશુદ્ધ આત્માઓને લઈને પાછા આવેલા અશુદ્ધ આત્મા વિષેનો ખુલાસો

૨૪. "ત્રીજે દિવસે" કે "ત્રણ દિવસ પછી" ?
૨૫. પ્રભુ ઈસુના તહોમતનામાના શબ્દો
૨૬. સાબ્બાથ શાળા
૨૭. પાસ્ટરેટ
૨૮. અતર્ક્ય
૨૯. યહોવા
૩૦. વંશાવળીઓ – માથ્થી અને લૂકમાં
૩૧. લાવરીઓ
૩૨. પ્રભુ ઈસુના સિત્તર શિષ્યો કે બોંતેર ?
૩૩. પ્રભુ ઈસુને કેટલા વાગે ક્રૂસ પર જડવામાં આવ્યા ?
૩૪. "તે અધઃસ્તાનમાં ઊતર્યો" એટલે શું ?
૩૫. "તે અધઃસ્તાનમાં ઊતર્યો" એટલે શું ? (ચાલુ)
૩૬. "તે અધઃસ્તાનમાં ઊતર્યો" એટલે શું ? (ચાલુ)
૩૭. પ્રભુ ઈસુનાં ચિત્ર કે ક્રૂસ ઘરમાં રાખવાં એ મૂર્તિપૂજા છે ?
૩૮. દેવ કે ઈશ્વર કે પરમેશ્વર
૩૯. ઈસુ બાપ કહેવાય ?
૪૦. 'ભગવાન' શબ્દ વાપરી શકાય ?
૪૧. યહૂદીઓનાં બાર કુળ કે તેર ?
૪૨. "હવે યહોવા દેવનાં બનાવેલાં ખેતરનાં સર્વ જાનવરો કરતાં સર્પ ધૂર્ત હતો ?"
૪૩. 'ઈસ્વીસન' ક્યારથી શરૂ થઈ ?
૪૪. તીડો ખાઈ શકાય ?
૪૫. માતા મરિયમ 'નિષ્કલંક' અને 'નિષ્પાપ' હતાં ?
૪૬. માતાના લોહી દ્વારા પ્રભુ ઈસુમાં પાપ પ્રવેશ્યું નહિ હોય ?
૪૭. "તે વિશ્રામવાર (સાબ્બાથ) મોટો હતો."
યોહાન ૧૯:૩૧.
૪૮. "પ્રભુ ઈસુના જીવન સંબંધી બહારની સાક્ષી -

૪૯. પરીક્ષણ, પરીક્ષા, પ્રલોભન, કસોટી
૫૦. પ્રભુ ઈસુને પરીક્ષણ આવી શકે ?
૫૧. પ્રભુ ઈસુનાં પરીક્ષણો
૫૨. 'અમને પરીક્ષણમાં ન લાવ.'
૫૩. ''પ્રભુ ઈસુને નામે માગીએ છીએ.''

## ભાગ-૧૦

૧. મા-બાપ, ભાઈ-બહેન અને પત્નીનો દ્વેષ કરવાનું કેમ કહ્યું છે?
૨. 'છોકરો' અને 'પુત્ર' ! યશાયા ૯:૬
૩. મોશે - ઉત્ત્પત્તિના પુસ્તકનો લેખક ?
૪. આકાશ અને પૃથ્વી ક્યારે બનાવ્યાં ?
૫. 'યહોવાનો દૂત'
૬. ઉત્પત્તિના સાત દિવસ કેટલી લંબાઈના ?
૭. જળપ્રલયનો વિસ્તાર કેટલો ?
૮. 'આકાશનું રાજ્ય' એટલે શું ?''
૯. નૂહના દીકરાઓથી થયેલી નવી દુનિયા
૧૦. બાઈબલના મર્મો
૧૧. આકાશના રાજ્યના મર્મો દર્શાવતાં દૃષ્ટાંતોના ખુલાસા (માથ્થી ૧૩)
૧૨. 'અનંતકાળનો નાશ' એટલે શું ?
૧૩. 'તારણ' વિષે કેટલાક ખુલાસા
૧૪. ઈશ્વર આફત મોકલે છે ?
૧૫. કેટલાક ખુલાસા
સિમોન કનાની (માર્ક ૩:૧૮)
વિધિયાનુસાર (માર્ક ૭:૩)
'અને જ્યારે જોગવાઈનો દિવસ આવ્યો ત્યારે' (માર્ક ૬:૨૧)
કર્તા-હર્તા (૧ કોરિંથી ૧૧:૬)

૧૬. પ્રભુ ઈસુની કૂખમાં ભાલો
૧૭. 'સર્વ પ્રજાઓને સાક્ષીરૂપ થવા સારુ રાજ્યની આ સુવાર્તા આખા જગતમાં પ્રગટ કરાશે, અને ત્યારે જ અંત આવશે.' (માથ્થી ૨૪:૨૭)
૧૮. શેતાન ક્યાંથી આવ્યો ?
૧૯. શેતાન વિષે વધુ માહિતી
૨૦. ગેથસેમાનેમાંના જૈતૂન વૃક્ષો જ્યાં પ્રભુ ઈસુએ પ્રાર્થના કરેલી.
૨૧. મંડળી અને પેરા-ચર્ચ સંસ્થાઓ
૨૨. દશાંશ કોને કેટલું આપવું ?
૨૩. અત્રે રજૂ કરેલા ચારેય પ્રશ્નો અને તેના જવાબો જુદા જુદા સ્થળે આવેલાં લખાણોને લગતા છે.
૨૪. યરેખોનો કોટ કેવી રીતે તૂટ્યો ?
૨૫. ઈઝરાયલ લોકોએ ઓળંગેલો સમુદ્ર
૨૬. "સૂર્ય અંધકારરૂપ અને ચન્દ્ર લોહીરૂપ થઈ જશે."
૨૭. યુફ્રેટિસ નદી અને પ્રભુનું પુનરાગમન
૨૮. સસલું વાગોળે છે ? (લેવીય ૧૧:૬)
૨૯. ઉત્પત્તિના પહેલા અને બીજા અધ્યાયમાં "સૃષ્ટિની ઉત્પત્તિનાં બે વૃત્તાંત છે." - એ ખરી વાત ?
૩૦. રાહેલ મૂર્તિપૂજક હતી ? ઉત્ત્પત્તિ ૩૧:૩૪.
૩૧. લ્યુસિફર
૩૨. પ્રભુ ઈસુ મહિમાવંતા શરીરે ઊઠયા કે ભૌતિક (પ્રાણી) શરીરે ?
૩૩. શરીર, પ્રાણ અને આત્મા એટલે શું ?
૩૪. ઈશ્વરને જોઈને કોઈ માણસ જીવતો રહી શકે ?

## ભાગ - ૧૧

૧. શેતાન અને પાપનું અસ્તિત્વ ૧
૨. જળપ્રલયનો વિસ્તાર અને પાણીનું ઓસરવું ૩

૩. ગેપ થિયરી (અવકાશ મત) ૫
૪. ઈશ્વર, શેતાન અને યોબ (અયૂબ) વચ્ચે વાદવિવાદ અને સંવાદ ૬
૫. સમરુની સ્ત્રીના પૂર્વજ ૯
૬.. બોળ, અગર ૧૧
૭. યહૂદી પ્રજા માટે તારણનો નવો ઝરો ખોલવામાં આવશે ? ૧૩
૮. દેવ કે ઈશ્વર કે પરમેશ્વર ? ૨૩
૯. ઈસુબાપ કહેવાય ? ૨૬
૧૦._ ભગવાન શબ્દ વાપરી શકાય ? ૨૮
૧૧. ત્રીજું વિશ્વયુદ્ધ, કાળિંગો અને નકલંક અવતાર ૨૯
૧૨. પ્રભુ ઈસુના પુનરાગમન સમયે શું શું થશે ? ૩૭
૧૩. પવિત્ર આત્માના નામે પ્રાર્થના કરી શકાય ? ૪૧
૧૪. ખ્રિસ્ત વિરોધી જન્મ્યો છે ? ૪૨
૧૫. ગુજરાત સમાચાર તા. ૨૯ – ૬ – ૯૭ની રવિપૂર્તિમાં
''જૈનધર્મ અને ઈસુખ્રિસ્ત'' એ વિષે ૪૩
૧૬. પુંસ્તકો (ખ્રિસ્તીધર્મને લગતાં) ૪૮
૧૭. પુનરુત્થાનમાં પરણવા – પરણાવવાનું નથી ? ૫૩
૧૮. બાઇબલમાં આપેલી વસ્તીગણતરી વિષે ૬૨
૧૯. યુફ્રેટિસ નદી અને પ્રભુનું પુનરાગમન ૬૫
૨૦. ખ્રિસ્તવિરોધીનો નાશ ૭૦
૨૧. ઈસુ વિષેની ભવિષ્યવાણી આખી દુનિયામાં ૭૩
૨૨. પિતરને સ્વર્ગમાં તેમ જ પૃથ્વી પર બાંધવા છોડવાની
સત્તા છે. ૭૯
૨૩. રોમન બાદશાહોનાં નામ ૮૩
૨૪. શામશૂનનું પરાક્રમ ૮૬
૨૫. ગુજરાત સમાચાર કંઈક નવું એ શિર્ષક હેઠળ..
નકલંક અવતાર ૮૮

૨૬. બાઈબલ આખું ચમત્કારોથી ભરેલું છે. ૯૬
૨૭. ચમત્કારો ઈશ્વર કરે છે કે શેતાન ? ૯૭
૨૮. દરેક કુળમાંથી બધા મળીને ૧૪૪૦૦૦ ૯૮
મુદ્રિત કરવામાં આવ્યા. પ્રકટીકરણ ૭:૪ – ૮ ફક્ત
દાનના કુળમાંથી કેમ મુદ્રિત કરવામાં આવ્યા નથી ?
૨૯. યરુશાલેમના કોટના દરવાજામાંથી જે સુવર્ણ દરવાજા
તરીકે ઓળખાતો હતો... એ દરવાજો ઘણાં વર્ષોથી
બંધ જ છે તેનું શું કારણ તે જણાવશો ?
૩૦. પ્રભુ ઈસુની ભવિષ્યવાણી માથ્થી ૨૪:૨ કેવી
રીતે પૂરી થઈ છે ? ૧૦૧
૩૧. શિષ્યોને પવિત્ર આત્મા ક્યારે મળ્યો ? ૧૦૨
૩૨. શું પુત્રપ્રસવ દ્વારા સ્ત્રી તારણ પામી શકે ? ૧૦૩
૩૩. જીવનનું પુસ્તક શું છે ? ૧૦૪
૩૪. પ્રકટીકરણ ૭:૪, ૧૪:૩, એમ બે જગ્યાએ ૧૦૬
આ વિગત આપવામાં આવી છે ત્યાં એક લાખ
ચુમાળીસ હજારને કુંવારા લખવામાં આવ્યા
છે તે સમજાવશો.
૩૫. "તે વિશ્રામવાર (સાબ્બાથ) મોટો હતો"
યોહાન ૧૯:૩૧ ૧૦૯
૩૬. પ્રભુ ઈસુના જીવનસંબંધી બહારની સાક્ષી ૧૧૩
૩૭. મૂર્છા અથવા Slaying of the Spirit
(આત્માનો ઘા) એ વિષે સમજાવશો. ૧૧૫
૩૮. પ્રભુનું પુનરાગમન અને યરુશાલેમના બનવો ૧૧૮
૩૯. આપણાં અગાઉનાં વહાલાંઓને પ્રભુના પુનરાગમન
વખતે આપણે પાછાં મળીશું. ૧૨૦
૪૦. ભૂમિ તળેનાં કોણ ? ૧૨૨

## લેખકનાં પુસ્તકો

- બોલતા આંકડા (અનુવાદ)
- શબગુફાનો શહિદ (અનુવાદ)
- વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ) છઠ્ઠી બ્રેઈલમાં
- ગુજરાતી બાઈબલનો ઈતિહાસ
- બાઈબલ કોણે લખ્યું ? ડ્રામા
- ખ્રિસ્તી શિષ્યપણું - કઠણ માર્ગ (અનુવાદ)
- ચોથા માગીની કથા (અંગ્રેજીને આધારે)
- અજાયબ ભવિષ્યવચનો - મુક્તિ યોજનાનાં સાત પર્વ
- ઈસુ જીવન દર્શન - સચિત્ર (બાળકો માટે)
- અનોખી ઈઝરાયલ પ્રજા (ચાર આવૃત્તિ)
- ઈસુ જીવન દર્શન - સચિત્ર (બાળકો માટે)
- અનોખી ઈઝરાયલ પ્રજા (ચાર આવૃત્તિ)
- બાઈબલ અભ્યાસ (બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ (ભાગ ૧ થી ૧૧) પહેલા અને બીજાનું પુનર્મુદ્રણ
- માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો ? (ટ્રાક્ટ) બ્રેઈલમાં પણ
- યરુશાલેમનું મંદિર બંધાશે ? ક્યારે ? ક્યાં ? કેમ ? (બે આવૃત્તિ)
- દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન (પુનર્મુદ્રણ)
- પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન
- રશિયા, ઈઝરાયલ અને બાઈબલ (બીજી આવૃત્તિ)
- ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ (ચાર્ટસ)
- માર્ગદર્શિકા (ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ)
- બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ (ભાગ ૧)
- બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ (ભાગ ૨)
- જોષ જોવાનું પાપ (બીજી આવૃત્તિ)
- બાઈબલનો શબ્દકોશ
- આપણાં મધુરાં ગીતોના અધૂરા ઈતિહાસ (શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)
- ઈસુના પગલે પગલે
- અનેક માની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ (શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)
- બાઈબલનો ગુજરાતી તરજુમો અને ઈશ્વરે પોતે ઉચ્ચારેલાં નામ
- માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે ?
- તમારા સંજોગોના સંચાલક
- ખાલી કબરનો ચુકાદો
- વિશ્વવ્યાપી જળપ્રલય